RNI NO GUJ/GUJ/2005/23890

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

AMRELI
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવ સામે લીલીયા રોડ, અમરેલી.

● સંવત ૨૦૮૨ આસો સુદ -૧૦ મંગળવાર તા.૨૦-૧૦-૨૦૨૬ અંક : ૨૪૬ વર્ષ : ૨૧ email :rajkot@aaspassindia.com કિંમત રૂા. ૨-૫૦ પાના - ૮

સમય સાથે સમાજ અને સંસ્કારોમાં પણ પરિવર્તન જરૂરી: ભાગવત

નાગપુર સ્થિત સંઘ મુખ્યાલયમાં વિજયાદશમી ઉત્સવનિમિતે શસ્ત્ર પૂજન બાદ ભાગવતનું સંબોધન

નાગપુર, વિશ્વમાં વધી રહેલા ભૂ-રાજકીય તણાવ, આર્થિક અનિશ્ચિતતા અને પર્યાવરણના પડકારો વચ્ચે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રમુખ મોહન ભાગવતે ભારતીય પરંપરા, સંસ્કારો અને સામાજિક એકતાના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે બદલાતા સમય સાથે આપણે પણ બદલાવું જોઈએ, પરંતુ પરિવર્તનની સાથે આપણા મૂળભૂત મૂલ્યો અને સંસ્કારોને જાળવી રાખવા જરૂરી છે.તેમ આજે સંઘના સ્થાપ્રા દિવસ અને વિજયાદશમી નિમિતે નાગપુર સ્થિત સંઘના મુખ્ય કાર્યાલયે શસ્ત્રા પૂજન બાદ મોહન ભાગવતે પોતાનું સંબોધન કર્યું હતું.

મોહન ભાગવતે કહ્યું કે અગાઉ વ્યક્તિને આચરણ અને જીવનમૂલ્યોની શીખ પડોશીઓ, પુસ્તકો અને સમાજમાંથી મળતી હતી, પરંતુ ધીમે ધીમે આ પરંપરા નબળી પડી રહી છે. વિવેક વિના યોગ્ય અને અયોગ્ય વચ્ચેનો ભેદ સમજવો મુશ્કેલ બને છે, જેના કારણે ખોટા આચરણનાં પરિણામો ભોગવવાં પડી શકે છે.

દારૂબંધીના પ્રચાર માટે અધિકારીઓ ગામમાં ગયા ત્યારે તેમણે દારૂના ગ્લાસમાં કીડા નાખીને લોકોને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, એક દારૂડિયાએ એવો જવાબ આપ્યો કે આ રીતે તો પેટના કીડા પણ મરી જશે. આ ઉદાહરણ દ્વારા ભાગવતે સમજાવ્યું કે માત્ર ઉપદેશ આપવાથી પૂરતું નથી, પરંતુ લોકોમાં યોગ્ય સમજણ અને વિવેક વિકસાવવો પણ જરૂરી છે. નશીલા પદાર્થોના દુષ્પરિણામો જાણતા હોવા છતાં લોકો તેનું સેવન કરે છે, જે ચિંતાજનક બાબત છે. તેમણે વધુમાં જણાવ્યું કે વિશ્વને વિકાસ અને પર્યાવરણ વચ્ચે સંતુલન કેવી રીતે જાળવવું તથા વિવિધતાઓ ધરાવતા સમાજો વચ્ચે સુમેળ કેવી રીતે સ્થાપવો તે અંગે પડકારો છે. ભારતની પરંપરા સમગ્ર વિશ્વને પરિવાર માનવાની રહી છે અને આ દૃષ્ટિકોણ વિશ્વને માર્ગદર્શન આપી શકે છે. ભાગવતે વિવિધતાઓનું સન્માન કરવા, સૌની પ્રતિષ્ઠાની ચિંતા કરવા અને સંયમ તથા ત્યાગપૂર્ણ જીવન જીવવા પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે એકતાનો અભાવ આપણને નબળા બનાવે છે. દેશની સ્વતંત્રતા માટે મહાપુરુષોએ તપસ્યા અને બલિદાન આપ્યાં હતાં. આજે રાષ્ટ્રના વિકાસ અને સમાજની મજબૂતી માટે તેનાથી પણ વધુ સમર્પણની જરૂર છે.

આશુતોષ-સૌરવની કસ્ટડી લંબાવાઇ વધુ બે દિવસ તિહાર જેલમાં જ રહેશે

એસડીએમ કોર્ટોને વિખેરી નાખવી જોઇએ, તેઓ બાંધછોડ કરી રહ્યા છે: રત્ના સિંઘ

નવી દિલ્હી, કોકરોચ જનતા પાર્ટીના આશુતોષ રાન્કા અને સૌરવ દાસ બન્નેની ન્યાયિક કસ્ટડી લંબાવવામાં આવી છે. જેને પગલે પાંચ દિવસ સુધી તિહાર જેલમાં રહેનારા આ બન્નેએ વધુ બે દિવસ આ જ જેલમાં વિતાવવા પડશે. જ્યારે વિદ્યાર્થી નેતા નેહા બોરાએ બોન્ડ માટેની નોટિસ સામે હાઇકોર્ટમાં અરજી કરી છે.

૧૪મી ઓક્ટોબરના દિલ્હીના જંતર મંતરમાં ઘૂસીને તિરંગો લહેરાવવાની ઘટના બાદ કોકરોચ જનતા પાર્ટીના આશુતોષ રાન્કા અને સૌરવ દાસ બન્નેની અટકાયત કરવામાં આવી હતી. બાદમાં બન્ને સામે પ્રતિબંધ છતા જંતર મંતરમાં પ્રવેશવા બદલ ફરિયાદ દાખલ કરાઇ હતી અને પાંચ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલી દેવાયા હતા. સોમવારે બન્નેને તિહાર જેલથી મંદીર માર્ગ પોલીસ સ્ટેશનમાં સ્પેશિયલ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ સમક્ષ હાજર કરાયા હતા. બીજી તરફ સીજેપીના કાયદા બાબતોના હેડ રત્ના સિંઘે કહ્યું હતું કે હાલ જે કઇ જોવા મળી રહ્યું છે કે સર્કસ જેવું છે. ઇરાદાપૂર્વક સૌરવ અને આશુતોષને છોડવામાં નથી આવી રહ્યા. મને લાગી રહ્યું છે કે એસડીએમ કોર્ટોને વિખેરી નાખવી જોઇએ કેમ કે તેઓ બાંધછોડ કરી રહ્યા છે.

કોલંબિયામાં ગેરકાયદે સોનાની ખાણમાં ભૂસ્ખલન, ૧૪ શ્રમિકના થયા કરુણ મોત

ગુનાહિત ગેંગ અને કઠિન ભૌગોલિક પરિસ્થિતિ બચાવ કાર્યમાં બની નડતર રૂપ

કોલંબિયા, દક્ષિણ અમેરિકન દેશ કોલંબિયાના દક્ષિણ-પશ્ચિમ વિસ્તારમાં આવેલી એક ગેરકાયદે સોનાની ખાણમાં ભયાનક ભૂસ્ખલન થતાં ૧૪ લોકોના કરૂણ મોત નીપજ્યા છે, જ્યારે ૭ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. ઈક્વાડોર સરહદ નજીક આવેલા નારિનો નામના વિસ્તારમાં આ અકસ્માત સર્જાયો હતો. સ્થાનિક સુરક્ષા અધિકારીઓએ જણાવ્યું હતું કે કાટમાળમાંથી તમામ મૃતદેહો અને બચી ગયેલા લોકોને બહાર કાઢી લેવાતાં હવે બચાવ કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

સ્થાનિક ગવર્નર કાર્યાલયના જણાવ્યા અનુસાર, દુર્ઘટના સ્થળની કઠિન ભૌગોલિક સ્થિતિ અને આ વિસ્તારમાં સક્રિય ગુનાહિત સશસ્ત્ર જૂથોની હાજરીના કારણે રાહત અને બચાવ ટીમોને ઘટનાસ્થળે

પહોંચવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. સોશિયલ મીડિયા પર સામે આવેલા વીડિયોમાં લોકો અને જેસીબી મશીનની મદદથી ખાણમાંથી મૃતદેહો બહાર કાઢીને નજીકની નદીમાં આવેલી નાની હોડીઓ મારફતે ખસેડવામાં આવતા નજરે પડ્યા હતા. કોલંબિયામાં સરકારી નિયમો અને સુરક્ષા ધોરણોના અભાવે આવી ખાણ દુર્ઘટનાઓ અવારનવાર સર્જાય છે. નારિનો વિસ્તાર ગેરકાયદે ખાણકામ, ડ્રગ્સની તસ્કરી અને વસૂલી ચલાવતા ગેરકાયદે જૂથોનો ગઢ માનવામાં આવે છે.

ઈરાનને નવા સંરક્ષણ મંત્રી મળ્યા, મેહરદાદ કેતાબચીની નિમણૂકને સંસદની મંજૂરી

૨૩૭ સાંસદોએ સમર્થનમાં મત આપ્યો; કેતાંબચીને મિસાઈલ, એરોસ્પેસ અને શસ્ત્ર ઉત્પાદન ક્ષેત્રે લાંબો અનુભવ

નવી દિલ્હી, અમેરિકા અને ઈઝરાયલ સાથેના યુદ્ધ વચ્ચે ઈરાને મેહરદાદ અખલાધી કેતાબચીને નવા સંરક્ષણ મંત્રી તરીકે નિયુક્ત કર્યા છે. રવિવારે ઈરાની સંસદમાં તેમની નિમણૂકને મંજૂરી આપવામાં આવી હતી. ઑનલાઈન મતદાનમાં ૨૩૭ સાંસદોએ તેમના સમર્થનમાં મત આપ્યો હતો, જ્યારે ૧૫ સાંસદોએ વિરોધમાં મત આપ્યો હતો.

યુદ્ધ શરૂ થયા બાદ ઈરાની સંસદની બેઠકો ઑનલાઈન યોજાઈ રહી છે. અહેવાલો અનુસાર, ૨૮ ફેબ્રુઆરીએ અમેરિકા અને ઈઝરાયલના હુમલાઓથી શરૂ થયેલા સંઘર્ષ વચ્ચે ઈરાનના સંરક્ષણ તંત્રમાં આ નિમણૂક મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે.

ઈરાનના અગાઉના સંરક્ષણ મંત્રી અઝીઝ નાસીરઝાદેહ યુદ્ધના પ્રથમ દિવસે માર્યા ગયા હોવાના અહેવાલ છે. આ દરમિયાન ઈરાનના સર્વોચ્ચ નેતા અલી ખામેનેઈ સહિત અન્ય અધિકારીઓનાં પણ મોત થયાં હતાં. ત્યારબાદ મજીદ ઈબ્ન-એ-રેઝાને વચગાળાના સંરક્ષણ મંત્રીની જવાબદારી સોંપવામાં આવી હતી. હવે કેતાબચીની નિમણૂક બાદ ઈબ્ન-એ-રેઝા ઉપસંરક્ષણ મંત્રી તરીકે કામગીરી સંભાળશે.

૬૮ વર્ષીય કેતાબચીને સંરક્ષણ મંત્રાલય અને તેની સાથે સંકળાયેલી સંસ્થાઓમાં ૪૨ વર્ષથી વધુ સમય કામ કરવાનો અનુભવ હોવાનું જણાવાય છે. ઈરાની મીડિયાના અહેવાલો અનુસાર, તેમને મિસાઈલ, એરોસ્પેસ અને શસ્ત્રોના ઉત્પાદન ક્ષેત્રે પણ લાંબો અનુભવ છે. જોકે, અહેવાલો મુજબ કેતાબચી પર આંતરરાષ્ટ્રીય પ્રતિબંધો લાગુ છે અને તેઓ અમેરિકાની પ્રતિબંધિત વ્યક્તિઓની યાદીમાં પણ સામેલ છે. અમેરિકાએ ભારે વજનના બોમ્બથી હુમલા કરવાની ધમકી આપી હોવાના અહેવાલો વચ્ચે તેમણે ઈરાન આવા હુમલાઓનો સામનો કરવા તૈયાર હોવાનો દાવો કર્યો છે.

અમેરિકાનો ઈરાનના કોનાર્ક નેવી બેઝ પર હવાઈ હુમલો

પશ્ચિમ એશિયા યુદ્ધ અરબ સાગર સુધી પહોંચતા હોર્મુઝ ખુલવાની આશા પર પાણી ફર્યું

તહેરાન, અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા સૈન્ય તણાવે હવે અત્યંત ખતરનાક વળાંક લીધો છે. બંને દેશો વચ્ચે રાજદ્વારી વાતચીતના તમામ અંદાજો ખોટા સાબિત થયા છે અને પશ્ચિમ એશિયામાં યુદ્ધની જ્વાળાઓ હવે અરબ સાગર સુધી પહોંચી ગઈ છે. ઈરાન તરફથી ઉત્તર અરબ સાગરમાં અમેરિકન યુદ્ધપોતને નિશાન બનાવવામાં આવ્યા બાદ, અમેરિકાએ ઈરાનના અત્યંત વ્યૂહાત્મક અને મહત્ત્વપૂર્ણ એવા કોનાર્ક નેવી બેઝ પર હવાઈ હુમલો કરી દીધો છે. આ હુમલાને કારણે ફારસ અને ઓમાનની ખાડી વચ્ચે બનેલા ભંવર વચ્ચે હોર્મુઝ સ્ટ્રેટ ખુલવાની આશાઓ પણ સંપૂર્ણપણે ધોવાઈ ગઈ છે.

ઈરાની નૌસેનાના દાવા મુજબ, અમેરિકી સેનાએ મંગળવાર તડકે દક્ષિણ-પૂર્વ ઈરાનના સિસ્તાન અને બલુચિસ્તાન પ્રાંતમાં ઓમાનની ખાડીના તટ પર આવેલા કોનાર્ક નેવલ બેઝ પર હુમલો કર્યો હતો. ચાબહારની ખાડી પાસે અને હોર્મુઝ સ્ટ્રેટના એક્ઝિટ પૉઇન્ટ પર સ્થિત આ નેવી બેઝ પર બે હળવા પ્રોજેક્ટાઈલ દાખલ કરવામાં આવ્યા હતા, જેમાં બે ઈરાની સૈનિકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે. આ હુમલામાં ૩૫ મિલીમીટરની એક તોપને નિશાન બનાવવામાં આવી હતી.

દિલ્હીના દ્વારકામાં ૨૨૧ ફૂટ ઊંચા રાવણનું થશે દહન

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂથી લઈને વડાપ્રધાન મોદી અને રાહુલ ગાંધી સહીત દશેરાની ઉજવણીમાં જોડાશે

નવી દિલ્હી, દેશભરમાં આજે વિજયાદશમીનો તહેવાર ધામધૂમથી ઉજવવામાં આવી રહ્યો છે. દિલ્હીમાં દશેરાની ઉજવણી આ વખતે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની છે. આ કાર્યક્રમમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ મુખ્ય અતિથિ તરીકે હાજરી આપશે.

બીજી તરફ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન અને કોંગ્રેસનાં વરિષ્ઠ નેતાઓ સોનિયા ગાંધી તથા રાહુલ ગાંધી પણ દિલ્હીના અલગ-અલગ વિસ્તારોમાં યોજાનારા દશેરા કાર્યક્રમોમાં સામેલ થશે. દ્વારકા સેક્ટર-૧૦માં દ્વારકા શ્રી રામલીલા સોસાયટી દ્વારા આયોજિત રામલીલાના સમાપન પ્રસંગે ૨૨૧ ફૂટ ઊંચા રાવણના પૂતળાનું દહન કરવામાં આવશે.દ્વારકાની સાથે પૂર્વ દિલ્હી અને લાલ કિલ્લા મેદાનમાં પણ દશેરાના ભવ્ય કાર્યક્રમો યોજાશે. વડાપ્રધાન



નરેન્દ્ર મોદી પૂર્વ દિલ્હીના પટપડગંજ સ્થિત આઈપી એક્સટેન્શન રામલીલા સમિતિના કાર્યક્રમમાં હાજરી આપશે. અહીં રામ-રાવણ યુદ્ધના મંચન બાદ રાવણદહન કરવામાં આવશે. આ કાર્યક્રમની વિશેષતા એ રહેશે કે વડાપ્રધાનની હાજરીમાં નકલી દવાઓના વેપારના પ્રતીકાત્મક પૂતળાનું પણ દહન કરવામાં આવશે. લાલ કિલ્લા મેદાનમાં લવ-કુશ રામલીલા સમિતિના કાર્યક્રમમાં ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન હાજર રહેશે. અહીં રામલીલાના અંતિમ પ્રસંગોના મંચન બાદ રાવણદહન થશે. બીજી તરફ, નવશ્રી ધાર્મિક લીલા સમિતિના દશેરા કાર્યક્રમમાં કોંગ્રેસનાં વરિષ્ઠ નેતા સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી ભાગ લેશે. આમ, દિલ્હીના વિવિધ વિસ્તારોમાં યોજાનારા કાર્યક્રમોમાં દેશના ટોચના રાજકીય નેતાઓની હાજરી આ વર્ષની વિજયાદશમીને વિશેષ બનાવશે.

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે નવરાત્રિના નવમા દિવસે ગોરખનાથ મંદિરમાં કન્યા પૂજન કર્યું

ગોરખપુર, ગોરખપુરમાં શારદીય નવરાત્રિના શુભ પ્રસંગે, મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ગોરખનાથ મંદિરમાં પરંપરાગત વિધિઓ સાથે કન્યા પૂજન કર્યું. ગોરખપીઠધીશ્વર તરીકે, મુખ્યમંત્રીએ નાની છોકરીઓને દેવી દુર્ગાનું સ્વરૂપ માનીને, તેમના પગ ધોયા, તેમના કપાળ પર તિલક લગાવ્યું અને ધાર્મિક પૂજા કરી. ત્યારબાદ છોકરીઓને ભોજન અને ભેટ આપવામાં આવી. ગોરખપીઠની પરંપરા મુજબ, મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ દર વર્ષે નવરાત્રિ દરમિયાન કન્યા પૂજનમાં ભાગ લે છે. આ સમય દરમિયાન મંદિર પરિસરમાં ધાર્મિક અને આધ્યાત્મિક વાતાવરણ છવાયું હતું.

શારદીય નવરાત્રિના શુભ પ્રસંગે, મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ગોરખપુરના ગોરખનાથ મંદિરમાં પરંપરાગત કન્યા પૂજન કર્યું. આ ધાર્મિક વિધિમાં, મુખ્યમંત્રીએ કન્યાઓને દેવી દુર્ગાનું સ્વરૂપ માનીને પૂજા કરી.મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કન્યાઓના પગ ધોઈને કન્યા પૂજન શરૂ કર્યું. ત્યારબાદ તેમણે તેમના કપાળ પર તિલક (ભક્તિનું ચિહ્ન) લગાવ્યું અને ધાર્મિક પૂજા કરી.

ધાર્મિક માન્યતાઓ અનુસાર, નવરાત્રિ દરમિયાન કન્યા પૂજનને શક્તિના અવતાર દેવી દુર્ગા પ્રત્યે શ્રદ્ધા, આદર અને ભક્તિનું પ્રતીક માનવામાં આવે છે.

લખપત સરહદે પાકિસ્તાની બોટ સાથે એક ઘૂસણખોર ઝડપાયો

સર્ચ ઓપરેશનમાં ક્રીક વિસ્તારમાંથી ૭ વર્ષીય પાકિસ્તાની બાળક મળી આવતાં ચકચાર

ભુજ, કચ્છના સરહદી અને અત્યંત સંવેદનશીલ લખપતના ક્રીક વિસ્તારમાંથી એક પાકિસ્તાની ઘૂસણખોર બોટ સાથે ઝડપાયા બાદ, સુરક્ષા દળોને વધુ એક બોટ મળી આવી હતી.

સીમા સુરક્ષા દળ દ્વારા હાથ ધરવામાં આવેલા સઘન સર્ચ ઓપરેશન દરમિયાન ક્રીક વિસ્તારમાંથી ૭ વર્ષીય એક નધણિયાતું પાકિસ્તાની બાળક મળી આવતાં ભારે ચકચાર મચી ગઈ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગત શુક્રવારે લખપતના ક્રીક વિસ્તારમાં સઘન પેટ્રોલિંગ દરમિયાન બીએસએફે એક પાકિસ્તાની ઘૂસણખોર જુમન અહેમદને તેની બોટ સાથે ઝડપી પાડ્યો હતો. આ શખ્સની પ્રાથમિક તપાસમાં તેની પાસેથી કોઈ આપત્તિજનક સામગ્રી મળી ન હતી.

આ ઘટના બાદ બીએસએફ દ્વારા સરહદી પટ્ટી પર ઓપરેશન વધુ તેજ કરવામાં આવ્યું હતું. સર્ચ ઓપરેશન દરમિયાન પાકિસ્તાની સરહદ તરફથી આવેલી અન્ય એક શંકાસ્પદ બોટ છોડીને માછીમારો ક્રીકના પ્રવાહ કે સામેપાર નાસી છૂટવામાં સફળ રહ્યા હતા.

જ્યારે સુરક્ષા દળની ટુકડીએ આ લાવારિસ બોટ અને આસપાસના વિસ્તારમાં સઘન તલાશી અભિયાન ચલાવ્યું, ત્યારે તેમાંથી આશરે સાત વર્ષની વયનું એક પાકિસ્તાની બાળક મળી આવ્યું હતું. બીએસએફના જવાનોએ માનવતાવાદી અભિગમ દાખવીને આ માસૂમ બાળકને પોતાની કસ્ટડીમાં સુરક્ષિત રાખ્યું છે. ક્રીક વિસ્તારમાંથી અગાઉ ઘૂસણખોર અને હવે નાની વયનું બાળક મળી આવતા સુરક્ષા એજન્સીઓ અને ગુપ્તચર વિભાગ સફાળા જાગી ગયા છે. આ મામલે બાળક અહીં કેવી રીતે પહોંચ્યું, તેની સાથે અન્ય કોણ લોકો હતા અને આ માછીમારો પાકિસ્તાનથી કયા હેતુસર આવ્યા હતા તે અંગે બીએસએફ અને અન્ય સુરક્ષા એજન્સીઓ દ્વારા ઊંડાણપૂર્વક તપાસ અને પૂછપરછ હાથ ધરવામાં આવી છે.

કેનેડામાં બે ભારતીય મૂળના નેતાઓ મેયર બન્યા હર્ષન પહેલી વાર, સુરિન્દરપાલ ફરી જીત્યા

ટોરેન્ટો, ભારતીય મૂળના બે નેતાઓએ કેનેડિયન પ્રાંત બ્રિટિશ કોલંબિયામાં મેયર પદ જીત્યા છે. ભારતીય મૂળના હર્ષણ રામદાસ ફર્નીના નવા મેયર તરીકે ચૂંટાયા છે, જયારે સુરિન્દરપાલ રાઠોડ વિલિયમ્સ લેકના મેયર પદ માટે ફરીથી ચૂંટાયા છે.

બ્રિટિશ કોલંબિયામાં ૨૦૨૬ની સ્થાનિક ચૂંટણીઓ યોજાઈ હતી. મેયર અને સિટી કાઉન્સિલરો, તેમજ પ્રાદેશિક જિલ્લા નિર્દેશકો, સ્કૂલ બોર્ડ ટ્રસ્ટીઓ અને કેટલીક અન્ય સ્થાનિક સંસ્થાઓના પ્રતિનિધિઓ માટે મતદાન થયું હતું. ચૂંટણી પરિણામો જાહેર થયા પછી હર્ષણ રામદાસ અને સુરિન્દરપાલ રાઠોડની જીતની પુષ્ટિ થઈ હતી. રામદાસે ફર્નીમાં તેમના પ્રતિસ્પર્ધી કાયલ હેમિલ્ટનને હરાવ્યા હતા, જયારે રાઠોડ વિલિયમ્સ લેકમાં બીજા કાર્યકાળ માટે મેયર તરીકે ચૂંટાયા હતા.

વિલિયમ્સ લેકમાં, ભારતીય મૂળના સુરિન્દરપાલ રાઠોડ મેયર તરીકે બીજી મુદત માટે જીત્યા. તેમણે ૨,૧૧૬ મત મેળવ્યા, તેમના પ્રતિસ્પર્ધી વોલ્ટ કોબને ૧,૦૦૦ થી વધુ મતોના માર્જિનથી હરાવ્યા. તેમની જીત બાદ, રાઠોડે તેમના પરિવાર, તેમની પ્રચાર ટીમ અને શહેરના લોકોનો આભાર માન્યો. તેમણે કહ્યું કે તેઓ મેયર તરીકે લોકોની સેવા કરવાનું ચાલુ રાખવા માટે તૈયાર છે.

DRI દ્વારા સોનાની તસ્કરી કરતી સિન્ડિકેટનો પર્દાફાશ

ગુજરાતમાંથી DRI દ્વારા અંદાજે રૂ. ૧૯.૪૧ કરોડનું ૧૩ કિલો વિદેશી મૂળનું સોનું જપ્ત, ત્રણ લોકોની ધરપકડ

અમદાવાદ, ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (DRI) એ સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ, અમદાવાદ અને સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ દ્વારા ભારતમાં વિદેશી મૂળનું સોનું લાવતી એક સંગઠિત ગોલ્ડ સ્મગલિંગ (સોનાની તસ્કરી) સિન્ડિકેટનો પર્દાફાશ કર્યો છે. કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ હેઠળ ત્રણ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે.

ચોક્કસ બાતમીના આધારે કાર્યવાહી કરીને, ડીઆરઆઈ (DRI) ના અધિકારીઓએ શંકાસ્પદો પર નજર રાખી હતી અને ૧૬ ઓક્ટોબર ૨૦૨૬ થી શરૂ કરીને ૪૨ કલાક સુધી સંકલિત દરોડા પાડ્યા હતા. આ ઓપરેશનમાં આ રેકેટની સંપૂર્ણ શ્રૃંખલા ખુલ્લી પડી હતીઃ હવાઈ મુસાફરો દ્વારા તસ્કરી, હેન્ડલર્સને સોંપણી, ગેરકાયદેસર રીતે ઓગાળવું, અને જવેલરી આઉટલેટ દ્વારા વેચાણ. આમાં આશરે રૂ. ૧૯.૪૧ કરોડની કિંમતના ૧૩.૦૧૭ કિલો વિદેશી મૂળના સોનાના સોદા ખુલ્લા પડ્યા હતા અને ત્રણ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મુસાફરો દ્વારા સોનું છુપાવવાની અનોખી પદ્ધતિઓનો ઉપયોગ કરીને દેશમાં સોનાની તસ્કરી કરવામાં આવતી હતી. જેમાં રોડિયમ કોટેડ સોનાના પાતળા વાયર, ટ્રોલી બેગની અંદરના લાઈનિંગમાં જડેલું સોનું અને બેગના અંદરના ભાગમાં છુપાવેલી ગોલ્ડ પેસ્ટનો સમાવેશ થાય છે. આગમન પછી, આ સોનું એરપોર્ટની બહાર હેન્ડલર્સને સોંપવામાં આવતું હોવાનો આક્ષેપ છે અને મધ્યસ્થીઓ દ્વારા વડોદરા સ્થિત સોનું ઓગાળવાની એક ગેરકાયદેસર સુવિધા (યુનિટ) સુધી પહોંચાડવામાં આવતું હતું. ત્યારબાદ ઓગાળવામાં આવેલું સોનું રોકડ સામે વેચાણ માટે અમદાવાદની એક જવેલરી શોપમાં સપ્લાય કરવામાં આવતું હતું.

આ સંકલિત ઓપરેશનના પરિણામે આશરે ૮૯૦ ગ્રામ સોનું જપ્ત કરવામાં આવ્યું હતું અને ૬.૪૧ કિલો ગેરકાયદેસર રીતે ઓગાળેલા સોના સંબંધિત ગુનાહિત પુરાવા રિકવર કરવામાં આવ્યા હતા. જવેલરી શોપ પર વધુ તપાસ દરમિયાન બિનહિસાબી વિદેશી મૂળના સોનાના બિસ્કિટ (બાર્સ) અને દુબઈ સ્થિત સિન્ડિકેટના મુખ્ય ફાયનાન્સર સાથે જોડાયેલા એક અલગ હેન્ડલર દ્વારા મોકલવામાં આવેલા આશરે ૫.૮ કિલો તસ્કરી કરેલા સોનાના સોદા સંબંધિત રેકોર્ડ્સ રિકવર કરવામાં આવ્યા હતા.

આ ઓપરેશને તસ્કરી કરેલા સોનાની હેરફેર અને નિકાલને સુગમ બનાવવામાં મુસાફરો, હેન્ડલર્સ, મધ્યસ્થીઓ, સોનું ઓગાળવાની સુવિધાના ઓપરેટર અને જવેલરી ટ્રેડ ચેનલની પરસ્પર જોડાયેલી ભૂમિકાઓનો ખુલાસો કર્યો હતો. તપાસ દરમિયાન હેન્ડલર/ફાયનાન્સર, મેલ્ટિંગ ફેસિલિટીના ઓપરેટર અને અન્ય મુખ્ય વ્યક્તિઓની ઓળખ કરવામાં આવી હતી. કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ ની જોગવાઈઓ હેઠળ ત્રણ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે.

આ ઓપરેશન છુપાવવાની પદ્ધતિઓ અને એરપોર્ટની ગતિવિધિથી લઈને સ્થાનિક બજારમાં ઓગાળવા, ફાઈનાન્સિંગ અને વેચાણ સુધીની દરેક કડીને લક્ષ્ય બનાવીને સંગઠિત સોનાની તસ્કરીના નેટવર્કને તોડી પાડવાના ડીઆરઆઈ (DRI) ના કેન્દ્રિત પ્રયાસોને રેખાંકિત કરે છે.

દિવાળી અને છઠ પૂજાના તહેવારો નજીક આવતાં જ સુરતના ઉધના રેલવે સ્ટેશન પર મુસાફરોની ભારે ભીડ

ટિકિટ બુકિંગ શરૂ થતાંની સાથે જ ઓનલાઈન અને ઓફલાઈન ટિકિટો ઝડપથી ફુલ

સુરત, આવનારા દિવસોમાં તહેવારો નજીક આવતાં જ સુરતના ઉધના રેલવે સ્ટેશન પર મુસાફરોની ભારે ભીડ જોવા મળી રહી છે. ઉત્તર પ્રદેશ, બિહાર અને ઝારખંડ તરફ જતી ટ્રેનોમાં વતન જવા માટે પરપ્રાંતિય શ્રમિકો મોટી સંખ્યામાં રવાના થઈ રહ્યા છે. તહેવારોની સાથે લગ્નની સિઝન પણ શરૂ થતાં વતન જતા મુસાફરોની સંખ્યામાં વધારો થયો છે. મુસાફરોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને રેલવે વિભાગ દ્વારા વધારાની ૬ ટ્રેનો દોડાવવામાં આવી છે. જોકે, આ વ્યવસ્થા છતાં સ્ટેશન પર મુસાફરોનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે.

તહેવારો દરમિયાન વતન જવા નીકળેલા મુસાફરોને રેલવેની વ્યવસ્થાને લઈને મિશ્ર પ્રતિસાદ મળી રહ્યો છે. કેટલાક મુસાફરો રેલવે વિભાગ દ્વારા કરવામાં આવેલી વ્યવસ્થાની પ્રશંસા કરી રહ્યા છે, જ્યારે કેટલાકે ટિકિટ બુકિંગમાં પડતી મુશ્કેલીઓ અંગે નારાજગી વ્યક્ત કરી છે. મુસાફરોના જણાવ્યા અનુસાર, ટિકિટ બુકિંગ શરૂ થતાંની સાથે જ ઓનલાઈન અને ઓફલાઈન ટિકિટો ઝડપથી ફુલ થઈ જાય છે, જેના કારણે સમયસર રિઝર્વેશન કરાવવામાં મુશ્કેલી પડે છે.

હાલમાં મુસાફરો બે મહિના અગાઉથી ટ્રેનની ટિકિટ બુક કરાવી શકે છે. તેમ છતાં, બુકિંગ શરૂ થતાં જ ટિકિટો ઉપલબ્ધ ન રહેતી હોવાની ફરિયાદો સામે આવી રહી છે. જેના કારણે અનેક મુસાફરોને વતન જવા માટે રિઝર્વેશન મેળવવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

કરાર આધારિત ગ્રામ સેવકોની પડતર માંગણીઓના નિરાકરણ માટે સરકાર સમક્ષ ઉગ્ર રજૂઆત

ગાંધીનગર, કરાર આધારિત ગ્રામ સેવકોએ પગારની વિસંગતતા દૂર કરવા સહિતની પડતર માંગણીઓના નિરાકરણ માટે સરકાર સમક્ષ રજૂઆત કરી છે. ગ્રામ સેવક મંડળે ચેતવણી આપી છે કે તેમની માંગણીઓનો યોગ્ય ઉકેલ નહીં આવે તો આગામી ૧ નવેમ્બરથી કરાર આધારિત ગ્રામ સેવકો હડતાળ પર ઉતરશે.

ગ્રામ સેવક મંડળના જણાવ્યા અનુસાર, ગ્રામ વિકાસ વિભાગના ગ્રામ સેવકો છેલ્લા પથી ૧૭ વર્ષથી નિષ્ઠાપૂર્વક ફરજ બજાવી રહ્યા છે. ગ્રામ્ય કક્ષાએ સરકારી યોજનાઓના લાભ છેવાડાના ગરીબ લાભાર્થીઓ સુધી પહોંચાડવા ઉપરાંત વિવિધ યોજનાઓના અમલીકરણ, સંકલન, ડેટા એન્ટ્રી, ફેસ કેવાયસી અને જીઓ-ટેગિંગ જેવી કામગીરી પણ તેઓ સંભાળે છે. આમ છતાં, તેમની કામગીરી અને જવાબદારીઓની સરખામણીએ મળતો પગાર ઓછો હોવાનો આક્ષેપ મંડળે કર્યો છે.

મંડળે રજૂઆતમાં જણાવ્યું છે કે ખેતીવાડી વિભાગના ગ્રામ સેવકોને રૂ. ૨૬,૦૦૦ ફિક્સ પગાર આપવામાં આવે છે, જ્યારે ગ્રામ વિકાસ વિભાગના ગ્રામ સેવકોને માત્ર રૂ. ૧૬,૮૨૩ ફિક્સ પગાર મળે છે. બંને વિભાગના ગ્રામ સેવકોની કેડર અને ગ્રેડ પે સમાન હોવા છતાં પગારમાં મોટો તફાવત હોવાથી અન્યાય થતો હોવાની લાગણી કર્મચારીઓમાં છે. બીજી તરફ, ગ્રામ વિકાસ વિભાગમાં ઓપરેટરોને રૂ. ૩૦,૦૦૦ પગાર મળતો હોવાની સરખામણીએ ગ્રામ સેવકોના વેતનનો મુદ્દો પણ ઉઠાવવામાં આવ્યો છે.

જાપાનના ઓસાકા ખાતે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં હાઈ-લેવલ રાઉન્ડટેબલ બેઠક યોજાઈ

ગુજરાત અને જાપાન વચ્ચે સ્ટ્રેટેજિક પાર્ટનરશીપ અને ઈન્વેસ્ટમેન્ટની નવી તકો અંગે વિસ્તૃત ચર્ચા થઈ

અમદાવાદ, વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ અંતર્ગત જાપાન પ્રવાસે ગયેલા રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે ઓસાકા ખાતે જાપાનના અગ્રણી ઉદ્યોગપતિઓ અને રોકાણકારો સાથે એક ઉચ્ચ સ્તરીય 'ઈન્વેસ્ટ ઈન ગુજરાત' રાઉન્ડટેબલ બેઠક યોજી હતી. ગુજરાત અને જાપાન વચ્ચેના આર્થિક સંબંધોને નવી ઊંચાઈએ લઈ જવા અને પરસ્પર સમૃદ્ધિ માટે સ્ટ્રેટેજિક પાર્ટનરશીપ વધુ સુદ્રઢ બનાવવાના ઉદ્દેશ સાથે આ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

રાઉન્ડટેબલ કોન્ફરન્સમાં ઉપસ્થિત વૈશ્વિક ઉદ્યોગ જગતના પ્રતિનિધિઓને સંબોધતા નાયબ મુખ્યમંત્રીએ મહાત્મા ગાંધી અને સરદાર પટેલની ભૂમિ ગુજરાત વતી ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, જાપાન ઊગતા સૂર્યનો દેશ છે અને ગુજરાત ઊગતી તકોની ભૂમિ છે. ભારત અને જાપાન માત્ર વેપાર જ નહીં, પરંતુ પરસ્પર વિશ્વાસ, આદર અને મૂલ્યોની સાથોસાથ સહિયારી સંસ્કૃતિ પણ ધરાવે છે. બંને દેશોની મિત્રતા સદીઓ જૂની છે, આજે આપણી સામે વિકાસની અસીમ નવી તકો ઉપલબ્ધ છે.

ગુજરાતની આર્થિક ક્ષમતા અને ઔદ્યોગિક ગતિશીલતાના આંકડા રજૂ કરતા નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, દેશની માત્ર ૫ ટકા વસ્તી ધરાવતું ગુજરાત ભારતના જીડીપીમાં ૮ ટકાથી વધુનું યોગદાન આપે છે. દેશના કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાં ગુજરાતનો હિસ્સો ૧૮ ટકા છે, જ્યારે ભારતની કુલ નિકાસમાંથી લગભગ એક તૃતીયાંશ (૧/૩) નિકાસ એકલા ગુજરાતમાંથી થાય છે. આ ઉપરાંત ભારતના કુલ કાર્ગો હેન્ડલિંગનો ૪૦ ટકા હિસ્સો ગુજરાતના બંદરો દ્વારા સંચાલિત થાય છે અને રાજ્યની ૬૫ ટકા ઊર્જા રિન્યુએબલ એનર્જી સ્ત્રોતોમાંથી મળે છે.

કોમનવેલ્થ કબડ્ડી ચેમ્પિયનશિપમાં ગાંધીનગર કબડ્ડી ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કર્યું

અમદાવાદ, ગાંધીનગરમાં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (SAI)ના નેશનલ સેન્ટર ઓફ એક્સેલન્સ (NCOE) માટે ખૂબ જ ગર્વની વાત છે કે તેના પ્રતિભાશાળી કબડ્ડી ખેલાડીઓ ગુજરાતના અમદાવાદમાં વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે આયોજિત પ્રતિષ્ઠિત કોમનવેલ્થ કબડ્ડી ચેમ્પિયનશિપ ૨૦૨૬-૨૭માં ભાગ લઈ રહ્યા છે અને ગર્વથી દેશનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. વિવિધ કોમનવેલ્થ રાષ્ટ્રોના ટોચના સ્તરના એથ્લેટિક કૌશલ્યને એકસાથે લાવતી, આ ઉચ્ચ-સ્તરીય ચેમ્પિયનશિપમાં સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક પર લાઈવ પ્રસારિત અને જિયોસ્ટાર પર ડિજિટલી સ્ટ્રીમ થતી રોમાંચક મેચો જોવા મળી રહી છે, જે આ રમત તરફ વૈશ્વિક ધ્યાન ખેંચી રહી છે. એથ્લેટ પ્રોફાઈલ્સ અને ભાગીદારીઃ

૧. શિવમ પટાટેઃ દબાણ હેઠળ તેમની ઝડપી મૂવમેન્ટ અને ક્લિનિકલ સ્કોરિંગ માટે જાણીતા એક ગતિશીલ અને ચપળ રાઈડર.

૨. સાક્ષીઃ સાક્ષીઃ આક્રમક એક્રલ હોલ્ડ દ્વારા વિરોધી ખેલાડીઓને રોકવામાં નિપુણ અને મેટ પર ટીમનું કુશળ નેતૃત્વ કરનાર સશક્ત ડિફેન્ડર.

૩. સભાઈ ગઢવીઃ રેઈડિંગમાં સતત ઉત્કૃષ્ટ પ્રદર્શન અને સંરક્ષણમાં મજબૂત સહયોગ માટે જાણીતા સર્વાંગી ખેલાડી.

અત્યંત આનંદ વ્યક્ત કરતા અને તેમના હૃદયપૂર્વકના અભિનંદન પાઠવતા, જીછૈં કબડ્ડી કોચ શ્રી માણેક રાજે એથ્લેટ્સના સમર્પણ, સખત પરિશ્રમ અને અવિરત પ્રયાસોની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, "અમદાવાદ, ગુજરાત ખાતે કોમનવેલ્થ કબડ્ડી ચેમ્પિયનશિપમાં ભાગ લેવા બદલ આપણા SAI NCOE ગાંધીનગરના કબડ્ડી એથ્લેટ્સ શિવમ પટાટે, સાક્ષી અને સભાઈ ગઢવીને ખૂબ ખૂબ અભિનંદન.

અમદાવાદમાં ૧૨૪.૧૧ ગ્રામ હેરોઈનના જથ્થા સાથે બે શખ્સની કરાઈ ધરપકડ

બાપુનગર પોલીસે કુલ ૨૫,૭૪,૭૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યા

અમદાવાદ, અમદાવાદ શહેરમાં નશીલા પદાર્થો સામેની કાર્યવાહી દરમિયાન બાપુનગર પોલીસે હેરોઈનના જથ્થા સાથે બે આરોપીઓને ઝડપી પાડ્યા છે. પોલીસની માહિતી અનુસાર, આરોપીઓ પાસેથી કુલ ૧૨૪.૧૧ ગ્રામ હેરોઈન,બે મોબાઈલ ફોન, રોકડ રકમ અને ટુ-વ્હીલર સહિત કુલ ૨૫,૭૪,૭૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ કાર્યવાહી શહેરમાં નશીલા પદાર્થોના વેચાણ અને હેરાફેરી સામે હાથ ધરવામાં આવેલી ઝુંબેશના ભાગરૂપે કરવામાં આવી હતી. અમદાવાદ પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓની સૂચના મુજબ શહેરમાં નશીલા પદાર્થોની હેરાફેરી અને સપ્લાય ચેન સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ અંતર્ગત બાપુનગર પોલીસ સ્ટેશનની એનડીપીએસ સ્ક્વોડ અને સર્વેલન્સ ટીમને સક્રિય રહેવા સૂચના આપવામાં આવી હતી. દરમિયાન પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે બાપુનગર વિસ્તારમાં લલ્લુ રત્નાના છાપરા સામે સોનેરિયા બ્લોક નજીક જાહેર રસ્તા પર દરોડો પાડવામાં આવ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન બે શખસોને ઝડપી લેવામાં આવ્યા હતા. પોલીસે પકડેલા આરોપીઓની ઓળખ રોહિત શેરસિંહ રાજપૂત (ઉંમર ૨૮ વર્ષ) અને આનંદ સોમાભાઈ પ્રજાપતિ (ઉંમર ૩૭ વર્ષ) તરીકે થઈ છે. બંને અમદાવાદના બાપુનગર વિસ્તારમાં સોનેરિયા બ્લોક ખાતે રહેતા હોવાનું પોલીસની માહિતીમાં જણાવાયું છે.

અમદાવાદના ગુલબાઈ ટેકરામાં કારની ટક્કરથી ૫ વર્ષના બાળકનું મોત નિપજ્યું

અમદાવાદ, અમદાવાદના ગુલબાઈ ટેકરા વિસ્તારમાં માર્ગ અકસ્માતમાં પાંચ વર્ષના બાળકનું મોત થયું છે. ૧૮ ઓક્ટોબરની સવારે ટેલિફોન એક્સચેન્જ જંકશન પાસે રસ્તો ઓળંગી રહેલા નિલેશ રાઠોડને એક કારે ટક્કર મારી હતી. અકસ્માતમાં ગંભીર ઈજાઓ થતાં બાળકને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેનું મોત નીપજ્યું હતું. આ મામલે 'બી' ડિવિઝન ટ્રાફિક પોલીસે કારચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. મળતી માહિતી મુજબ, ૧૮ ઓક્ટોબરની સવારે પાંચ વર્ષીય નિલેશ રાઠોડ ગુલબાઈ ટેકરા ટેલિફોન એક્સચેન્જ જંકશન પાસે રસ્તો ઓળંગી રહ્યો હતો. તે સમયે પૂરઝડપે આવતી કારે તેને ટક્કર મારી હતી. અકસ્માતમાં બાળકને ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત બાદ કારચાલક માલા રાજેશ મિત્તલે કાર રોકી હતી અને બાળકને સારવાર અપાવવામાં મદદ કરી હતી. તેણે બાળકના પરિવારને સારવારનો ખર્ચ ઉઠાવવાની ખાતરી પણ આપી હોવાનું જાણવા મળ્યું છે. જોકે, બાળકની સ્થિતિ ગંભીર બનતાં તેને વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત થયું હતું. મૃતક નિલેશના પિતા મહેશ રાઠોડ મજૂરીકામ કરે છે અને અલગ-અલગ વિસ્તારોમાં પટ્ટા (બેલ્ટ) વેચીને પરિવારનું ગુજરાન ચલાવે છે.

વડોદરામાં નકલી ઘી બનાવતી ફેક્ટરીનો પર્દાફાશ પામોલીન તેલમાંથી ઘી બનાવાતું હોવાની આશંકા

સ્થળ પરથી ઘીના પેકિંગની સામગ્રી અને આશરે ૧૦ હજાર લિટરની ક્ષમતાનું ટેન્કર મળી આવ્યું



વડોદરા, શુદ્ધ દેશી ગાયના ઘીના નામે શંકાસ્પદ નકલી ઘીનું વેચાણ થતું હોવાની આશંકા વચ્ચે વડોદરા નજીક પોર જીઆઈડીસી વિસ્તારમાં કાર્યવાહી કરવામાં આવી છે. રમણગામડી ઈન્ડસ્ટ્રિયલ વિસ્તારમાં આવેલી ચાલીસા ફૂડ્સ કંપનીમાં નકલી ઘી બનાવવામાં આવતું હોવાની ફરિયાદના આધારે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમે પોલીસને સાથે રાખીને તપાસ હાથ ધરી હતી. સ્થળ પરથી ઘીના પેકિંગની સામગ્રી અને આશરે ૧૦ હજાર લિટરની ક્ષમતાનું ટેંકર મળી આવ્યું હોવાની વિગતો સામે આવી છે. પ્રાથમિક વિગતો મુજબ, ફેક્ટરીમાં પામોલીન તેલ અને અન્ય ઘટકોના મિશ્રણથી ઘી જેવું ઉત્પાદન તૈયાર કરવામાં આવતું હોવાની આશંકા છે. આ ઉત્પાદનને શુદ્ધ દેશી ગાયના ઘી તરીકે રજૂ કરીને બજારમાં વેચવામાં આવતું હતું કે કેમ, તે અંગે તપાસ હાથ ધરવામાં આવી છે.ફેક્ટરીમાં ઘીના પેકિંગ માટેની સામગ્રી મળી આવતાં અલગ-અલગ બ્રાન્ડના નામે આ ઉત્પાદન બજારમાં વેચાતું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે, કઈ બ્રાન્ડના નામે અને કેટલા પ્રમાણમાં આ ઉત્પાદનનું વેચાણ થયું હતું, તે અંગેની સત્તાવાર વિગતો તપાસ બાદ સ્પષ્ટ થશે.

વરદાયિની માતાની પલ્લી : ૨૭ સ્થળોએ ઘીનો ચઢાવો, લાખો શ્રદ્ધાળુઓની આસ્થાનું કેન્દ્ર,વર્ષો જૂની પરંપરા

શારદીય નવરાત્રિના આસો સુદ નોમના દિવસે નીકળતી આ પલ્લી ગુજરાતની આગવી ધાર્મિક પરંપરાઓમાં સ્થાન ધરાવે છે

ગાંધીનગર, ગાંધીનગર પાસે આવેલા રૂપાલ ગામની ઓળખ વરદાયિની માતાજીની પલ્લી અને તેના પર કરવામાં આવતા શુદ્ધ ઘીના અભિષેકને કારણે સમગ્ર વિશ્વમાં પ્રખ્યાત છે. નિયમિત દર વર્ષે શારદીય નવરાત્રિના આસો સુદ નોમના દિવસે નીકળતી આ પલ્લી ગુજરાતની આગવી ધાર્મિક પરંપરાઓમાં સ્થાન ધરાવે છે. પલ્લીના દર્શન કરવા અને માતાજી પ્રત્યેની શ્રદ્ધા વ્યક્ત કરવા ગુજરાત સહિત અન્ય રાજ્યો અને વિદેશમાંથી પણ મોટી સંખ્યામાં ભક્તો રૂપાલ પહોંચે છે. પલ્લી ગામની શેરીઓમાંથી પસાર થાય ત્યારે ભક્તો દ્વારા કરવામાં આવતા ઘીના ચઢાવાથી માર્ગો પર ઘી વહેતું જોવા મળે છે, જે આ ઉત્સવનું મુખ્ય આકર્ષણ છે.

રૂપાલની પલ્લીનો ઈતિહાસ મહાભારતકાળ સાથે જોડાયેલી લોકમાન્યતાઓમાં જોવા મળે છે. માન્યતા અનુસાર, પાંડવોએ અજ્ઞાતવાસ દરમિયાન મા વરદાયિનીની આરાધના કરી હતી. આ સમયગાળા દરમિયાન તેમણે પોતાનાં અસ્ત્ર-શસ્ત્રો ખીજડાના વૃક્ષ નીચે સુરક્ષિત રાખ્યાં હતાં. માતાજીના આશીર્વાદથી અજ્ઞાતવાસ પૂર્ણ થયા બાદ મહાભારતના યુદ્ધમાં વિજય મેળવવા માટેની કથા પણ આ પરંપરા સાથે જોડાયેલી છે.

લોકવાયકા અનુસાર, યુદ્ધમાં વિજય બાદ પાંડવો, ભગવાન શ્રીકૃષ્ણ અને દ્રૌપદીએ માતાજીની આરાધના કરી હતી. આ પ્રસંગને પલ્લીની પરંપરાની શરૂઆત સાથે સાંકળવામાં આવે છે. જોકે, આ વિગતો ધાર્મિક લોકમાન્યતા પર આધારિત છે અને તેને પ્રમાણિત ઐતિહાસિક તથ્ય તરીકે જોવાને બદલે પરંપરા સાથે જોડાયેલી પૌરાણિક કથા તરીકે સમજવી જરૂરી છે.

રૂપાલની પલ્લીને અન્ય ધાર્મિક ઉત્સવોથી અલગ ઓળખ આપતી સૌથી મોટી વિશેષતા તેના પર કરવામાં આવતો શુદ્ધ ઘીનો ચઢાવો છે. ભક્તો પોતાની માનતા પૂર્ણ થવા બદલ, પરિવારની સુખાકારી માટે તેમજ માતાજી પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા પલ્લી પર ઘી ચઢાવે છે.

પલ્લી ગામના વિવિધ વિસ્તારોમાંથી પસાર થાય ત્યારે લોકો ઘીનો અભિષેક કરે છે. મોટી સંખ્યામાં ભક્તો એકસાથે ઘીનો ચઢાવો કરતા હોવાથી અનેક સ્થળોએ ઘી એકત્રિત થાય છે અને માર્ગો પર ઘી વહેતું જોવા મળે છે. આ દૃશ્ય રૂપાલની પલ્લીને વિશિષ્ટ બનાવે છે. જોકે, દર વર્ષે ચઢાવવામાં આવતા ઘીનો ચોક્કસ જથ્થો અલગ હોઈ શકે છે.

રૂપાલની પલ્લી તૈયાર કરવાની પ્રક્રિયા પણ ધાર્મિક દૃષ્ટિએ વિશેષ મહત્વ ધરાવે છે. પરંપરા મુજબ ખીજડાના લાકડામાંથી પલ્લી તૈયાર કરવામાં આવે છે. પલ્લી આશરે આઠથી નવ ફૂટ ઊંચી હોવાનું પ્રવાસન સંબંધિત વર્ણનોમાં જણાવવામાં આવે છે. તેમાં પાંચ સ્થળોએ પવિત્ર જ્યોત રાખવાની પરંપરા છે.

પલ્લી જ્યારે નગરયાત્રાએ નીકળે છે ત્યારે પરંપરાગત માર્ગ પરનાં ૨૭ સ્થળોએ રોકાય છે. આ સ્થળોએ ભક્તો માતાજીના દર્શન કરીને ઘીનો

લાઠીમાં દોઢસો વર્ષથી જીવંત છે ભવાઈ અને નાટકની પરંપરા !

મહાકાળી નવરાત્રી નાટક મંડળે 'સોમનાથની સખાતે વીર હમીરસિંહજી ગોહિલ' નાટક દ્વારા શૌર્યગાથાને મંચ પર કરી જીવંત : પક્ષીઓને ચણ નાખવા સહિતની સેવાપ્રવૃત્તિઓ સાથે લોકસંસ્કૃતિના જતનનો અનોખો પ્રયાસ

નવી પેઢીને ઈતિહાસ સાથે જોડતું નાટ્યમંચ

આજના સમયમાં નવી પેઢી સુધી ઈતિહાસ અને સાંસ્કૃતિક વારસાની વાત પહોંચાડવા માટે નાટક અસર કારક માધ્યમ બની શકે છે. વીર હમીરસિંહજી ગોહિલ જેવા શૂરવીરોની ગાથાઓ જ્યારે જીવંત અભિનય દ્વારા રજૂ થાય છે ત્યારે દર્શકોને માત્ર મનોરંજન જ નહીં, પરંતુ ઈતિહાસના બલિદાન અને શૌર્યને સમજવાની તક પણ મળે છે. લાઠીનું મહાકાળી નવરાત્રી નાટક મંડળ વર્ષોથી આ પરંપરાને જાળવીને લોકકલા અને સંસ્કૃતિના સંવર્ધનમાં યોગદાન આપી રહ્યું છે. નવરાત્રીના પાવન દિવસોમાં ભક્તિ સાથે ભવાઈ અને નાટકોની આ અનોખી પરંપરા લાઠીની સાંસ્કૃતિક ઓળખને વધુ સમૃદ્ધ બનાવે છે. પેઢીઓથી મળેલા વારસાને નવી પેઢી સુધી પહોંચાડતા આ કલાકારો સાબિત કરી રહ્યા છે કે સાચી કલા માત્ર મનોરંજનનું સાધન નથી, પરંતુ ઈતિહાસ, સંસ્કાર અને સંસ્કૃતિને જીવંત રાખતી અમૂલ્ય ધરોહર પણ છે.

મિલાપ રૂપારેલ અમરેલી,

નવરાત્રી એટલે મા જગદંબાની આરાધના, ભક્તિ અને શક્તિની ઉપાસનાનું પર્વ છે. પરંતુ અમરેલી જિલ્લાના લાઠી ગામે નવરાત્રી માત્ર ગરબા અને માતાજીની ભક્તિ પૂરતું સીમિત નથી, અહીં વર્ષો જૂની ભવાઈ અને નાટ્ય કલાની પરંપરા આજે પણ એટલી જ જીવંત છે. લાઠી ગામે આવેલ લુવારીયા ગેટ નજીક કાર્યરત મહાકાળી નવરાત્રી નાટક મંડળ દ્વારા નવરાત્રી દરમિયાન ધાર્મિક, સામાજિક અને ઐતિહાસિક વિષય વસ્તુ ધરાવતાં નાટકોનું મંચન કરવામાં આવે છે. પેઢી દર પેઢી આગળ વધતી આ પરંપરા લોકસંસ્કૃતિના જતનની સાથે ગુજરાતના ઐતિહાસિક શૌર્ય અને બલિદાનની ગાથાઓને નવી પેઢી સુધી પહોંચાડવાનું મહત્ત્વપૂર્ણ કાર્ય કરી રહી છે. લાઠીના આ મહાકાળી નવરાત્રી નાટક મંડળ દ્વારા આ વર્ષે સોમનાથની રક્ષા કાજે શહાદત વહોરનાર વીર હમીરસિંહજી ગોહિલની શૌર્યગાથા પર આધારિત 'સોમનાથની સખાતે વીર હમીરસિંહજી ગોહિલ' નાટક રજૂ કરવામાં આવ્યું હતું. નાટકમાં કલાકારોએ વીરતા, સંઘર્ષ અને બલિદાનની ગાથાને અભિનયના માધ્યમથી જીવંત કરવાનો પ્રયાસ કર્યો હતો. ખાસ કરીને વીર હમીરસિંહજી ગોહિલનું પાત્ર ભજવનાર ભાવેશ રંગપરાએ પોતાના અભિનયથી દર્શકોને મંત્રમુગ્ધ કર્યા હતા. લાઠીની ધરતીના વીર યોદ્ધાની શૌર્યગાથા રજૂ થતાં ઉપસ્થિત દર્શકોમાં ઈતિહાસ પ્રત્યે ગૌરવની લાગણી જોવા મળી હતી.

આ નાટકની વિશેષતા એ છે કે, તેની પરંપરા માત્ર એક કે બે પેઢી પૂરતી સીમિત રહી નથી. મંડળ સાથે સંકળાયેલા કલાકારોના જણાવ્યા અનુસાર, તેમના વડવાઓ પણ આ નાટકોમાં વિવિધ પાત્રો ભજવતા હતા અને આજે નવી પેઢીના કલાકારો એ જ પરંપરાને આગળ ધપાવી રહ્યા છે. વીર હમીરસિંહજી ગોહિલનું પાત્ર ભજવતા ભાવેશ રંગપરા ચોથા ધોરણમાં અભ્યાસ કરતા હતા. ત્યારથી આ પાત્ર ભજવી રહ્યા છે. બાળપણથી જ નાટ્યકલા સાથે જોડાયેલા રહીને તેમણે આ ઐતિહાસિક પાત્રને પોતાના અભિનય દ્વારા જીવંત રાખ્યું છે.

આ મંડળ દ્વારા નવરાત્રીના દિવસોમાં ધાર્મિક અને સામાજિક વિષયો ઉપરાંત ઐતિહાસિક પાત્રો આધારિત નાટકો પણ રજૂ કરવામાં આવે છે. લગભગ સવાસોથી દોઢસો વર્ષથી ચાલી આવતી હોવાનું જણાવાતી આ નાટ્યપરંપરા સમયના પરિવર્તન વચ્ચે પણ જળવાઈ રહી છે. મનોરંજનની આધુનિક સુવિધાઓના વધતા પ્રભાવ વચ્ચે પણ કલાકારોની મહેનત, સમર્પણ અને કલા પ્રત્યેની નિષ્ઠા આ પરંપરાને ટકાવી રાખવામાં મહત્ત્વનો ભાગ ભજવી રહ્યાં છે.

નાટકની સાથે પક્ષીઓ માટે ચણની સેવા

મહાકાળી નવરાત્રી નાટક મંડળની કામગીરી માત્ર નાટ્ય મંચન પૂરતી મર્યાદિત નથી. ધાર્મિક આસ્થા સાથે પક્ષીઓ માટે ચણ નાખવા જેવી સેવાપ્રવૃત્તિઓ પણ મંડળ સાથે જોડાયેલી છે. કલા, સંસ્કૃતિ અને જીવદયાના ભાવને એકસાથે જોડતી આ પ્રવૃત્તિ મંડળની વિશિષ્ટ ઓળખ બની રહી છે.

લાઠી અને અમરેલી વિસ્તારના લોકો ઉપરાંત અન્ય વિસ્તારોમાંથી પણ નાટકો નિહાળવા દર્શકો આવે છે ત્યારે વાંગધ્રાના દર્શક અમરદીપસિંહ ગોહિલે જણાવ્યું હતું કે તેઓ છેલ્લા પાંચ વર્ષથી ભાવનગરથી અહીં નાટકો નિહાળવા આવે છે. કલાકારોની મહેનત, ઐતિહાસિક વારસાને જાળવી રાખવાનો પ્રયાસ અને પક્ષીઓ માટે ચણની સેવા જેવી પ્રવૃત્તિઓ પ્રશંસનીય છે. પરંપરાગત નાટ્યકલાને જીવંત રાખવા માટે કલાકારો જે સમર્પણથી કાર્ય કરી રહ્યા છે તે આવકારદાયક છે.

ઉના તાલુકાના ગરાળ મુકામે સરસ્વતી સન્માન સમારોહ-૨૦૨૬ યોજાયો

કૈલેશ ભટ્ટ ઉના

ઉના તાલુકાના ગરાળ મુકામે શ્રી ક્ષત્રિય ગરાસિયા રાજપૂત સમાજ દ્વારા સરસ્વતી સન્માન સમારોહ-૨૦૨૬નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉના ના ધારાસભ્યશ્રી કાળુભાઈ રાઠોડ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમમાં સમાજના આગેવાનો દ્વારા ધારાસભ્યશ્રી કાળુભાઈ રાઠોડનું ફૂલહાર પહેરાવી તથા મોમેન્ટો અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું હતું.આ સરસ્વતી સન્માન સમારોહમાં શિક્ષણ ક્ષેત્રે સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સાથે જ સમાજમાં શિક્ષણનું મહત્વ વધે અને વિદ્યાર્થીઓ વધુ પ્રગતિ કરે તેવા ઉમદા હેતુથી કાર્યક્રમ યોજાયો હતો.આ પ્રસંગે સમાજના આગેવાનો, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જૂનાગઢ ભવનાથ તળેટીમાં રૂદ્રેશ્વર જાગીર ભારતી આશ્રમ ખાતે નવરાત્રી અનુષ્ઠાનમાં ભક્તિ અને ગરબાની રમઝટ

મહંત ઈન્દ્રભારતી બાપુએ માતાજીના બેઠા ગરબા અને રાસની રમઝટથી સર્જ્યું દિવ્ય ભક્તિમય વાતાવરણ: કલાકારોના મધુર સૂરે ગવાયેલા ગરબાના તાલે બાપુ સહિત ભક્તો ઝૂમી ઊઠ્યા

કૈલેશ ભટ્ટ ઉના

જૂનાગઢના પવિત્ર ભવનાથ તળેટી વિસ્તારમાં આવેલા રૂદ્રેશ્વર જાગીર ભારતી આશ્રમ ખાતે નવરાત્રીના પાવન અવસરે માતાજીની આરાધના અને ભક્તિભાવથી સભર અનુષ્ઠાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક અનુષ્ઠાન દરમિયાન આશ્રમમાં ભક્તિમય માહોલ છવાઈ ગયો હતો અને માતાજીની ભક્તિમાં ભક્તો ભાવવિભોર બન્યા હતા આ પ્રસંગે આશ્રમના મહંત ઈન્દ્રભારતી બાપુએ માતાજીના બેઠા ગરબા અને રાસની રમઝટ જમાવી હતી. કલાકારો દ્વારા મધુર સૂરમાં ગવાયેલા માતાજીના ગરબાના તાલે બાપુએ ભક્તિભાવ સાથે ગરબાની રમઝટ માણી હતી. ગરબાના તાલ, ભક્તિ સંગીત અને માતાજીના જયઘોષથી સમગ્ર આશ્રમ પરિસર ગુંજી ઊઠ્યું હતું નવરાત્રીના આ પવિત્ર પર્વે માતાજીની આરાધના, ગરબા અને રાસના અનોખા સંગમથી આશ્રમમાં દિવ્ય વાતાવરણનું નિર્માણ થયું હતું. ઉપસ્થિત ભક્તોમાં અનેરો ઉત્સાહ અને આનંદ જોવા મળ્યો હતો. ભક્તોએ માતાજીના ચરણોમાં શીશ ઝુકાવી ધન્યતા અનુભવી હતી અને ભક્તિરસમાં તરબોળ બની આ ધાર્મિક મહોત્સવનો લાભ લીધો હતો આમ, ભવનાથ તળેટી સ્થિત રૂદ્રેશ્વર જાગીર ભારતી આશ્રમ ખાતે યોજાયેલ નવરાત્રી અનુષ્ઠાન માતાજીની આરાધના, આધ્યાત્મિકતા અને ભક્તિના સંગમરૂપે યાદગાર બન્યું હતું

અમરેલી જિલ્લાની જનતા સાથે રેલવે વિભાગનું ઓરમાયો વર્તન ! વેરાવળ હરિદ્વાર ટ્રેનને ફરી સ્ટોપ નહીં

અમરેલી માત્ર ટ્રેન પસાર થવાનો માર્ગ જ બની રહેશે ?



મિલાપ રૂપારેલ અમરેલી,

અમરેલી જિલ્લાને રેલવે સુવિધાના મામલે વધુ એક વખત અન્યાય થયો હોવાની લાગણી પ્રબળ બની છે. ત્યારે આજથી તા. ૨૦થી વેરાવળ–હરિદ્વાર સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનનું ફરી શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે. પરંતુ આ ટ્રેન અમરેલી જિલ્લામાંથી પસાર થતી હોવા છતાં આ અમરેલી જિલ્લામાં આ વેરાવળ–હરિદ્વાર સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનને એક પણ રેલવે સ્ટેશન પર સ્ટોપ આપવામાં આવ્યો નથી. પરિણામે અમરેલી જિલ્લાના મુસાફરોને આ ટ્રેનનો લાભ મળવાનો નથી. ત્યારે રેલવે વિભાગના નિર્ણય સામે જનતામાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

અગાઉ ભાવનગર રેલવે મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક અતુલ કુમાર ત્રિપાઠીના જણાવ્યા અનુસાર ટ્રેન નંબર ૦૯૨૦૩ વેરાવળ–હરિદ્વાર સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનનું સંચાલન આવતીકાલ તા.૨૦ ઓક્ટો. ફરી શરૂ કરવામાં આવશે. અને આગામી તા. ૨૪ નવેમ્બર, ૨૦૨૬ સુધી કરવામાં આવશે. આવતીકાલથી વેરાવળ–હરિદ્વાર સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન ફરી શરૂ થવાથી સૌરાષ્ટ્ર અને ઉત્તર ભારત વચ્ચે મુસાફરી કરતા લોકોને સુવિધા મળવાની આશા છે, પરંતુ અમરેલી જિલ્લાની વાત આવે ત્યારે રેલવે તંત્રનો નિર્ણય નિરાશાજનક સાબિત થયો છે. ટ્રેન અમરેલી જિલ્લામાંથી પસાર થવા છતાં એક પણ સ્ટેશન પર રોકાશે નહીં. આથી જિલ્લાના મુસાફરોને ટ્રેનની સુવિધા મેળવવા અન્ય સ્ટેશનો સુધી જવાની ફરજ પડશે. જ્યારે જિલ્લાની જનતાને હરિદ્વારના પવિત્રધામના દર્શન કરવાના બદલે માત્ર હરિદ્વાર જતી ટ્રેનના દર્શન કરવાના રહેશે.

અમરેલી જિલ્લામાં રેલવે સુવિધાઓ વધારવા અને ટ્રેનોને સ્ટોપ અપાવવાના મુદ્દે અગાઉ જાહેર કરાયેલા વચનો સામે પણ સવાલો ઊભા થયા છે. વેરાવળ–હરિદ્વાર ટ્રેન ફરી શરૂ થવા છતાં અમરેલી જિલ્લામાં એક પણ સ્ટોપ ન મળતાં અગાઉ જાહેર કરાયેલા વચનનું સુરસુરિયું થઈ ગયું હોવાની ચર્ચા છે.

અમરેલી જિલ્લાના રેલવે સ્ટેશન માત્ર રેલવે ટ્રેન પસાર થવાનો માર્ગ બનીને રહી રહેશે? કે પછી જિલ્લાના મુસાફરોને પણ આવી ટ્રેનોનો લાભ મળશે, તે મોટો પ્રશ્ન છે. હવે રેલવે તંત્ર અને સ્થાનિક જનપ્રતિનિધિઓ અમરેલી જિલ્લાના કોઈ સ્ટેશન પર આ ટ્રેનને હોલ્ટ અપાવવા માટે શું કાર્યવાહી કરે છે તેના પર સૌની નજર છે.

સાંસદ આજે ફરી રેલવે તંત્રને રજુઆત કરશે

આ અંગે અમારા પ્રતિનિધિ મિલાપ રૂપારેલ દ્વારા અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા સાથે ટેલિફોનિક વાત કરતા સાંસદે જણાવ્યું હતું કે, આ વેરાવળ–હરિદ્વાર ટ્રેનને અમરેલી જિલ્લાના ત્રણ રેલવે સ્ટેશન ઉપર સ્ટોપેઝ આપવાનું અગાઉ નક્કી થયેલ છે. અને જો સ્ટોપ નહીં અપાય તો આજે ફરી તેઓ આ અંગે જવાબદાર રેલવે તંત્રના અધિકારીઓ સાથે ફોન ઉપર ચર્ચા કરી અમરેલી જિલ્લાના ત્રણ રેલવે સ્ટેશન ઉપર સ્ટોપેઝ આપવા અંગે રજુઆત કરશે.

આવતીકાલથી ત્રણ દિવસ અમરેલી જિલ્લા પોલીસ દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન

મિલાપ રૂપારેલ દ્વારા

અમરેલી તા, ૨૦

સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત અમરેલી જિલ્લા પોલીસ દ્વારા દર વર્ષે તા. ૨૧ ઓક્ટો.ના રોજ ઉજવવામાં આવતા પોલીસ સંભારણા દિવસ નિમિત્તે સામાજિક ઉત્તરદાયિત્વના ભાગરૂપે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત ચાલુ વર્ષે પણ અમરેલી જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનો ખાતે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતના માર્ગદર્શન મુજબ કરવામાં આવેલ છે.

રક્તદાન એ મહાદાન છે. ગત વર્ષ ૨૦૨૫ દરમિયાન અમરેલી જિલ્લા પોલીસ દ્વારા કુલ ૧,૩૫૮ બ્લડ બોટલ એકત્રિત કરવામાં આવી હતી. આ સેવાકીય કાર્યને આગળ ધપાવતા ચાલું વર્ષ ૨૦૨૬માં પણ વધુમાં વધુ બ્લડ બોટલ એકત્રિત કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવેલ છે

જરૂરિયાતમંદ દર્દીઓને સમયસર રક્ત મળી રહે અને રક્તદાન પ્રત્યે લોકોમાં જાગૃતિ ફેલાય તેવા ઉમદા હેતુથી અમરેલી જિલ્લા પોલીસ દ્વારા આ સેવાકીય પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી છે. અમરેલી જિલ્લા પોલીસ દ્વારા તમામ નાગરિકો, યુવાનો તથા સેવાભાવી લોકોને આ રક્તદાન અભિયાનમાં સહભાગી બની માનવતાના આ મહાયજ્ઞને સફળ બનાવવા અપીલ કરવામાં આવે છે.

અત્રે જિલ્લામાં સમગ્ર રક્તદાન કેમ્પમાં રેડ ક્રોસ સોસાયટી, અમરેલી. શાંતાબા ગજેરા હોસ્પિટલ બ્લડ બેંક, અમરેલી, વેદ બ્લડ બેંક, અમરેલી અને કે.કે.મહેતા હોસ્પિટલ બ્લડ બેંક, સાવરકુંડલા સાથે યોજાનાર છે. આ અભિયાન અંતર્ગત જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશનો ખાતે નિર્ધારિત તા. ૨૧થી ૨૩ દરમિયાન રક્તદાન કેમ્પ યોજવામાં આવનાર છે.

આઈ.ટી.આઈ, લીલીયા મોટા ખાતે તા.૨૨ ઓક્ટોબરે અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી રોજગાર ભરતીમેળો યોજાશે

અમરેલી :જિલ્લા રોજગાર વિનિમય કચેરી, બહુમાળી ભવન, સી-બ્લોક, પહેલા માળે, અમરેલી જિલ્લાના રોજગાર ઇચ્છુક ઉમેદવારોને રોજગારીની તકો ઉપલબ્ધ કરાવવાના હેતુસર શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, ગુજરાત સરકાર હેઠળની જિલ્લા રોજગાર વિનિમય કચેરી, અમરેલી અને આઈ.ટી.આઈ., લીલીયાના સંયુક્ત ઉપક્રમે અનુબંધમ પોર્ટલના માધ્યમથી સ્વરોજગાર શિબિર તથા ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે.આ ભરતીમેળો તા. ૨૨/૧૦/૨૦૨૬ (ગુરુવાર) ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે, ઔદ્યોગિક તાલીમ સંસ્થા (), લીલીયા મોટા ખાતે યોજાશે. આ ભરતીમેળામાં ભાગ લેનાર કંપનીઓ અને જગ્યાઓની વિગતો મુજબ ITM Skill Academy (ICICI Bank) માં રિલેશનશિપ મેનેજરની જગ્યા માટે લાયકાત ગ્રેજ્યુએટ (ઓછામાં ઓછા ૫૦%), ઉંમર ૧૮-૨૫ વર્ષ, પગાર રૂ. ૨૫,૦૦૦ અને કાર્યસ્થળ સમગ્ર ગુજરાત રહેશે. ઈંક્ઝ ઓફ ઈન્ડિયા, અમરેલીમાં કેરિયર એજન્ટની જગ્યા માટે લાયકાત ૧૨ પાસ અથવા ગ્રેજ્યુએટ, ઉંમર ૧૮ થી વધુ, પગાર કમિશન બેઝ અને કાર્યસ્થળ અમરેલી જિલ્લો રહેશે. ઉપરાંત અમર ટ્રેક્ટર્સ, અમરેલીમાં વર્કશોપ ટેકનિશિયન (ફક્ત પુરુષ) ની જગ્યા માટે લાયકાતૈં મિકેનિક ડીઝલ, ઉંમર ૧૮-૨૫ વર્ષ, પગાર રૂ. ૯,૦૦૦ અને કાર્યસ્થળ અમરેલી જિલ્લો રહેશે.

આ ભરતીમેળામાં નોકરીદાતા તરફથી દિવ્યાંગ ઉમેદવારો માટે જગ્યાઓ નોંધાયેલ નથી. ભરતીમેળામાં ઉપસ્થિત થતા ઉમેદવારોએ પોતાનો બાયોડેટા, શૈક્ષણિક લાયકાતના મૂળ પ્રમાણપત્રો, અનુભવનું પ્રમાણપત્ર (જે હોય તે), આધાર કાર્ડ તથા પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ સાથે સમયસર હાજર રહેવું. આ અંગે વધુ માહિતી માટે જિલ્લા રોજગાર વિનિમય કચેરી, અમરેલીના ફોન નંબર ૦૨૭૯૨-૨૨૩૩૯૪ પર સંપર્ક કરવો તેમ રોજગાર અધિકારી (સા.), અમરેલી દ્વારા એક યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

કોડીનારના નગરપાલિકાના ઉપપ્રમુખ શિવાભાઈ સોલંકીએ માથે સળગતી ઈંઢોણી ઉપાડી રમ્યો પરંપરાગત રાસ!

માળી શેરીના સળગતી ઈંઢોણીના રાસમાં સહભાગી બની કરી મા અંબાની આરાધના, કોડીનારના નગરજનોના સુખ-સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી

કૈલેશ ભટ્ટ ઉના

નવરાત્રિના પાવન પર્વ નિમિત્તે કોડીનાર શહેરમાં માતાજીની આરાધના સાથે વિવિધ ધાર્મિક આયોજનો યોજાઈ રહ્યાં છે. ત્યારે કોડીનારની માળી શેરી ખાતે સાતમા નોરતે યોજાયેલા પરંપરાગત સળગતી ઈંઢોણીના રાસમાં નગરપાલિકાના ઉપપ્રમુખ શિવાભાઈ સોલંકી સહભાગી બન્યા હતા.તેમણે પોતાના માથે સળગતી ઈંઢોણી ઉપાડીને રાસ રમતાં મા અંબાની આરાધના કરી હતી.

માળી શેરી ખાતે યોજાતા સળગતી ઈંઢોણીના આ પરંપરાગત રાસને નિહાળવા દર વર્ષે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડે છે. આ વર્ષે પણ સાતમા નોરતે રાસ નિહાળવા નગરજનોની મોટી ભીડ એકત્ર થઈ હતી. આ પ્રસંગે નગરપાલિકાના ઉપપ્રમુખ શિવાભાઈ સોલંકીએ માત્ર હાજરી જ નહીં, પરંતુ પોતે પણ માથે સળગતી ઈંઢોણી ઉપાડીને રાસમાં ભાગ લીધો હતો. તેમના આ સહભાગિતાએ ઉપસ્થિત લોકોનું ધ્યાન ખેંચ્યું હતું.નવરાત્રિ દરમિયાન યોજાતા આવા પરંપરાગત રાસ ધાર્મિક શ્રદ્ધા અને લોકસંસ્કૃતિનું પ્રતીક છે. માળી શેરીમાં સળગતી ઈંઢોણીના રાસની પરંપરા નવરાત્રિની ઉજવણીને આગવી ઓળખ આપે છે.આ પ્રસંગે શિવાભાઈ સોલંકીએ મા અંબાના ચરણોમાં કોડીનારના તમામ નગરજનો સુખી, સમૃદ્ધ અને સ્વસ્થ રહે તેમજ શહેરમાં સુખ-શાંતિ અને ખુશહાલી જળવાઈ રહે તેવી પ્રાર્થના કરી હતી. સાતમા નોરતે સળગતી ઈંઢોણીના રાસ સાથે માળી શેરીમાં ભક્તિમય માહોલ છવાયો હતો.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Narayan Arcde, Nr.Old Bus Stand, Amreli. Res.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

લોકશાહીમાં વિરોધનો અધિકાર અને કાયદાની મર્યાદા

લોકશાહી માત્ર ચૂંટણી જીતવા કે સત્તા મેળવવા પૂરતી મર્યાદિત નથી. લોકશાહીની સાચી તાકાત નાગરિકોને પોતાના વિચારો રજૂ કરવાની સ્વતંત્રતા, સરકારને પ્રશ્નો પૂછવાનો અધિકાર અને અન્યાય સામે અવાજ ઉઠાવવાની તક આપવામાં રહેલી છે. પરંતુ આ સ્વતંત્રતા સાથે જવાબદારી પણ જોડાયેલી છે. કોઈ પણ આંદોલન ત્યારે જ લોકશાહી મૂલ્યોને મજબૂત બનાવે છે, જ્યારે તેના હેતુની સાથે તેની પદ્ધતિ પણ લોકશાહી અને કાયદાની મર્યાદામાં રહે. દિલ્હીમાં કોકરોચ જનતા પાર્ટી (ઝઁ) સાથે જોડાયેલા તાજેતરના વિરોધ પ્રદર્શનો અને પોલીસની કાર્યવાહી આ મુદ્દાઓ પર વિચાર કરવાની તક પૂરી પાડે છે.

સોશિયલ મીડિયાના યુગમાં કોઈ વ્યક્તિ કે જૂથને થોડા જ સમયમાં મોટી લોકપ્રિયતા મળી શકે છે. હજારો લોકો સુધી સંદેશ પહોંચાડવો, સમર્થકો એકત્ર કરવા અને કોઈ મુદ્દાને રાષ્ટ્રીય ચર્ચામાં લાવવો પહેલાં કરતાં ઘણો સરળ બન્યો છે. ઝઁ પણ વ્યંગાત્મક નામ અને સોશિયલ મીડિયા આધારિત ઓળખ સાથે ચર્ચામાં આવ્યું હતું. આ જૂથ દ્વારા વિવિધ જાહેર મુદ્દાઓને લઈને વિરોધ પ્રદર્શનો કરવામાં આવ્યાં હતાં. જોકે, સોશિયલ મીડિયા પર મળતું સમર્થન અને વાસ્તવિક રાજકીય સફળતા એક જ બાબત નથી. લાંબા સમય સુધી જનવિશ્વાસ જાળવવા માટે સ્પષ્ટ હેતુ, જવાબદાર નેતૃત્વ અને લોકશાહી પદ્ધતિઓ જરૂરી છે. દિલ્હીના જંતર-મંતર ખાતે વિરોધ પ્રદર્શનના સ્થળ અને પોલીસની પરવાનગી અંગે ઊભા થયેલા પ્રશ્નોએ આ ઘટનાને નવો વળાંક આપ્યો છે. અહેવાલો અનુસાર, જંતર-મંતર ખાતેના પ્રતિબંધો અને નિર્ધારિત શરતોને લઈને પોલીસ તથા પ્રદર્શનકારીઓ વચ્ચે તણાવ ઊભો થયો હતો. જાહેર સ્થળે વિરોધ કરવાની સ્વતંત્રતા મહત્વપૂર્ણ છે, પરંતુ તે સ્થળે લાગુ પડતા કાયદા અને વહીવટી નિયમોનું પાલન કરવું પણ જરૂરી છે. કોઈ જૂથને પોતાની માગણીઓ રજૂ કરવાનો અધિકાર છે, પરંતુ તે અધિકારનો ઉપયોગ અન્ય નાગરિકોના જીવનમાં અવરોધ ઊભો કરવા કે જાહેર વ્યવસ્થાને જોખમમાં મૂકવા માટે થઈ શકે નહીં. અભિજીત દીપકે અને ઝઁ સાથે જોડાયેલા અન્ય લોકો અંગેની કાનૂની કાર્યવાહી પણ ચર્ચામાં રહી છે. કેટલાક સભ્યોની અટકાયત, ન્યાયિક કસ્ટડી અને શાંતિ જાળવવા માટે લેવાયેલા બાંહેધરી સંબંધિત પગલાંના અહેવાલો સામે આવ્યા છે. આવા બનાવોને માત્ર કોઈ જૂથની જીત કે હાર તરીકે જોવાને બદલે કાયદાની પ્રક્રિયાના સંદર્ભમાં સમજવા જોઈએ. શાંતિ જાળવવા માટેનો બોન્ડ એ કાનૂની બાંહેધરી હોઈ શકે છે, પરંતુ તેના ચોક્કસ નિયમો, સમયગાળા અને ભંગના પરિણામો સંબંધિત આદેશ પર આધાર રાખે છે. દરેક કાનૂની કાર્યવાહીનો અર્થ આપમેળે જેલની સજા થાય છે એવું માનવું યોગ્ય નથી. ધ્રુવ રાઠી અંગે સાકેત કોર્ટના જામીનપાત્ર વોરંટના સમાચાર પણ ચર્ચામાં આવ્યા છે. જોકે, ઉપલબ્ધ અહેવાલ મુજબ આ કાર્યવાહી વર્ષ ૨૦૧૮ના માનહાનિના કેસ સાથે સંબંધિત છે. તેથી તેને ઝઁના વિરોધ પ્રદર્શન સાથે સીધો સંબંધ ધરાવતી કાર્યવાહી તરીકે રજૂ કરતાં પહેલાં બંને બાબતો વચ્ચેનો તફાવત સમજવો જરૂરી છે.

ઘણાં મરજો પણ ગામના પાલનહાર ન મરજો...

ત્રણ વરસના દુકાળ વખતે ગામનાં લોકો તથા ઢોરઢાંખરને પાલવતા સરપંચની કુદરતે જાણે કસોટી કરી તે પોતે ખોરડું, ખેતર વેચી પરિવાર સાથે કૂબામાં રહેવા લાગ્યા, છેવટે ભૂખ ભરડો લઈ ગઈ અને પ્રતિષ્ઠા જોખમાણી ત્યારે પોતે સોખમાણા અને ગામને સીમાડે વાવમાં ઝંપલાવી તેણે જીવન ટૂંકાવ્યું, ગામના ખેડૂતની આ છે કરુણ કહાની.



અલપ ઝલપ -ડો. મનહર ઠાકર

રાઘવ આસો માસની ઉજળી આઠમ ને રવિવારની રાત્રે છેલ્લી લોકલ ટ્રેનમાં રાજપરાના સ્ટેશને ઉતર્યો. રાત્રિના દસ વાગ્યે રાજપરા જેવા ફ્લેગ સ્ટેશને ઉતરનાર પેસેન્જરોમાં કોઈ જાણીતું નહોતું. સૌ ઉતાવળી ચાલે ગામભણી વહેતા થયાં પણ, એ ધીમે ધીમે ચાલતો સૌની પાછળ રહી ગયો. આમે ય એના બાપા કાયમ કહેતા : તારા પગ બહુ ધીમા છે, થોડુંક ઉતાવળું હાલવાની ટેવ પાડ...!

પણ એ તો ધીમા પગલે આખો મલક ફરી આવ્યો હતો અને બીચારા બાપાને ક્યાંથી ખબર પડી હોય ? અંધારી રાતમાં ઘુવડ બોલતાં હતાં. વાતાવરણમાં રાતનો ઘેરો સૂનકાર હતો. એકાએક એની સાથે ઘસાઈને એક માણસ પસાર થઈ ગયો ત્યારે એ હબકી ગયો. અજાણ્યા માણસે પાછળ ફરી એનું મોઢું કળવાનો પ્રયાસ કર્યો પણ એનેય અજાણ્યો લાગ્યો એટલે એ આગળ ઉપડી ગયો.

આમેય અહીં એને કોઈ ઓળખે એમ એ ઈચ્છતો ન હતો. કોઈનેય ઓળખાવાની એને જરૂર પણ ક્યાં હતી ? શી ખબર કેમ પણ રાઘવે પગલાની ઝડપ વધારી દીધી ને સામેની નદીના પટે ચઢવા માંડયો. નદીના પટે ચઢતા એને શ્વાસ ચઢી ગયો. બાળપણમાં ભાઈબંધો સાથે દોડીને નદીએ આવવાની શરત લાગતી. એ દોડીને આ નદીએ પહોંચી જતો અને કાયમ જીતી જતો. પણ એ વાતને આજકાલ કરતાં પાંત્રીસ વરસ થયા હશે. હવે એના છત્રીસ વરસના ખોળિયામાં દોડીને તો શું ધીમા પગલે ચાલીને નદીએ પહોંચવાની ત્રેવડ માંડ માંડ રહી હતી. દૂર દેખાતા ગામમાં સાંજે જલાવેલી બત્તીઓ કાળી રાતમાં ચમકતી હતી. નદી કાંઠે એક બાજુએ વાવ હતી. ચાલતા ચાલતા એના પગ એકાએક થંભી ગયા. ગામમાં જલાવેલી બત્તીઓ એના હૃદયમાં સળગવા માંડી. આ એ જ વાવ હતી, જેને રાજપરામાં લોકો ગોઝારી વાવ કહે છે. ઘડાઉ પથ્થરનું એક થાળું બાંધેલી વાવના પાળામાં ગાબડાં પડી ગયા હતાં. એની આંખો વાવ સામે જાણે તરસી ડૂબી ગઈ. ક્ર... બાં...ગ.... કરતો ક અવાજ આવ્યો અને કોઈ માનવ દેહ એ વાવમાં પછડાયો. વાવની આજુબાજુનાં વૃક્ષો ઉપર જંપીને બેઠેલાં પંખીઓ ફફડીને ઉડી ગયાં. શાન્ત અને ભેંકાર રાત્રિમાં ઉડતી ચિબરીએ ભયાનક ચિત્કાર કર્યો, ને એ વાવ તરફ ધસી ગયો ! એને દોડતા દોડતા લાગેલી ઠેસથી એ ગબડી પડ્યો અને ભૂતકાળની ભ્રમણાઓ ગુમ થઈ ગઈ..

વાવના કાંઠે નર્યો સૂનકાર હતો. ન પંખીઓ, ન ચિબરી, ન કોઈ ફફડાટ કે ન તો કોઈ માનવ દેહની પછડાટથી હિલારા મારતું વાવનું કાળું ભમ્મર પાણી ! બધુંય સ્મશાનવત્ શાન્ત હતું, પણ સામેના ડુંગરા પરથી ઘુવડનો બિહામણો અવાજ, ઘૂ... ઘૂ... ઘૂ... પડઘાતો હતો.

રાઘવે ચંદ્રના અજવાળામાં વાવમાં ડોકાઈને જોયું. શાન્ત પાણી રાતના અંધકારમાં જોકે ચેતી ગયું હોય એમ મંદ મંદ હલનચલન કરતું હતું. એ વાવની ગાબડાં પડેલી પાળે બેઠો. ત્યારે વાવ પરના ઘેઘૂર વડલા પરથી તેને કોઈ વાર્તા કહેવા લાગ્યું :

' હે ભાઈ ! સાંભળ, અહીં જ આ જ વાવમાં ગામના યુવાન સરપંચ સામંતે જીવ આપ્યો હતો. એ દિવસે તો આ વાવનું પાણી હિલ્લોળા મારી મારીને ઉપર લગી ઉભરાતું હતું ત્યારે પોતાની બૈરી અને પાંચ વરસના દીકરા હમીરને નોંધારા મેલીને તેણે આ વાવમાં ઝંપલાવ્યું હતું.

એને આપઘાત શું કામ કરવો પડયો એ પણ એ જાણતો હતો. ખોરડાની ખાનદાની ઉપર કુદરતનો હુમલો થયો હતો. ત્રણ વરસના ઉપરા ઉપરી દુકાળે ધરતીના અમી સુકવી

નાખ્યાં હતાં...ત્યારે ગામ આખાને દાણોપાણી અને ઢોરઢાંખરને ચારો લાવીને જીવમાતરનાં પેટ ઠારવાની ફર્ય આ સરપંચ ચારછેડા ભેળાં કરીને કરતો હતો. હવે દાણો પાણી અને ઘાંસ ચારો મળવાનું અઘરું થઈ પડ્યું. ગામેગામ દુકાળે ભરડો લીધેલો. સામંતની ઘરવાળી પણ મૂંઝાઈ ગઈ. તોય તેને હિંમત આપીને તે કહેતો, 'તું ફકર્ય કરીશ મા.' એ થોડીવાર રોકાઈ ગયો પછી એણે કહ્યું : ' આપણે ઘરમાં હાંડલા લડે છે એટલે મજૂરીયું કર્યા વિના મારગ નથી.'

ગામ માટે એણે પોતાનું ભર્યુંભાદર્યું ઘર ખાલી કરી નાખ્યું. પોતાને પણ ખાવાનાં સાંસા પડ્યાં. પોતે તો ઠીક પણ બૈરી અને પાંચ વરસનો છોકરો ભૂખ્યાં રહે . ઉપરાંત પોતાનાં ગાય, ભેંસ ને બળદ પણ ઘાંસચારો અને પાણી વગર વલખાં મારે તે એનાથી જોયું જાતું ન હતું. ગામ આખાનું નું જતન કરવા તેણે ખોરડું વેચ્યું, ખેતર વેચ્યું અને કૂબામાં વાસ કરી લીધો હતો. તેના પરિવારને જુવારનો બટકું રોટલોય ન મળે ત્યારે બેત્રણ ઘૂંટડા પાણી પીવાથી જઠરાગ ઠારવાનો વારો આવ્યો હતો.

પરદુઃખે દુઃખી થનારો આ માણસ હવે તો ભોંય ભેળો થવા લાગ્યો. પોતે લૂંટાઈ ગયો અને લૂંટાઈ ગયેલી પ્રતિષ્ઠા પછી ગામ સામે આવવાને બદલે તેણે આ વાવમાં ઝંપલાવી દીધેલું. એ દિવસે ગામમાંથી રાહતનું અનાજ લેવા સૌ તાલુકે ગયેલાં. સાંજ પડી ત્યારે ચોરે પોલીસગાડી પડી હતી. આજે રાંક બનેલા ગામમાં સૌના મોઢે એક જ વાત, "ભારે થઈ ગઈ, સરપંચે વાવમાં ઝંપલાવ્યું..."

પોલીસે કાગળો કર્યા : " વાવમાં પડીને આપઘાત કરનારનું નામ...?"

" સરપંચ સામંત વીહાભાઈ " રડમસ અવાજે એક વૃદ્ધ માંડ માંડ બોલી શક્યા.

પોલીસે નામ તો લખ્યું પણ તેનાથી જ બોલાઈ જવાયું, " ઘણાં મરજો પણ ગામના પાલનહાર ન મરજો."

આખી વાર્તા સાંભળીને અર્ધી રાતે રાઘવ વાવના તગતગતા પાણી ભણી ડોકિયું કરે છે ત્યારે ઊંચેરા ચાંદાના અજવાળે તેનાં ચહેરાનું પ્રતિબિંબ વાવમાં દેખાયું. તેણે બે હાથ જોડીને સામંતને પ્રણામ કર્યા તે પણ પાણીમાં ઝીલાઈ ગયું.

અસત્ય ઉપર સત્યનો વિજય 'વિજયાદશમી'

નવરાત્રીનો દશમો દિવસ આપણે વિજયાદશમી તરીકે ઉજવીએ છીએ. આ દિવસ એટલે દશેરા, આ દિવસ આપણે વિજયોત્સવ તરીકે ઉજવીએ છીએ. અસત્ય ઉપર સત્યનો વિજય, દંભ અહંકાર ઉપરનો વિજય અધર્મ ઉપર ધર્મનો વિજય. આજના દિવસે આ પાવન વિજયનો ઉત્સવ મનાવાય છે.

પહેલો વિજય માં દૂર્ગાનો મહિષાસૂર રાક્ષસ ઉપરનો વિજય. બીજો વિજય પ્રભુ શ્રી રામચંદ્રજીનો રાવણ ઉપરનો વિજય આ બન્ને વિજય આપણને એક જ સંદેશો આપે છે કે બુરાઈ ગમે તેટલી શક્તિશાળી કેમ નહોય ? પરંતુ અંતમાં તે હારી જાય છે.

મહિષાસુરે તપથી એવું વરદાન માંગ્યું હતું કે તે કોઈથી ન મરેપ દેવતાઓ ઋષિઓ તેનાથી ત્રાસી ગયા હતા. અંતે 'માં' ની આરાધના કરી તેને પ્રસન્ન કરી તેને મારવાની પ્રાર્થના કરી હતી. નવ દિવસ બન્નેનું સતત યુધ્ધ ચાલ્યું અને દશમે દિવસે માતાજીએ તે મહિષાસુર રાક્ષસનો વધ કર્યો. ત્રણેય લોકમાં માતાજીનો જયજયકાર ગુંજી ઉઠયો અને માં ની સ્તુતિ કરી.

ભગવાન રામચંદ્રે શ્રવણ નક્ષત્રમાં દસમીના દિવસે રાવણ વિજય માટે પ્રસ્થાન કર્યું હતું. તેથી તે દિવસે બધા મનુષ્યોએ પ્રગતિના માટે સીમોલ્લંઘન કરવું જોઈએ.

ભારતીય સંસ્કૃતિ વીરતાની પૂજક છે. શૌર્યની ઉપાસક છે. વ્યક્તિ અને સમાજના લોહીમાં તે ગુણ જાય એટલા માટે આપણા પૂર્વજોએ ઉત્સવ રાખ્યો અને તેનું નામ દશેરા. દશેરા એ સીમોલ્લંઘનનું પ્રતીક છે. દશેરાએ વિજયા દશમીના નામે પણ પ્રચલિત છે. વિજય કોને મળે ? યુદ્ધમાં લડે તેને. પાંગળાને નહીં. લડયા વગર વિજય શક્ય નથી. તેથી દશેરા એ તો વીરતાનું પર્વ છે. મર્દાંગીનું, સંગ્રામનું સાહસનું પર્વ છે.

દશેરા એ સીમોલ્લંઘનનું પ્રતીક છે તેથી યુદ્ધ અનિવાર્ય હોય તો સામાન્ય રીતે ચડાઈ કરીને શત્રુનો પરાભવ કરવો એ રણનીતિ છે.

પ્રભુ રામચંદ્રના સમયથી જ આ દિવસ સીમોલ્લંઘનનું પ્રતીક બન્યો છે.

શિવાજીએ આજ દિવસે ઔરંગઝેબને ઝબ્બે કરવા પ્રસ્થાન કરી તેને ત્રાહ-ત્રાહ પોકરાવીને હિંદુધર્મનું રક્ષણ કર્યું હતું.

આ દિવસનું મહત્ત્વ : વ્યવહારની દૃષ્ટિએ વર્ષા ઋતુએ પોતાની માયા સંકેલી લીધી હોય, નવા ધાન્યોનો મોલ ખેતરમાં લહેરાતો જોઈ માનવીનો આનંદ માતો ન હોય. રસ્તા પરનો કાદવ સુકાઈ ગયો હોય, હવામાન અનુકૂળ હોય, આકાશ સ્વચ્છ હોય, નસેનસમાં ઉત્સાહ સમાતો ન હોય ત્યારે જ વિજય પ્રસ્થાન કરવાનું હોય ને ? અને વિશેષતો જગદંબાની ઉપાસના કરી શત્રુને સંહારવાની શક્તિ મેળવી હોય- એ જોમ એ જોશ, અને એ શક્તિ, નસેનસમાં સમાતા ન હોય. ત્યારેજ પ્રસ્થાન કરી દુશ્મન પર ત્રાટકવાનું હોય ને ? અને એનો પરાભવ કરી અઢળક સંપત્તિ લઈ પાછા ફરવાનું રઘુરાજાને પણ સીમોલ્લંઘન કરવાનો પ્રસંગ આવ્યો હતો. રઘુરાજાને ત્યાં વરતંતુનો શિષ્ય કૌત્સ-આશ્રમ માટે ગુરુ દક્ષિણાના રૂપે ચૌદકરોડ સોનામહોર લેવા આવ્યો. વર્ષના વસેલા મેઘની જેમ દાન આપી રઘુરાજા ખાલી થઈ ગયા હતા. રઘુરાજાને લાગ્યું કે વેદ-વિદ્યાવ્રત સ્નાતક, ગુરૂદક્ષિણા માટે આવે અને ખાલી હાથે તેના આંગણેથી પાછો ફરે તો તેની સાત પેઢી લાજે એ અપજશ હું ન લઉ.રઘુએ કુબેરને જે હંમેશા ધન સંગ્રહીને જ બેઠો છે. તેને સીમોલ્લંઘન કરવાનું 'અલ્ટીમેટમ' આપ્યું.

વિજયાદશમી : સત્ય, શૌર્ય અને સદાચારના વિજયનું પવિત્ર પર્વ

વિજયાદશમી ભારતીય સંસ્કૃતિનો એક એવો પવિત્ર તહેવાર છે, જે માનવજીવનમાં આશા, હિંમત, સત્ય અને સદાચારનો પ્રકાશ પાથરે છે. આસો મહિનાના શુક્લ પક્ષની દશમીએ ઉજવાતુ આ પર્વ દશેરા તરીકે પણ ઓળખાય છે. નવરાત્રિના નવ દિવસ સુધી માતાજીની આરાધના કર્યા પછી દસમા દિવસે વિજયાદશમીનું પર્વ ઊજવવામાં આવે છે. આ દિવસ માત્ર ધાર્મિક આસ્થા કે પરંપરાનું પ્રતીક નથી, પરંતુ માનવીને પોતાના જીવનમાં રહેલી નબળાઈઓને દૂર કરીને સારા માર્ગે આગળ વધવાની પ્રેરણા આપતો ઉત્સવ પણ છે.

આસપાસ ચોપાસ સુરેશ ભટ્ટ

ભારતીય સંસ્કૃતિએ હંમેશાં સત્ય, ન્યાય, કરુણા અને ધર્મને જીવનનાં મહત્ત્વનાં મૂલ્યો ગણ્યાં છે. વિજયાદશમી આ જ મૂલ્યોની સ્થાપના અને તેમના વિજયનો સંદેશ આપે છે.

વિજયાદશમીના નામમાં જ વિજયનો ભાવ સમાયેલો છે. વિજય એટલે સફળતા અને દશમી એટલે દશમો દિવસ. આ દિવસને શુભ કાર્યની શરૂઆત માટે પણ મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. ભારતીય પરંપરામાં એવી માન્યતા છે કે આ દિવસે શરૂ કરવામાં આવેલું કાર્ય શુભ ફળ આપે છે. જોકે, કોઈપણ કાર્યમાં સાચી સફળતા મેળવવા માટે માત્ર શુભ દિવસની પસંદગી પૂરતી નથી. તેની સાથે નિષ્ઠા, મહેનત, ધીરજ અને સારા ઇરાદા પણ જરૂરી છે. વિજયાદશમી આપણને સમજાવે છે કે જીવનમાં સફળતા મેળવવી હોય તો સારા વિચારો અને સદાચારને જીવનનો આધાર બનાવવો જોઈએ.

વિજયાદશમી સાથે બે મુખ્ય ધાર્મિક પ્રસંગો જોડાયેલા છે. એક તરફ ભગવાન શ્રીરામે રાવણનો વધ કરીને અધર્મ પર ધર્મનો વિજય સ્થાપ્યો હતો, તો બીજી તરફ માતા દુર્ગાએ મહિષાસુર નામના અસુરનો સંહાર કરીને દુષ્ટ શક્તિઓથી જગતને મુક્ત કર્યું હતું. આ બંને પ્રસંગો ભારતીય જનમાનસમાં સત્ય અને અસત્ય, ન્યાય અને અન્યાય તથા સદાચાર અને દુષ્ટતા વચ્ચેના સંઘર્ષનાં પ્રતીક બની રહ્યા છે. આ કથાઓનો હેતુ માત્ર ભૂતકાળની ઘટનાઓનું સ્મરણ કરવાનો નથી, પરંતુ માનવીને વર્તમાન જીવનમાં સારા માર્ગે ચાલવાની પ્રેરણા આપવાનો પણ છે.

ભગવાન શ્રીરામ અને રાવણની કથા વિજયાદશમીના પર્વનું સૌથી જાણીતું પ્રતીક છે. રામાયણ અનુસાર, લંકાના રાજા રાવણે સીતાનું અપહરણ કર્યું હતું. પોતાની પત્નીને પાછી મેળવવા અને અન્યાયનો અંત લાવવા માટે ભગવાન શ્રીરામે વાનરસેનાની સહાયથી લંકા પર ચઢાઈ કરી. ભયંકર યુદ્ધના અંતે શ્રીરામે રાવણનો વધ કર્યો અને સીતાને મુક્ત કરાવ્યાં. આ પ્રસંગ ધર્મ અને ન્યાયની સ્થાપનાના પ્રતીક તરીકે યાદ કરવામાં આવે છે.

રાવણ વિદ્વાન હતો, શક્તિશાળી હતો અને તેની પાસે અનેક પ્રકારનું જ્ઞાન હતું. તેમ છતાં, તેના અહંકાર, અન્યાય અને અનૈતિક વર્તને તેના પતનનો માર્ગ તૈયાર કર્યો. આ કથા માનવીને એક મહત્ત્વપૂર્ણ પાઠ શીખવે છે કે જ્ઞાન, સંપત્તિ અને સત્તા પ્રાપ્ત કરવી એ જ જીવનની સાચી સફળતા નથી. આ બધાંની સાથે વિનમ્રતા, નૈતિકતા અને બીજાં પ્રત્યે સન્માનની ભાવના હોવી જોઈએ. જ્યારે વ્યક્તિ પોતાની શક્તિનો ઉપયોગ બીજાને દુઃખ પહોંચાડવા માટે કરે છે, ત્યારે તેની સિદ્ધિઓ પણ તેને પતનથી બચાવી શકતી નથી.

વિજયાદશમીના દિવસે અનેક સ્થળોએ રાવણ, કુંભકર્ણ અને મેઘનાદનાં પૂતળાંનું દહન કરવામાં આવે છે. આ પરંપરા દ્વારા દુષ્ટતાના અંત અને સદાચારના વિજયનો સંદેશ આપવામાં આવે છે. લોકો મેદાનોમાં એકત્રિત થાય છે, રામલીલાનું આયોજન થાય છે અને અંતે પૂતળાંનું દહન કરવામાં આવે છે. બાળકો અને યુવાનો માટે આ પ્રસંગ આનંદ અને ઉત્સાહનો અવસર બને છે. જોકે, આ પરંપરાનું સાચું મહત્ત્વ ત્યારે જ સમજાય, જ્યારે આપણે રાવણના પૂતળાની સાથે પોતાના મનમાં રહેલા અહંકાર, ક્રોધ, ઈર્ષ્યા, લોભ અને દ્વેષને પણ દૂર કરવાનો સંકલ્પ કરીએ.

માતા દુર્ગા અને મહિષાસુરની કથા પણ વિજયાદશમીના પર્વને વિશેષ મહત્ત્વ આપે છે. પૌરાણિક માન્યતા અનુસાર, મહિષાસુરે પોતાની શક્તિના અભિમાનમાં દેવતાઓ અને સમગ્ર જગતને ત્રાસ આપ્યો હતો. તેની દુષ્ટતાનો અંત લાવવા માટે માતા દુર્ગાએ યુદ્ધ કર્યું અને અંતે તેનો સંહાર કર્યો. આ વિજયને સ્ત્રીશક્તિ, સાહસ અને ન્યાયની સ્થાપનાના પ્રતીક તરીકે જોવામાં આવે છે. માતા દુર્ગાની આરાધના આપણને યાદ અપાવે છે કે શક્તિનો સાચો અર્થ બીજાઓ પર વર્ચસ્વ જમાવવો નથી, પરંતુ નિર્બળનું રક્ષણ કરવું અને અન્યાય સામે અવાજ ઉઠાવવો છે.

આજના સમયમાં આ સંદેશનું વિશેષ મહત્ત્વ છે. સમાજમાં મહિલાઓ પ્રત્યે ભેદભાવ, હિંસા અને અન્યાયની ઘટનાઓ આપણને વિચારવા મજબૂર કરે છે. જો આપણે ખરેખર માતાજીની ઉપાસના કરતા હોઈએ, તો મહિલાઓને સમાન સન્માન, સુરક્ષા અને સ્વતંત્રતા આપવી આપણી સામાજિક જવાબદારી છે. દીકરીઓને શિક્ષણની સમાન તકો આપવી, તેમના સપનાંને પ્રોત્સાહન આપવું અને તેમની ક્ષમતામાં વિશ્વાસ રાખવો એ પણ શક્તિની ઉપાસનાનું એક વ્યવહારુ સ્વરૂપ છે. માત્ર પૂજા કરવાથી જ નહીં, પરંતુ પોતાના વર્તનમાં સન્માન અને સમાનતા ઉતારવાથી જ તહેવારનો સંદેશ સાર્થક બને છે.

વિજયાદશમી આપણને આત્મવિજયનું મહત્ત્વ પણ સમજાવે છે. દુનિયાને જીતવા કરતાં પોતાના મનને જીતવું ઘણી વાર વધારે મુશ્કેલ હોય છે. ક્રોધ આવે ત્યારે શાંત રહેવું, મુશ્કેલી આવે ત્યારે હિંમત ન હારવી, સફળતા મળે ત્યારે અહંકાર ન કરવો અને નિષ્ફળતા મળે ત્યારે નિરાશ ન થવું એ જીવનના સાચા વિજય છે. માણસ બહારની દુનિયામાં કેટલીય સિદ્ધિઓ મેળવે, પરંતુ જો તે પોતાની વૃત્તિઓ પર નિયંત્રણ રાખી શકતો ન હોય, તો તેની સફળતા અધૂરી રહે છે.

આજના યુગમાં માણસ પાસે જ્ઞાનનાં અનેક સાધનો છે. વિજ્ઞાન, ટેકનોલોજી અને આધુનિક સંચારનાં માધ્યમોએ જીવનને સરળ બનાવ્યું છે. છતાં, માનવીય સંબંધોમાં તણાવ, અસહિષ્ણુતા, સ્વાર્થ અને માનસિક અશાંતિ જેવી સમસ્યાઓ જોવા મળે છે. આવી સ્થિતિમાં વિજયાદશમીનો સંદેશ વધુ પ્રસ્તુત બને છે. આપણે બીજાની સફળતાથી ઈર્ષ્યા કરવાને બદલે તેમની પાસેથી પ્રેરણા લેવી જોઈએ. મતભેદ હોય તો સંવાદ દ્વારા ઉકેલ શોધવો જોઈએ. કોઈ વ્યક્તિ ભૂલ કરે તો તેને સુધરવાની તક આપવી જોઈએ. સમાજમાં શાંતિ અને સહકારનું વાતાવરણ ઊભું કરવા માટે સહનશીલતા અને પરસ્પર સન્માન જરૂરી છે. વિજયાદશમીનો પર્વ આપણને કર્મની મહત્તા પણ સમજાવે છે. જીવનમાં કોઈપણ વિજય એક દિવસમાં પ્રાપ્ત થતો નથી. તેની પાછળ સતત પ્રયત્ન, શિસ્ત, આયોજન અને ધીરજ રહેલાં હોય છે. વિદ્યાર્થીઓ માટે આ પર્વ અભ્યાસમાં નિયમિતતા જાળવવાનો સંદેશ આપે છે. યુવાનો માટે તે પોતાના લક્ષ્ય પ્રત્યે નિષ્ઠાવાન રહેવાની પ્રેરણા છે. ખેડૂતો, શ્રમિકો, વેપારીઓ અને કર્મચારીઓ માટે આ દિવસ પોતાની ફરજ પ્રત્યે સમર્પિત રહેવાનો સંકલ્પ કરવાનો અવસર છે. જે વ્યક્તિ નિષ્ઠાપૂર્વક મહેનત કરે છે અને મુશ્કેલીઓ સામે ઝૂકવાને બદલે તેમનો સામનો કરે છે, તે અંતે સફળતાની નજીક પહોંચે છે. ભારતીય પરંપરામાં વિજયાદશમીના દિવસે શસ્ત્રપૂજા અને સાધનોની પૂજા કરવાની પ્રથા પણ છે. કેટલાક પ્રદેશોમાં વાહનો, પુસ્તકો, ખેતીનાં સાધનો અને વ્યવસાયમાં ઉપયોગમાં લેવાતાં ઉપકરણોની પૂજા કરવામાં આવે છે. આ પરંપરાનો ભાવ એ છે કે જે સાધનો આપણા જીવનનિર્વાહ અને પ્રગતિમાં મદદરૂપ બને છે, તેમનું સન્માન કરવું જોઈએ. જોકે, સાધનોની પૂજા સાથે તેમનો યોગ્ય અને જવાબદારીપૂર્વક ઉપયોગ કરવો પણ એટલો જ જરૂરી છે. શસ્ત્રોનું મહત્ત્વ રક્ષણમાં છે, વિનાશમાં નહીં. જ્ઞાનનું મહત્ત્વ માનવકલ્યાણમાં છે, અહંકારમાં નહીં. સંપત્તિનું મહત્ત્વ જીવનને સમૃદ્ધ બનાવવામાં છે, અન્યાયી શોષણમાં નહીં.

આ દિવસે વેપારીઓ અને ઉદ્યોગકારો પણ નવાં કાર્યોની શરૂઆત કરવા માટે શુભ મુહૂર્ત પસંદ કરે છે. નવા હિસાબો, વ્યવસાયની નવી યોજનાઓ અને ભવિષ્યના લક્ષ્યો નક્કી કરવામાં આવે છે. પરંતુ વ્યવસાયમાં સાચો વિજય માત્ર વધુ નફો મેળવવામાં નથી. ગ્રાહકો સાથે પ્રામાણિકતા, કર્મચારીઓ સાથે ન્યાયી વર્તન, ગુણવત્તા પ્રત્યેની પ્રતિબદ્ધતા અને સમાજ પ્રત્યેની જવાબદારી પણ સફળતાના અગત્યના આધાર છે. નૈતિકતા વિના મેળવેલી સમૃદ્ધિ લાંબા સમય સુધી સુખ આપી શકતી નથી.

વિજયાદશમી પર્યાવરણ પ્રત્યેની જવાબદારીનો વિચાર કરવાની તક પણ પૂરી પાડે છે. તહેવારોમાં આનંદ અને ઉત્સાહની સાથે પ્રકૃતિની સુરક્ષાનું ધ્યાન રાખવું જરૂરી છે. પૂતળાંના દહન અને અન્ય કાર્યક્રમોમાં પર્યાવરણને ઓછું નુકસાન થાય તેવા વિકલ્પો અપનાવવા જોઈએ. અવાજનું પ્રદૂષણ ઘટાડવું, જાહેર સ્થળોએ સ્વચ્છતા જાળવવી અને પ્લાસ્ટિકનો બિનજરૂરી ઉપયોગ ટાળવો એ પણ સામાજિક જાગૃતિનાં ઉદાહરણો છે. તહેવારની ઉજવણી એવી હોવી જોઈએ કે તેનાથી માનવીને આનંદ મળે અને પ્રકૃતિને નુકસાન ન પહોંચે.

આપણા દેશમાં વિવિધ ભાષાઓ, પરંપરાઓ અને રીતરિવાજો હોવા છતાં વિજયાદશમીનો મૂળ ભાવ સૌને એકસાથે જોડે છે. ક્યાંક રાવણદહન થાય છે, ક્યાંક માતા દુર્ગાની મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવે છે, તો ક્યાંક શસ્ત્રપૂજા અને નવા કાર્યનો આરંભ કરવામાં આવે છે. ઉજવણીની રીત અલગ હોઈ શકે, પરંતુ દરેક પરંપરામાં સારા તત્ત્વોના વિજય અને જીવનમાં નવી શરૂઆતની ભાવના જોવા મળે છે. આ વિવિધતા ભારતની સાંસ્કૃતિક સમૃદ્ધિનું પ્રતિબિંબ છે. આપણે તહેવારોને માત્ર રજાના દિવસ કે મનોરંજનના અવસર તરીકે ન જોઈએ. દરેક તહેવારના મૂળમાં કોઈ ને કોઈ જીવનમૂલ્ય રહેલું હોય છે. વિજયાદશમી આપણને પૂછે છે કે શું આપણે પોતાના જીવનમાંથી અસત્ય, અન્યાય અને અહંકારને ઓછા કરી શક્યા છીએ? શું આપણે કોઈ દુઃખી વ્યક્તિના જીવનમાં આશાનો દીવો પ્રગટાવી શક્યા છીએ? શું આપણે પરિવાર અને સમાજમાં પ્રેમ, વિશ્વાસ અને સહકાર વધારવા માટે પ્રયત્ન કર્યો છે? આ પ્રશ્નોના જવાબમાં જ તહેવારની સાચી ઉજવણી સમાયેલી છે.

વિજયાદશમીના પવિત્ર અવસરે આપણે સૌ સંકલ્પ કરીએ કે સત્યનો માર્ગ ગમે તેટલો મુશ્કેલ હોય, તો પણ તેને છોડવો નહીં. અન્યાય સામે મૌન રહેવાને બદલે યોગ્ય રીતે તેનો વિરોધ કરવો. પોતાની સફળતામાં બીજાના યોગદાનને યાદ રાખવું અને જરૂરિયાતમંદ વ્યક્તિની મદદ કરવા હંમેશાં તૈયાર રહેવું. પરિવારથી શરૂ કરીને સમાજ સુધી સદભાવના અને માનવતાનો વિસ્તાર કરવો. પોતાના વિચારોને શુદ્ધ, વાણીમાં મધુરતા અને વર્તનમાં પ્રામાણિકતા લાવવાનો પ્રયાસ કરવો.

અંતે, વિજયાદશમીનો સાચો અર્થ માત્ર રાવણના પૂતળાનું દહન કરવામાં નથી, પરંતુ મનુષ્યના અંતરમાં રહેલી દુષ્ટ વૃત્તિઓના દહનમાં છે. ભગવાન શ્રીરામનો આદર્શ

બાબર આઝમે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૧૬,૦૦૦ રન પૂરા કર્યા : વિરાટ કોહલીનો વિશ્વ રેકોર્ડ અકબંધ

કોલંબો,

પાકિસ્તાનના સ્ટાર બેટ્સમેન બાબર આઝમે પોતાની કારકિર્દીમાં વધુ એક મોટો સીમાચિહ્ન હાંસલ કર્યો છે. શ્રીલંકા સામેની વનડે ત્રિકોણીય શ્રેણીની પ્રથમ મેચમાં, બાબરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૧૬,૦૦૦ રન પૂરા કર્યા. તે આ સીમાચિહ્ન સુધી પહોંચનાર પાંચમો પાકિસ્તાની બેટ્સમેન બન્યો. જોકે, આટલી મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરવા છતાં, બાબર ભારતીય દિગ્ગજ વિરાટ કોહલીનો વિશ્વ રેકોર્ડ તોડવામાં નિષ્ફળ રહ્યો.

રાવલપિંડી ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રવિવારની મેચમાં બાબરે પોતાની ઈનિંગ દરમિયાન આ સિદ્ધિ હાંસલ કરી. ૧૬,૦૦૦ આંતરરાષ્ટ્રીય રન પૂરા કરવા માટે તેને ફક્ત સાત રનની જરૂર હતી. તેના ઉત્તમ સમય અને શાનદાર કવર ડ્રાઈવને કારણે તેણે ઝડપથી આ સીમાચિહ્ન હાંસલ કર્યું. બાબરે ત્રણેય ફોર્મેટમાં કુલ ૩૯૯ ઈનિંગ્સમાં ૧૬,૦૦૦ રન પૂરા કર્યા, જે પાકિસ્તાન માટે આ સીમાચિહ્ન સુધી પહોંચનાર ત્રીજા સૌથી ઝડપી બેટ્સમેન બન્યા.

મોહમ્મદ યુસુફ અને જાવેદ મિયાંદાદે પાકિસ્તાન માટે ઓછી ઈનિંગ્સમાં આ સિદ્ધિ હાંસલ કરી. યુસુફે ૩૮૮ ઈનિંગ્સમાં ૧૬,૦૦૦ આંતરરાષ્ટ્રીય રન પૂરા કર્યા, જ્યારે મિયાંદાદે ૩૯૮ ઈનિંગ્સમાં આ સિદ્ધિ હાંસલ કરી. બીજી તરફ, વિરાટ કોહલી આ સિદ્ધિનો વિશ્વ રેકોર્ડ ધરાવે છે. કોહલીએ માત્ર ૩૫૦ ઈનિંગ્સમાં ૧૬,૦૦૦ આંતરરાષ્ટ્રીય રન પૂરા કર્યા. આ સીમાચિહ્ન સુધી પહોંચવા છતાં, બાબર ભારતીય બેટ્સમેનના રેકોર્ડથી ઘણો દૂર રહ્યો.

બાબર આઝમ પહેલા, ચાર પાકિસ્તાની બેટ્સમેનોએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૧૬,૦૦૦ કે તેથી વધુ રન બનાવ્યા છે. ઈન્ઝમામ-ઉલ-હક ૨૦,૫૪૧ રન સાથે યાદીમાં ટોચ પર છે. ભૂતપૂર્વ કેપ્ટન યુનિસ ખાન ૧૭,૭૯૦ રન સાથે બીજા ક્રમે છે. મોહમ્મદ યુસુફના ૧૭,૧૩૪ રન છે, જ્યારે જાવેદ મિયાંદાદે પોતાની આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાં ૧૬,૨૧૩ રન બનાવ્યા છે.

બાબરે હવે આ દિગ્ગજોની યાદીમાં પોતાનું નામ ઉમેર્યું છે. ત્રણેય ફોર્મેટમાં તેના આંકડા પર નજર કરીએ તો, તેણે ૬૬ ટેસ્ટ મેચમાં ૪,૭૭૧ રન, ૧૪૪ વનડેમાં ૬,૬૭૧ રન અને ૧૪૫ ટી-૨૦માં ૪,૫૯૬ રન બનાવ્યા છે. આ સાથે ત્રણેય ફોર્મેટમાં તેના કુલ રન ૧૬,૦૩૮ થયા છે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં તેની ૩૨ સદી અને ૧૧૧ અડધી સદી પણ છે.

અનુભવી સ્પિનર નાહિદા અખ્તર બની બાંગ્લાદેશ મહિલા ક્રિકેટ ટીમની કેપ્ટન : શોભના વાઈસ કેપ્ટન

ઢાકા,

બાંગ્લાદેશ મહિલા ક્રિકેટ ટીમના નેતૃત્વમાં મોટો ફેરફાર થયો છે. અનુભવી સ્પિનર નાહિદા અખ્તરને ટી ૨૦ ટીમની નવી કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવી છે. તેમને શરૂઆતના એક વર્ષના કાર્યકાળ માટે આ જવાબદારી સોંપવામાં આવી છે. આવતા મહિને યોજાનારી આઈસીસી મહિલા ઈમર્જિંગ નેશન્સ ટ્રોફી ૨૦૨૬, કેપ્ટન તરીકેની તેની પહેલી ટુર્નામેન્ટ હશે. દરમિયાન, મધ્યમ ક્રમની બેટ્સમેન શોભના મોસ્ટારીને ઉપ-કેપ્ટન બનાવવામાં આવી છે.

૨૫ વર્ષીય નાહિદા નિગાર સુલ્તાનાનું સ્થાન લેશે, જેમણે લાંબા સમય સુધી ટીમનું નેતૃત્વ કર્યું હતું. નિગારે ૮૨ મેચમાં બાંગ્લાદેશનું નેતૃત્વ કર્યું હતું, જેમાંથી ૩૨ મેચમાં ટીમને વિજય અપાવ્યો હતો. જોકે, એશિયા કપ અને એશિયન ગેમ્સમાં ટીમના નિરાશાજનક પ્રદર્શન બાદ તેણે તાજેતરમાં કેપ્ટનશીપ છોડી દેવાનો નિર્ણય લીધો છે. હવે, બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે નાહિદા પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે અને તેને ટીમનું નેતૃત્વ કરવાની જવાબદારી સોંપી છે.

નાહિદા અખ્તર ટી ૨૦ ક્રિકેટમાં બાંગ્લાદેશની સૌથી વધુ વિકેટ લેનાર બોલર છે. તેણીએ અત્યાર સુધીમાં ૧૩૨ વિકેટ લીધી છે અને તેની બોલિંગ સરેરાશ ૧૭.૩૮ છે. આ ફોર્મેટમાં તેનું શ્રેષ્ઠ પ્રદર્શન આઠ રનમાં પાંચ વિકેટ છે.

રણજી ટ્રોફી મેચમાં ગુજરાત સામે આયુષ બદોનીએ બેવડી સદી ફટકારી : પ્રિયાંશ આર્ય એક રનથી ચૂકી ગયો

મુંબઈ,

આયુષ બદોનીએ ફરી એકવાર શાનદાર ઈનિંગ રમી છે. રણજી ટ્રોફીમાં દિલ્હી તરફથી રમતા, બદોનીએ મેચના પહેલા દિવસે સદી ફટકારી અને બીજા દિવસે તેને બેવડી સદીમાં ફેરવી દીધી. અગાઉ, ઓપનર પ્રિયાંશ આર્ય માત્ર એક રનથી આ નિશાન ચૂકી ગયો હતો. દરમિયાન, દિલ્હીએ ગુજરાત સામે પ્રથમ ઈનિંગમાં મોટો સ્કોર બનાવ્યો છે, જેનાથી ટીમ મુશ્કેલીમાં મુકાઈ ગઈ છે.

રણજી ટ્રોફીના એલીટ ગ્રુપ સી મેચમાં દિલ્હી અને ગુજરાત એકબીજા સામે છે. હાલમાં રમતનો બીજો દિવસ ચાલી રહ્યો છે. પહેલા દિવસે ઓપનર પ્રિયાંશ આર્યએ ૨૨૦ બોલમાં ૧૯૯ રન બનાવ્યા, જેમાં ૨૪ ચોગ્ગા અને છ છગ્ગાનો સમાવેશ થાય છે. જોકે, તે માત્ર એક રનથી પોતાની બેવડી સદી ચૂકી ગયો. દિલ્હીના કેપ્ટન આયુષ બદોનીએ પહેલા દિવસે સદી ફટકારી અને બીજા દિવસે પોતાની બેવડી સદી પૂર્ણ કરી. શાનદાર બેટિંગ કર્યા બાદ તે આઉટ થયો. બદોનીએ ૨૪૭ બોલમાં ૨૧૭ રન બનાવ્યા, જેમાં ૨૨ ચોગ્ગા અને બે છગ્ગા ફટકાર્યા. ટીમે ૫૦૦ થી વધુનો સ્કોર બનાવ્યો છે.

આયુષ બદોનીને હજુ સુધી ભારતીય ટીમ માટે રમવાની તક મળી નથી. જોકે, તેણે અત્યાર સુધી ઘરેલુ ક્રિકેટમાં સારું પ્રદર્શન કર્યું છે. તેણે ૨૫ ફર્સ્ટ-ક્લાસ મેચ રમી છે, જેમાં લગભગ ૨,૦૦૦ રન બનાવ્યા છે. લિસ્ટ એ ક્રિકેટમાં, તેણે ૩૦ મેચમાં ૭૩૨ રન બનાવ્યા છે. ટી૨૦ ક્રિકેટમાં, બદોનીએ ૧૦૬ મેચ રમી છે, જેમાં ૨,૦૦૩ રન બનાવ્યા છે. આ પહેલા, આયુષ બદોનીએ બંગાળ સામેની મેચની પહેલી ઈનિંગમાં ૨૩ અને બીજી ઈનિંગમાં ૮૫ રન બનાવ્યા હતા.આ મેચમાં, દિલ્હી એક મજબૂત ટીમ દેખાઈ રહી છે. ટીમે ૫૦૦ થી વધુ રન બનાવ્યા છે અને ટીમે હજુ બેટિંગ કરવાની બાકી છે. આયુષ બદોની ઈનિંગ ડિક્લેર કરે છે કે આખી ટીમ આઉટ થાય તેની રાહ જુએ છે તે જોવાનું બાકી છે. પરંતુ એક વાત નક્કી છેઃ આ લક્ષ્યનો પીછો કરવા માટે, ગુજરાતે ખૂબ સારી બેટિંગ કરવી પડશે.

સ્ટાર ઓપનરશેફાલી વર્માએ સ્મૃતિ મંધાનાનો રેકોર્ડ તોડી નાખ્યો : ફિફટી ફટકારવામાં ટોચના સ્થાને પહોંચી

મુંબઈ,

ભારતની સ્ટાર ઓપનર શેફાલી વર્માએ ફરી એકવાર ટીમ ઈન્ડિયા માટે શાનદાર ઈનિંગ રમી અને તેની ટીમની જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી. શેફાલીએ લગભગ બે વર્ષ પહેલાં તેની પોતાની નવી કેપ્ટન સ્મૃતિ મંધાના દ્વારા સ્થાપિત રેકોર્ડ તોડ્યો. વધુમાં, તેણીએ દક્ષિણ આફ્રિકાની લૌરા વોલ્વાર્ટને પાછળ છોડી દીધી. આ ઈનિંગ સાથે, ભારતીય ટીમે બીજી મેચમાં ઝિમ્બાબ્વેને હરાવ્યું અને શ્રેણી જીતી.ભારતીય મહિલા ક્રિકેટ ટીમ અને ઝિમ્બાબ્વે મહિલા ક્રિકેટ ટીમ વચ્ચે હાલમાં શ્રેણી ચાલી રહી છે. શ્રેણીની બીજી ૨૦ મેચમાં, શેફાલી વર્માએ વિસ્ફોટક બેટિંગ કરી. તેણીએ માત્ર ૨૫ બોલમાં ૫૫ રન બનાવ્યા, જેમાં છ ચોગ્ગા અને ચાર છગ્ગાનો સમાવેશ થાય છે. આ વર્ષે શેફાલી વર્માનો નવમો ૫૦ થી વધુ રન બનાવ્યા છે. તે હવે એક વર્ષમાં સૌથી વધુ ૫૦ થી વધુ રન બનાવનારી મહિલા ખેલાડી બની ગઈ છે. અગાઉ, સ્મૃતિ મંધાનાએ ૨૦૨૪ માં આઠ વખત ૫૦ થી વધુ રન બનાવ્યા હતા. હવે, શેફાલી મંધાનાને પાછળ છોડી દીધી છે. તેની પાસે દસ વખત આ સિદ્ધિ હાંસલ કરવાની તક છે; તેને વધુ એક અડધી સદીની જરૂર છે.

દરમિયાન, શેફાલીએ દક્ષિણ આફ્રિકાની લૌરા વોલ્વાર્ટને પણ પાછળ છોડી દીધી છે. અત્યાર સુધી, લૌરા વોલ્વાર્ડના નામે એક જ વર્ષમાં મહિલા ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ હતો. તેણે ૨૦૨૬ માં ૮૨૪ રન બનાવ્યા હતા, પરંતુ હવે શેફાલીના આ વર્ષે ૯૨૨ રન છે. ભારતની મંધાના આ વર્ષે મહિલા ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં ૮૨૧ રન બનાવી ચૂકી છે, જેનો અર્થ એ છે કે તે પણ લૌરા વોલ્વાર્ડને પાછળ છોડી શકે છે.શ્રેણીની બીજી મેચમાં, ઝિમ્બાબ્વેએ પ્રથમ બેટિંગ કરતા ૨૦ ઓવરમાં આઠ વિકેટ ગુમાવીને ૧૦૨ રન બનાવ્યા.

પતિ કુકુ કોહલીના મૃત્યુ પછી અરુણા ઈરાનીએ પોતાની પીડા વ્યક્ત કરી,મારા છેલ્લા શ્વાસ સુધી મને સાથ આપો

મુંબઈ,

પીઢ અભિનેત્રી અરુણા ઈરાની હાલમાં તેના જીવનના મુશ્કેલ તબક્કામાંથી પસાર થઈ રહી છે. તાજેતરમાં જ તેના પતિ અને ફિલ્મ નિર્માતા કુકુ કોહલીનું અવસાન થયું. અભિનેત્રીએ તેના પતિને ગુમાવ્યા પછી સોશિયલ મીડિયા પર તેનો પહેલો વીડિયો શેર કર્યો છે. વીડિયોમાં, તે ભાવુક દેખાઈ રહી હતી અને તેના ચાહકોનો આભાર વ્યક્ત કરી હતી. અરુણા ઈરાનીએ શેર કર્યું કે આ મુશ્કેલ સમયમાં તેમના ચાહકો તરફથી મળેલા પ્રેમ અને સમર્થનથી તેમને કામ પર પાછા ફરવાની હિંમત મળી છે. તેમનો સંદેશ સ્પષ્ટપણે દર્શાવે છે કે તેઓ તેમના ચાહકોને પોતાની શક્તિ માને છે.

રવિવારે, અરુણા ઈરાનીએ ઈન્સ્ટાગ્રામ પર એક વિડિઓ શેર કર્યો, જેમાં કુકુ કોહલીના અવસાન પછી તેમને ટેકો આપનારાઓનો આભાર માન્યો. અભિનેત્રીએ કહ્યું કે તેમને વિશ્વાસ નથી થઈ રહ્યો કે આ મુશ્કેલ સમયમાં આટલા બધા લોકો તેમની સાથે ઉભા રહેશે. તેમણે કહ્યું, "કુકુજીના અવસાન પછી તમે બધાએ મને આપેલા પ્રેમ અને સમર્થન માટે હું ખૂબ આભારી છું. મને વિશ્વાસ નહોતો આવતો કે તમે બધા મારા મુશ્કેલ સમયમાં મારી સાથે હશો." તેમણે વધુમાં ઉમેર્યું કે તેમના ચાહકોના પ્રેમ અને પ્રોત્સાહનને કારણે જ તે જાહેરમાં પાછા ફરી શકી અને તેમનું કામ ફરી શરૂ કરી શકી. અભિનેત્રીએ આશા વ્યક્ત કરી કે તેમના ચાહકો તેમના છેલ્લા શ્વાસ સુધી તેમનો સાથ આપતા રહેશે. અરુણાનો સંદેશ તેમના પતિ ગુમાવવાના દુઃખ અને તેમના ચાહકો પ્રત્યેની તેમની ઊંડી કૃતજ્ઞતા બંનેને પ્રતિબિંબિત કરે છે.

ફિલ્મ નિર્માતા કુકુ કોહલીનું ૭૭ વર્ષની વયે અવસાન થયું છે. બોલીવુડ અભિનેતા અજય દેવગનને ફિલ્મ "ફૂલ ઔર કાંટે" માં લોન્ચ કરવા બદલ તેમને સૌથી વધુ યાદ કરવામાં આવે છે. અહેવાલો અનુસાર, ૨૪ ઓગસ્ટના રોજ તેમની તબિયત બગડતા તેમને મુંબઈની કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. અરુણા ઈરાનીના ભાઈ બલરાજ ઈરાનીએ જણાવ્યું હતું કે કુકુની તબિયત અચાનક બગડી ગઈ હતી અને તેમને હૃદયરોગનો મોટો હુમલો આવ્યો હતો. તેમણે કહ્યું હતું કે કુકુ તે સમયે પરિવારના સભ્યો સાથે વાત કરી રહી હતી પરંતુ અચાનક પડી ગઈ હતી. ડોક્ટરોએ તેમને જીવિત કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ૨૫ ઓગસ્ટના રોજ સાંજે ૫ વાગ્યે તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા.

શત્રુઘ્ન સિંહાએ ટાઈગર શ્રોફ પર હુમલાની ઘટનાને વખોડી પરિવારની સલામતી માટે ચિંતા વ્યક્ત કરી

મુંબઈ,

બોલીવુડના દિગ્ગજ અભિનેતા અને તૃણમૂલ કોંગ્રેસ પાર્ટીના સાંસદ શત્રુઘ્ન સિંહાએ મુંબઈના જુહુ વિસ્તારમાં અભિનેતા ટાઈગર શ્રોફ પર થયેલી ગોળીબારની ઘટના પર પ્રતિક્રિયા આપી છે. તેમણે આ ઘટનાને આઘાતજનક ગણાવી અને અભિનેતા અને તેમના પરિવારની સલામતી માટે ચિંતા વ્યક્ત કરી છે.

શત્રુઘ્ન સિંહાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટ દ્વારા આ ઘટના પર પોતાના વિચારો વ્યક્ત કર્યા. એવું કહેવાય છે કે ટાઈગર ગંભીર ઈજા વિના ઘટનામાંથી બચી ગયો, જ્યારે તેના ડ્રાઈવરને ગંભીર ઈજાઓ થઈ. તેમણે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેની પણ આ બાબતને ગંભીરતાથી લેવા બદલ પ્રશંસા કરી.અભિનેતાએ પોસ્ટ કર્યું, "શું થઈ રહ્યું છે?? ગઈકાલે એક ખૂબ જ આઘાતજનક અને ચિંતાજનક ઘટના બની. આપણા સૌથી પ્રિય સ્ટાર, ટાઈગર શ્રોફને નિશાન બનાવવામાં આવ્યો, ધમકી આપવામાં આવી અને ગોળીબાર કરવામાં આવ્યો. તે ખૂબ જ પ્રતિભાશાળી પિતા, જેકી શ્રોફનો પુત્ર છે. હકીકતમાં, ટાઈગર ભાગ્યશાળી હતો કે તેને કોઈ નુકસાન થયું નહીં, પરંતુ તેનો ગરીબ ડ્રાઈવર ગંભીર રીતે ઘાયલ થયો." મહારાષ્ટ્રના માનનીય મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે આ ગંભીર બાબત અંગે ખૂબ જ ચિંતિત દેખાય છે. જય હિંદ.ટાઈગર શ્રોફ પર ફાયરિંગની આ ઘટના રવિવારે સાંજે મુંબઈના જુહુ વિસ્તારમાં બની હતી. પોલીસના જણાવ્યા અનુસાર, રવિવારે સાંજે લગભગ ૭ વાગ્યે ટાઈગર પોતાની કારમાં ફૂટબોલ ક્લબમાંથી બહાર નીકળી રહ્યો હતો ત્યારે કેટલાક અજાણ્યા લોકોએ તેના પર ફાયરિંગ કર્યું. ભારતીય દંડ સંહિતાની કલમ ૧૦૯(૧) અને ૩(૫) તેમજ આર્મ્સ એક્ટની કલમ ૩ અને ૨૫ હેઠળ ત્રણ અજાણ્યા વ્યક્તિઓ સામે કેસ નોંધવામાં આવ્યો છે.

શબ્દ શોધો

બ	ફ	શ	ધ	ફ	કા	બ	ન	જ્ઞા	ભ	લ	રા
ણા	રા	ર	ભ	મ	રો	ન	એ	ઐ	ત	દ	સ
ઓ	ભા	બ	જ	સ	આ	ળ	ભો	રા	રો	બ	બૂ
ગ	તી	ળ	ર	ડી	કા	ર	વ	કા	ગ	સા	ઓ
રા	ગ	પ્ર	લી	ણે	લ	દ	ક	બં	તી	દા	શિ
કા	ળ	ગ	ગ	ગ	ન	લા	પ્ર	સા	દ	ગ	બા
કા	પ્રા	ગ	ત	અઃ	ણે	મો	બા	આ	સ	દ	ર
ઓ	મા	ડો	મા	ક	સ	ણિ	ધ	કા	બા	ર	પ્ર
સા	ણિ	મ	બં	ગ	પ્ર	સ	મા	કી	ઊ	મા	વા
બિ	ક	ગં	ળ	લ	બં	લી	મ	ર	દ	કા	બૂ
ન	ર	લ	રો	આ	વિ	હિ	અ	લ	ક	દ	ગી
કા	મા	જ	ન	ડો	મા	સા	બં	ર	મા	ભા	ગ

શબ્દ શોધો પ્રમાદ, પ્રસાદ, પ્રામાણિક, ફરજ, બરાબર, બાદબાકી, ભમરો, ભાતીગળ, ભોરલ, મહિમા

ટાઈગર શ્રોફે એકનાથ શિંદેને કહ્યું કે તેમને પહેલા કોઈ ધમકી મળી નથી, કે તેમની કોઈ દુશ્મની નથી

રાજ્ય સરકાર અને મુંબઈ પોલીસે ટાઈગર શ્રોફની સુરક્ષા વધારવાની તૈયારીઓ શરૂ કરી

મુંબઈ,

મુંબઈના જુહુ વિસ્તારમાં ગોળી વાગ્યા બાદ બોલિવૂડ અભિનેતા ટાઈગર શ્રોફની સુરક્ષા અંગે ચિંતા વધી છે. મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે અભિનેતાને તેમના નિવાસસ્થાને મળ્યા અને ઘટના વિશે પૂછપરછ કરી. મીટિંગ દરમિયાન, ટાઈગર શ્રોફે જણાવ્યું હતું કે તેમને પહેલાં ક્યારેય કોઈ ધમકીઓ મળી નથી, કે તેમનો કોઈ સાથે કોઈ અગાઉનો દુશ્મનાવટ નહોતો. અભિનેતાએ એમ પણ કહ્યું હતું કે તેમને પોતાને ખબર નથી કે તેમને શા માટે નિશાન બનાવવામાં આવ્યા હતા. આ ઘટના બાદ, રાજ્ય સરકાર અને મુંબઈ પોલીસે તેમની સુરક્ષા વધારવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે.

ટાઈગર શ્રોફે નાયબ મુખ્યમંત્રીને કહ્યું કે તેઓ સામાન્ય રીતે સપ્તાહના અંતે ફૂટબોલ રમવા જાય છે. મેચ પછી, તેઓ ઘણીવાર તેમના ચાહકોને મળે છે અને ફોટા પડાવે છે. જો કે, ઘટનાના દિવસે, તેઓ થાકેલા અનુભવી રહ્યા હતા, તેથી તેમણે પોતાનો ફોટોશૂટ મુલતવી રાખ્યો હતો. એવું કહેવાય છે કે ગોળીબારની ઘટના થોડા સમય પછી બની હતી. ફોટોશૂટ માટે ન રોકાવાનો તેમનો નિર્ણય તેમના માટે રાહતનો સ્રોત હતો. જો કે, જો તેઓ ફોટોશૂટ માટે રોકાયા હોત તો તેમના જીવને કેટલું જોખમ હોઈ શકે છે તેની સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી.

મીટિંગ દરમિયાન, અભિનેતાએ સ્પષ્ટતા કરી કે તેમને અગાઉ કોઈ ધમકીઓ મળી નથી. તેમણે કોઈની સાથે અગાઉની કોઈપણ દુશ્મનાવટનો પણ ઇનકાર કર્યો હતો. ટાઈગર શ્રોફે લોરેન્સ બિશ્નોઈ કે સલમાન ખાન સાથે કોઈ જોડાણ હોવાનો પણ ઇનકાર કર્યો હતો. હાલમાં, ગોળીબાર પાછળનું સાચું કારણ તપાસ પૂર્ણ થયા પછી જ જાણી શકાશે. પોલીસ હુમલાખોરોની ઓળખ, તેમના સંભવિત હેતુ અને ઘટના સાથે સંકળાયેલા અન્ય પાસાઓની તપાસ કરી રહી છે.

ટાઈગર શ્રોફને મળ્યા બાદ, એકનાથ શિંદેએ મુંબઈ પોલીસ કમિશનર દેવેન ભારતી અને અભિનેતાના પિતા જેકી શ્રોફ સાથે ફોન પર વાત કરી. બેઠક દરમિયાન, ઘટના પછીની પરિસ્થિતિ અને અભિનેતાની સુરક્ષા અંગે ચર્ચા કરવામાં આવી. અધિકારીઓ ટાઈગર શ્રોફ માટે ખાનગી સુરક્ષા ગાર્ડ તૈનાત કરવા અને તેમના નિવાસસ્થાને વધારાની પોલીસ સુરક્ષા પૂરી પાડવાની વ્યવસ્થા કરી રહ્યા છે.

અભિનેતા પર ગોળીબાર બાદ, મુંબઈ પોલીસ આ બાબતને ગંભીરતાથી લઈ રહી છે. તપાસ એજન્સીઓ હુમલામાં સામેલ લોકો અને તેની પાછળના કોઈપણ સંભવિત કાવતરાને ઓળખવા માટે કામ કરી રહી છે.

રાજકોટની નારી શક્તિનો એક જ અવાજ : નવરાત્રિમાં માતાજીની આરાધના તો સોનમ ગરબામાં જ કરશું

વિશ્વ વણિક સમાજ જૈન વિઝન દ્વારા આયોજિત નવલી નવરાત્રી તેના અંતિમ તબક્કામાઃ ૧૫૦ ફૂટ રીંગ રોડ પર શીતલ પાર્ક પાસે વિશાળ ગ્રાઉન્ડમાં ટોચના ગરબા સિંગરો કરી રહ્યા છે જમાવટ

રાજકોટ

નવલી નવરાત્રીના આયોજનમાં હમેશા અગ્રેસર વિશ્વ વણિક સમાજ અને જૈન વિઝન દ્વારા આયોજિત સોનમ ગરબા રસોત્સવ તેના અંતિમ તબક્કામાં છે અને લોકપ્રિયતાની ટોચ ઉપર છે.રાજકોટના સમસ્ત વણિક પરિવારમાંથી અપ્રતિમ આવકાર મળ્યો છે. ખાસ કરીને બહેનો જૈન વિઝન આયોજિત સોનમ ગરબામાં રમવા માટે ઉમટી પડે છે. મૂળ આ તહેવાર બહેનોનો જ છે અને માતા જોગણી જેમ ગરબે રમે તેમ સોનમ વણિક ગરબાના ના આંગણે આ વખતે બહેનો મોટી સંખ્યામાં ગરબા રમી રહી છે. સોનમ ગરબા માં દર વર્ષે ખેલૈયાઓ ઉપર લાખેણા ઈનામોનો વરસાદ થાય છે અને આ વખતે પણ અનેક ઈનામો આપવામાં આવી આવી રહ્યા છે.આ રાસોત્સવમાં શ્રી રામકૃષ્ણ આશ્રમ સ્વામી જગદીશ મહારાજ તથા સ્વામી શ્રી વિજયઈશાનંદ સ્વામી, શ્રી બ્રહ્મચારી હારીચેતનાનંદ, અંજલીબેન વિજયભાઈ રૂપાણી, સાંજ સમાચારના પ્રદીપભાઈ શાહ,ડો.દર્શિતાબેન શાહ, અંકુરભાઈ શાહ, કરણભાઈ શાહ,માધવભાઈ દવે,રામભાઈ મોકરીયા, ઋષભ રૂપાણી, અરવિંદભાઈ મણિયાર ટ્રસ્ટના કલ્પકભાઈ મણિયાર, હરેશભાઈ સોની ડો. વિજયભાઈ દેશાણી,ડો નવલકુમાર શીલુ તથા ભાજપના લલિતભાઈ વાડોલીયા, રતિગુરુ ચેરિટેબલ ટ્રસ્ટના ટી આર દોશી, સતવારા સમાજના વિનોદભાઈ રાઠોડ, વલ્લભભાઈ ભૂમતરિયા,દ્વારકેશભાઈ કંજરીયા ,ભાવેશભાઈ ડોડીયા,ડો. પ્રીતેશભાઈ પોપટ, ધવલભાઈ કાચા,મીતભાઈ ગાંધી, સૌરાષ્ટ્ર ચેમ્બર કોમર્સના નલીનભાઈ ઝવેરી,સંજયભાઈ લાઠીયા જૈન યુવાના યોગેશભાઈ શાહ, વિસામણ ગ્લોબલ સેલસના અવનીબેન મિતુલભાઈ વસા, કોર્પોરેટર ચંદ્રાબેન માણસુરભાઈ વાળા , અરુણાબેન આડેસરા અલખધણી ટેક્નોકાસ્ટના પ્રિયંકભાઈ,જલારામ હાર્ડવેર અને વુડ કેર ફીટીંગના અજયભાઈ, ડો ભાવેશ વિઠલાણી, વિશ્વ વણિકના આગેવાન મુકેશ ધોળકિયા, પંચવટી દેરાસરના પ્રમુખ પ્રફુલભાઈ ધામી, જૈન અગ્રણી દીપકભાઈ પટેલ, મહેશભાઈ મણિયાર જીતોના અમરીશ મહેતા સહિતના મહાનુભાવો ઉમટી પડ્યા હતા.

ધોળકિયા સ્કૂલ પ્રાચીન નવરાત્રી–૨૦૨૬માં આઠમના પાવન નોરતે મા મોગલનાં દર્શન

ધોળકિયા સ્કૂલ પ્રાચીન નવરાત્રી–૨૦૨૬માં આઠમના પાવન નોરતે મા મોગલનાંદર્શન કરવા રાજકોટવાસીઓમોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા અને ચાચર ચોકનુંસમગ્ર આંગણુંભક્તિ, શક્તિ અને શ્રદ્ધાના દિવ્ય રંગે રંગાયું હતું. મહાગૌરી માતાજીના સ્વરૂપની પૂજા-અર્ચના સાથે વાતાવરણ ભક્તિમય બન્યુંહતું.

આ અવસરે 'કનૈયા મોરલીવાળા', 'ધન્ય માં તું જોગણી', 'ઢોલાજી હાલ્યા', 'તારી વાંકી રે પાઘલડીનું ફૂમતું રે' અને 'ઘોર અંધારી રે રાતલડીમાં' જેવા લોકપ્રિય રાસ-ગરબાની ભવ્ય પ્રસ્તુતિઓએ સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. પરંપરાગત ગરબાની રમઝટ અને લોકસંસ્કૃતિના અનોખા સંગમે ચાચર ચોકને તરબોળ કરી દીધો હતો.

આ પાવન અવસરે પરમ પૂજ્ય વેદાંત જ્યોતિર્ધર સ્વામી શ્રી પરમાત્માનંદ સરસ્વતીજી મહારાજ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને નવદુર્ગા સ્વરૂપા દીકરીઓને આશીર્વાદ પાઠવ્યા હતા. આ ઉપરાંત રાજકોટના ધારાસભ્ય શ્રી રમેશભાઈ ટીલાળા, પૂર્વ સાંસદ શ્રી રામભાઈ મોકરીયા, પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી ભાનુબેન બાબરીયા, પૂર્વ મેયર શ્રી નયનાબેન પેઢડિયા તેમજ દ્વારકાધીશ મંદિર અને બેટ દ્વારકા મંદિરના પુજારીશ્રીઓ પણ ઉપસ્થિત રહી મહોત્સવનો આનંદ માણ્યો હતો.

SGVP ગુરુકુળના વિદ્યાર્થીઓ દ્વારા 'SGVP UDYAM 2026'

બિઝનેસ એક્સ્પોનું ભવ્ય આયોજનઃ સંસ્કાર સાથે સમૃદ્ધિનો અનોખો સંગમ

અમદાવાદઃ

પરમ પૂજ્ય ગુરુવર્ય માધવપ્રિયદાસજી સ્વામીજી તથા પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી ની પ્રેરણા અને આશીર્વાદથી SGVP ગુરુકુળ ખાતે નવરાત્રી મહોત્સવ દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા 'SGVP UDYAM 2026 – બિઝનેસ એક્સ્પો' નુ અત્યંત સફળ અને પ્રેરણાદાયી આયોજન કરવામાં આવ્યું હત આ બિઝનેસ એક્સ્પોનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં નાની વયથી જ ઉદ્યોગસાહસિકતા (Entrepreneurship), વ્યવસાયિક સમજણ, નવા સ્ટાર્ટઅપ (Startup) શરૂ કરવાની ક્ષમતા તથા આત્મનિર્ભરતાની ભાવના કેળવવાનો હતો. ધોરણ ૧૨ ના વિદ્યાર્થીઓ દ્વારા યોજાયેલા આ એક્સ્પોમાં ૩૦ થી વધુ બિઝનેસ સ્ટોલ્સ ઊભા કરવામાં આવ્યા હતા, જેમાં વિવિધ વ્યવસાયો,

પ્રોડક્ટ્સ, સેવાઓ અને આધુનિક નવીન વિચારો રજૂ કરવામાં આવ્યા હતા. દેશ અને વિદેશમાં મોટા પાયે ઉદ્યોગ-ધંધા ધરાવતા પરિવારના વિદ્યાર્થીઓએ પણ આ એક્સ્પોમાં ઉત્સાહભેર ભાગ લઈ પોતાની પ્રોડક્ટ્સનું પ્રદર્શન કર્યું હતું.આ પ્રસંગે વિદ્યાર્થીઓને પ્રેરણાત્મક આશીર્વચન આપતાં પૂજ્ય સ્વામીજીએ જણાવ્યું હતું કે, "જેમ પંખીને ઊડવા માટે બે પાંખોની જરૂર હોય છે, તેમ જીવનમાં સફળતા માટે આપણી પાસે પણ બે પાંખો હોવી જોઈએ-એક પાંખ સમૃદ્ધિની અને બીજી પાંખ સંસ્કારની."આ કાર્યક્રમમાં સુપ્રસિદ્ધ સામાજિક અગ્રણી અને અમદાવાદના નિવૃત્ત મ્યુનિસિપલ કોર્પોરેશન કમિશનર ટી.જી. ઝાલાવાડીયા વિશેષ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને નવા ઉદ્યોગો કઈ રીતે શરૂ કરવા અને તેમાં સરકાર દ્વારા મળતી વિવિધ સહાય તથા યોજનાઓ અંગે વિગતવાર માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ ઉપરાંત સ્વામી કુંજવિહારી દાસજી તથા સર જાલમ સિંહજી સહિતના મહાનુભાવોએ પણ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.આ બિઝનેસ એક્સ્પોની મુલાકાત લેવા માટે અમદાવાદ શહેરના અનેક ગણમાન્ય અતિથિઓ, વિવિધ સ્કૂલો તથા સંસ્થાઓના નિષ્ણાતો, શિક્ષકો અને વિદ્યાર્થીઓ મળી ૩,૦૦૦ થી વધુ લોકો ઉપસ્થિત રહ્યા હતા. SGVP ગુરુકુળના ધોરણ-૧૨ ના વિદ્યાર્થીઓનોઆ પ્રયાસ મુલાકાતીઓ માટે ભારે પ્રેરણાદાયી અને જ્ઞાનવર્ધક બની રહ્યો હતો, જેના સૌએ મુક્ત મને વખાણ કર્યા હતા.

એલ.આર. શાહ હોમિયોપેથી કોલેજની પ્રથમ પી. જી. બેચનું ગૌરવઃ ડૉ. નિમિષા ઉમરેટિયાને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો સુવર્ણચંદ્રક

રાજકોટઃ

ગાર્ડી વિદ્યાપીઠ સંચાલિત એલ.આર. શાહ હોમિયોપેથી કોલેજ તરફથી સંસ્થા માટે અત્યંત ગૌરવપૂર્ણ વિગત જાણવા મળી હતી. કોલેજની પ્રથમ અનુસ્નાતક (પી.જી.) બેચની વિદ્યાર્થિની ડૉ. નિમિષા ઉમરેટિયાને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા પ્રતિષ્ઠિત સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવેલ જે થકી એમણે પરિવાર ઉપરાંત પોતાની કોલેજ અને સમગ્ર ગાર્ડી વિદ્યાપીઠનું નામ રોશન કર્યું છે.

ગુજરાતના માનનીય રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના હસ્તે તેમને આ સુવર્ણ ચંદ્રક એનાયત કરવામાં આવ્યો હતો. આ સિદ્ધિ સંસ્થાની શૈક્ષણિક પ્રગતિ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ

પ્રત્યેની પ્રતિબદ્ધતાનું ગૌરવપૂર્ણ પ્રતિબિંબ છે. ડૉ. નિમિષા ઉમરેટિયાની આ સફળતા તેમની મહેનત, લગન, શિસ્ત, સમર્પણ અને શૈક્ષણિક શ્રેષ્ઠતા પ્રત્યેની અવિરત પ્રતિબદ્ધતાનું પરિણામ છે. તબીબી શિક્ષણના ક્ષેત્રમાં અનુસ્નાતક અભ્યાસ દરમિયાન ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કરવો એ ગૌરવની બાબત છે. ખાસ કરીને એલ.આર. શાહ હોમિયોપેથી કોલેજની પ્રથમ પી.જી. બેચની વિદ્યાર્થિની તરીકે આ સન્માન પ્રાપ્ત થવાથી આ સિદ્ધિનું મહત્ત્વ અનેકગણું વધી જાય છે. તેમની આ સફળતા કોલેજના શૈક્ષણિક ઈતિહાસમાં એક યાદગાર પ્રકરણ ઉમેરે છે.

હોમિયોપેથી તબીબી શિક્ષણમાં સૈદ્ધાંતિક જ્ઞાનની સાથે ક્લિનીકલ સમજ, સંશોધન પ્રત્યેની જિજ્ઞાસા, દર્દીઓ પ્રત્યેની સંવેદનશીલતા અને વ્યવસાયિક કુશળતા પણ અત્યંત મહત્ત્વ ધરાવે છે. આવી ગુણવત્તાઓના વિકાસ માટે શૈક્ષણિક સંસ્થા, અનુભવી અધ્યાપકો અને વિદ્યાર્થીઓની સતત મહેનતનો સમન્વય જરૂરી છે. ડૉ. નિમિષા ઉમરેટિયાની આ સિદ્ધિ વિદ્યાર્થીઓને ઉચ્ચ શૈક્ષણિક લક્ષ્યો નક્કી કરવા અને પોતાના ક્ષેત્રમાં શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવા માટે પ્રેરણા પૂરી પાડશે.

ટેકાના ભાવે ખરીફ પાકોના વેચાણ માટે ઓનલાઈન નોંધણીની મુદત ૨૪ ઓક્ટોબર સુધી લંબાવાઈ

રાજકોટઃરાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭માં ખરીફ ઋતુના પાકો જેવા કે મગફળી, મગ, અડદ અને સોયાબીનની પ્રાઈઝ સપોર્ટ સ્કીમ હેઠળ ટેકાના ભાવે ખરીદીનું આયોજન કરવામાં આવ્યું છે . આ ખરીદી અંતર્ગત ખેડૂતોની ઓનલાઈન નોંધણી પ્રક્રિયા અગાઉ તા. ૧૦-૦૯-૨૦૨૬ થી તા. ૦૯-૧૦-૨૦૨૬ દરમિયાન હાથ ધરવામાં આવી હતી.

વધુ ખેડૂતો આ યોજનાનો લાભ લઈ શકે તે હેતુથી ભારત સરકારશ્રીના 'PM-AASHA Procurement Protal' (https://esamridhi.da.gov.in) પર ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રો ખાતેથી ફઝઈ મારફતે કરવામાં આવતી ખેડૂતોની ઓનલાઈન નોંધણીની મુદત હવે આગામી તા. ૨૪/૧૦/૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે.

ગૌતમ અદાણી અને ડૉ. પ્રીતિ અદાણીએ નવરાત્રિ દરમિયાન દક્ષિણ ગુજરાતના શ્રીમદ રાજચંદ્ર આશ્રમની મુલાકાત લીધી, 'સેવા'ના ભાવને બિરદાવ્યો

ધરમપુર (વલસાડ):

અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણી અને અદાણી ફાઉન્ડેશનના ચેરપર્સન ડૉ. પ્રીતિ અદાણીએ નવરાત્રિના પવિત્ર અવસર પર દક્ષિણ ગુજરાતમાં આવેલા શ્રીમદ રાજચંદ્ર મિશન ધરમપુર (જીઈસ્ઝ)ની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશજીના આશીર્વાદ મેળવ્યા હતા. પોતાની મુલાકાત અંગે ગૌતમ અદાણીએ જણાવ્યું હતું કે, "શ્રીમદ રાજચંદ્ર આશ્રમની મારી મુલાકાતે મારો આ વિચાર વધુ મજબૂત કર્યો છે કે 'સેવા હી સાધના હૈ'. હું લોકોના જીવનમાં સકારાત્મક બદલાવ લાવી શકું તે માટે નમ્રતા અને શક્તિની પ્રાર્થના કરું છું."મુલાકાત દરમિયાન પૂજ્ય ગુરુદેવશ્રીએ સાધના અને સેવાના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. અદાણી દંપતીએ રાજ સભામાં આયોજિત સત્સંગમાં હાજરી આપી હતી અને મિશનના યુવા સભ્યો સાથે સંવાદ કર્યો હતો.ડૉ. પ્રીતિ અદાણીએ 'શ્રીમદ રાજચંદ્ર સર્વમંગલ સેન્ટર ફોર એક્સેલન્સ ફોર વુમન'ની મુલાકાત લઈને કૌશલ્ય વિકાસ અને રોજગારી મેળવતી આદિવાસી મહિલાઓ સાથે વાર્તાલાપ કર્યો હતો. આ ઉપરાંત, તેમણે શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલની મુલાકાત લઈ દિવ્યાંગ બાળકોને તબીબી સાધનોનું વિતરણ કર્યું હતું અને જિનમંદિરમાં ભગવાન મહાવીરના દર્શન કર્યા હતા.અદાણી ગ્રુપે મિશનની માનવતાવાદી સંસ્થા 'શ્રીમદ રાજચંદ્ર લવ એન્ડ કેર' (જીઈન્ઝ) સાથે આરોગ્ય અને નેત્ર સંભાળ (વિઝન કેર) ક્ષેત્રે ભવિષ્યમાં સહયોગ સાધવા અંગે પણ ચર્ચા કરી હતી.

બુધવારે સમસ્ત કોળી સમાજના રાસોત્સવ

વિજેતાઓને ઈનામોઃ યુ-ટયુબર્સ તેમજ ગાયક કલાકારો આયોજનમાં ભાગ લેશે

રાજકોટઃ

સમસ્ત કોળી સમાજ એકતા કુમ-કુમ અને વૈભવી રાસોત્સવ દ્વારા કોળી ઠાકોર રાસોત્સવનું આયોજન તા.૨૧ બુધવાર સાંજે ૬:૩૦ કલાકે ચુંવાળીયા, તળપદા, ઘડીયા સમસ્ત કોળી જ્ઞાતિના સમુહ રાસોત્સવનું વૃંદાવન રાસોત્સવ ગ્રાઉન્ડ, ૧૫૦ ફુટ રીંગરોડ, નાનામૌવા સર્કલ, પ્રતિલોક પાર્ટી પ્લોટની સામે કરવામાં આવ્યુ છે.

કોળી સમાજ દ્વારા રાસોત્સવમાં કોમેડી સ્ટાર, યુ-ટયુબર્સ તેમજ ગાયક કલાકારો સાથે મળીને રાસોત્સવમાં રંગ જમાવશે. સમાજના આગેવાનો, રાજકીય અગ્રણીઓ,

ઉદ્યોગપતિઓ, બિલ્ડરો, વિ. ઉપસ્થિત રહેશે. રાસોત્સવમાં પ્રિન્સ-પ્રિન્સેસ, વેલ્ડ્રેસ વિજેતા ખેલાડીઓને સાઓને ટ્રોફી અને સરપ્રાઈઝ ગીફટ આપવામાં આવશે.આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મુખ્ય આયોજક કાજલબેન સાકરીયા, પિન્ટુભાઈ મેમરીયા, રાસોત્સવના સારથી કલ્પેશભાઈ બાવરીયા, નંદનિબેન સાકરીયા, અમીતભાઈ ધોળકીય જહેમત ઉઠાવી રહ્યા છે. આ રાસોત્સવના પાસ તા.૨૧ બુધવારે સાંજે ૬ કલાકે સ્થળ પરથી તેમજ આયોજકો પાસેથી મળશે. તસ્?વીરમાં સુરેશભાઈ જાંબુકીયા, કલ્પેશભાઈ બાપરીયા, પિન્ટુભાઈ મેમરીયા, અમીતભાઈ ધોળકીયા, ભરતભાઈ કુમરપાણીયા, હિતેષભાઈ ઐઘાણી, મીનાબેન જાદવ, ભારતીબેન રોજીલા, ગણપતભાઈ ચૌહાણ, ઉમિયાબેન ઓધાણી, વિનોદભાઈ રોજીલા, કેતનભાઈ ગોહેલ,ભાવનાબેન ડોડિયા અને જગદીશભાઈ જાદવ નજરે પડે છે.

સદભાવના ટ્રસ્ટને રમેશભાઈ ટીલાળા દ્વારા રૂા.૧૦ લાખનું દાન

રાજકોટઃવડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસ નિમિતે સમગ્ર દેશમાં વિવિધ સેવાકીય કાર્યો કરવામાં આવી રહ્યા છે. આ નિમિતે આયોજીત સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત સમાજસેવા અને લોક કલ્યાણના પવિત્ર હેતુથી રાજકોટ દક્ષિણ વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા દ્વારા એક પ્રસંશનીય અને પ્રેરણાદાયી ભગીરથ કાર્ય કરવામાં આવ્યું છે. ધારાસભ્ય દ્વારા માનવતાવાદી કાર્યો માટે જાણીતા સદભાવના ટ્રસ્ટને રૂા.૧૦ લાખની રકમનો આર્થીક સહયોગ અર્પણ કરવામાં આવ્યો છે. આ માતબર રકમ સમાજના જરૂરીયાદમંદો અને આરોગ્ય પર્યાવરણલક્ષી સેવાકીય પ્રવૃતિઓમાં સહાયરૂપ બનશે.

જૂનાગઢ જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને જિલ્લા ફરિયાદ અને સંકલન સમિતિની બેઠક યોજાઈ

યજ્ઞેશ ભટ્ટ, જુનાગઢ,

જૂનાગઢ જિલ્લા કલેક્ટર શ્રી યોગેશ ચૌધરીના અધ્યક્ષસ્થાને આજે જિલ્લા ફરિયાદ અને સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી.

જૂનાગઢ જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડમાં આયોજિત આ બેઠકમાં ધારાસભ્ય સવશ્રી દેવાભાઈ માલમ, શ્રી સંજયભાઈ કોરડીયા, શ્રી અરવિંદભાઈ લાડાણી અને શ્રી ગોપાલભાઈ ઈટાલીયાની ઉપસ્થિતિમાં પ્રજાકીય પ્રશ્નોના હકારાત્મક નિવારણ અર્થે વિગતવાર ચર્ચા અને પરામર્શ કરવામાં આવ્યો હતો.

બેઠકમાં જૂનાગઢ જિલ્લાના વિવિધ વિસ્તારોને લગતા પ્રજાલક્ષી પ્રશ્નો અને વિકાસલક્ષી કામગીરી અંગે સંબંધિત વિભાગોના અધિકારીઓ સાથે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. જિલ્લા કલેક્ટરશ્રીએ જનપ્રતિનિધિઓ તરફથી રજૂ થયેલા પ્રશ્નોને ઉકેલવા માટે સંબંધિત વિભાગો વચ્ચે જરૂરી સંકલન જાળવી, પ્રજાલક્ષી પ્રશ્નોનું સમયબદ્ધ અને અસરકારક નિરાકરણ લાવવા અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી.

આ બેઠકમાં જમીન સંબંધિત વિવિધ પ્રશ્નો જેવા કે જમીનની માપણી, હદ નિર્ધારણ, પ્રોપર્ટી કાર્ડ ઉપરાંત વીજળી, રસ્તાઓ, માર્ગ અને મકાન વિભાગને લગતા કામો તથા પ્રવાસન વિકાસ સહિતના વિવિધ મુદ્દાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત જાહેર માર્ગો પર દબાણ દૂર કરવા અને પીવાના પાણી સહિતના પ્રજાકીય પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. આ સંદર્ભમાં સંલગ્ન અધિકારીશ્રીઓએ પ્રશ્નોના નિવારણ અર્થે જરૂરી પ્રત્યુત્તર પાઠવ્યા હતા અને તેના યોગ્ય ઉકેલ માટે પરામર્શ કર્યો હતો.

કચ્છના માતાના મઢ ખાતે માં આશાપુરાના દરબારમાં ભવ્ય હોમાદિક ક્રિયા ઉત્સવ સંપન્નઃ માઈભક્તોનું ઉમટી પડ્યું જનમેદની

માતાનો મઢ (કચ્છ):

કચ્છ સ્થિત પ્રસિદ્ધ યાત્રાધામ માં આશાપુરા માતાના મઢ ખાતે રવિવાર રાત્રીએ ભવ્ય અને શ્રદ્ધામય વાતાવરણમાં હોમાદિક ક્રિયા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક મહોત્સવ દરમિયાન ગુરુવારના રોજ રાત્રે ૦૮:૩૦ કલાકે રાજાબાવાશ્રી યોગેન્દ્રસિંહજીના વરદ હસ્તે માં આશાપુરા પાસે પૂજા-અર્ચન, આજ્ઞા વિધિ અને આરતી સાથે હવનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. હવન વિધિ દેવકૃષ્ણ વાસુ તથા વિદ્વાન બ્રાહ્મણો દ્વારા વિધિવત રીતે સંપન્ન કરાવવામાં આવી હતી. રાત્રિના ૧૨:૧૫ કલાકે

રાજાબાવાશ્રી યોગેન્દ્રસિંહજીના હસ્તે હવનમાં બીડું હોમવામાં આવ્યું હતું.

આસો સુદ-૦૮ના રોજ સોમવારે સવારે ૦૯:૦૦ કલાકે યોજાયેલ પત્રી વિધિ કાર્યક્રમમાં નામદાર મહારાજ કુમાર હનુમંતસિંહજીના અધ્યક્ષ સ્થાને માં આશાપુરાને જાતરી (પત્રી) ચડાવવામાં આવશે. આ પ્રસંગે રાજપરિવાર, વિશાળ સંખ્યામાં માઈભક્તો અને આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા, જેના કારણે સમગ્ર વાતાવરણ 'માં આશાપુરા'ના નાદ અને ભક્તિરસથી ગૂંજી ઉઠ્યું હતું. નવરાત્રી દરમિયાન માતાના મઢ ટ્રસ્ટગણ તથા સેવકગણ દ્વારા જાત-પાતના ભેદભાવ વગર તમામ દર્શનાર્થીઓ માટે નિઃશુલ્ક અને ઉત્કૃષ્ટ વ્યવસ્થા પૂરી પાડવામાં આવી હતી.

ભારતે જમ્મુ-કાશ્મીરનો ઉલ્લેખ કરતા OICના ઠરાવને ફગાવી દીધો : પાકિસ્તાનની આકરી ટીકા કરી

જમ્મુ અને કાશ્મીર તથા લદ્દાખ કેન્દ્રશાસિત પ્રદેશો ભારતનો અભિન્ન અને અવિભાજ્ય હિસ્સો : વિદેશ મંત્રાલય

નવી દિલ્હી,

ભારતે સોમવારે જમ્મુ અને કાશ્મીરની પરિસ્થિતિ અંગે 'ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કોઓપરેશન' (OIC) દ્વારા બગદાદમાં યોજાયેલી વિદેશ મંત્રીઓની પરિષદમાં પસાર કરવામાં આવેલા ઠરાવને ફગાવી દીધો છે. ભારતે આ ઠરાવને "દૂષિત, પક્ષપાતી અને ખોટો" ગણાવ્યો છે અને કહ્યું છે કે તે "પાકિસ્તાન દ્વારા ઘડવામાં આવ્યો છે".

વિદેશ મંત્રાલયે (MEA) એક નિવેદનમાં જણાવ્યું છે કે, આ સંગઠને પાકિસ્તાનને તેના "કટ્ટર એજન્ડા" માટે પોતાનો "દુરુપયોગ" કરવા દીધો છે.

મંત્રાલયે કહ્યું, "અમે ૧૭-૧૮ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ બગદાદમાં યોજાયેલી OIC વિદેશ મંત્રીઓની પરિષદના ઠરાવોમાં ભારત વિરોધી ઉલ્લેખોને સ્પષ્ટપણે નકારીએ છીએ. ભારત વિશેના આ ઉલ્લેખો દૂષિત, પક્ષપાતી અને ખોટા છે, અને તે પાકિસ્તાન દ્વારા પ્રેરિત છે. અમને ખેદ છે કે OIC એ ફરી એકવાર પાકિસ્તાનને તેના કટ્ટર એજન્ડા માટે પોતાનો દુરુપયોગ કરવા દીધો છે."

વિદેશ મંત્રાલયે વધુમાં કહ્યું કે, ભારતની સંપૂર્ણ આંતરિક બાબતો પર ટિપ્પણી કરવાનો OIC ને "કોઈ અધિકાર કે સ્થાન નથી". મંત્રાલયે કહ્યું, "જમ્મુ અને કાશ્મીર તથા લદ્દાખ કેન્દ્રશાસિત પ્રદેશો ભારતનો અભિન્ન અને અવિભાજ્ય હિસ્સો છે. રાજકીય પ્રેરિત પ્રચાર આ વાસ્તવિકતાને ક્યારેય બદલી શકતો નથી. કલમ ૩૭૦ નાબૂદ થયા પછીના વર્ષોમાં, જમ્મુ અને કાશ્મીરે નોંધપાત્ર આર્થિક વિકાસ જોયો છે. માળખાકીય વિકાસ, પ્રવાસન અને કનેક્ટિવિટી દ્વારા અહીંના લોકોને સીધો લાભ મળી રહ્યો છે."

વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, આ સ્થિતિ પાકિસ્તાન અધિકૃત જમ્મુ અને કાશ્મીરની પરિસ્થિતિથી "તદ્દન વિપરીત" છે. ત્યાં ઈસ્લામાબાદે "નાગરિક પ્રદર્શનકારીઓ પર હિંસા, દમન અને ક્રૂરતા આચરી છે, જેમાં મહિલાઓ અને બાળકો સહિત અનેક લોકો માર્યા ગયા છે." વિદેશ મંત્રાલયે કહ્યું કે, "કોઈપણ પ્રકારના મીડિયા બ્લેકઆઉટ (માહિતી પર પ્રતિબંધ) દ્વારા માનવ અધિકારોના આ ગંભીર ઉલ્લંઘનોને છુપાવી શકાયા નથી.

અમેરિકાએ H-1B વિઝા માટે પગારની મર્યાદા વધારીને ૧.૪૦ લાખ ડોલર કરવાનો પ્રસ્તાવ મૂક્યો

ઓહિયોના રિપબ્લિકન સેનેટર જોન હસ્ટેડે સેનેટમાં સમાન બિલ રજૂ કર્યું

વોશિંગ્ટન,

અમેરિકાના રિપબ્લિકન સભ્યોએ H-1B વિઝા કાર્યક્રમમાં એક મહત્વપૂર્ણ વળતર મર્યાદા વધારવા માટે કાયદો રજૂ કર્યો છે, તેને $60,000 થી વધારીને આશરે ઈ૧૪૦,૦૦૦ કર્યો છે. આ ફેરફાર આંતરરાષ્ટ્રીય પ્રતિભા સંપાદન પર નોંધપાત્ર રીતે આધાર રાખતી સંસ્થાઓ માટે નોંધપાત્ર અસરો લાવી શકે છે.

વિસ્કોન્સિનના રિપબ્લિકન પ્રતિનિધિ ગ્લેન ગ્રોથમેને H-1B આધુનિકીકરણ અધિનિયમ રજૂ કર્યો છે, જે H-1B-આધારિત નોકરીદાતાઓને અસર કરતા નિયમોમાં ફેરફાર કરશે - આ વિઝા વર્ગીકરણ દ્વારા તેમના કાર્યબળનો નોંધપાત્ર હિસ્સો જાળવી રાખતી સંસ્થાઓ.

ઓહિયોના રિપબ્લિકન સેનેટર જોન હસ્ટેડે સેનેટમાં સમાન બિલ રજૂ કર્યું છે.

ટ્રમ્પ વહીવટીતંત્ર અને કેટલાક કોંગ્રેસનલ રિપબ્લિકન લોકો ફીમાં વધારો, વધુ કડક મૂલ્યાંકન અને આંતરરાષ્ટ્રીય પ્રતિભાઓને રોજગારી આપતી કંપનીઓ પર વધેલી મર્યાદાઓ દ્વારા H-1B કાર્યક્રમમાં સુધારાના પ્રયાસોને આગળ ધપાવી રહ્યા છે ત્યારે આ દરખાસ્ત ઉભરી આવી છે.

H-1B પગાર મુક્તિ વિશે તમારે જે જાણવાની જરૂર છે તે અહીં છે.હાલના નિયમો H-1B-આધારિત નોકરીદાતાઓ પર પૂરક જવાબદારીઓ લાદે છે જે ઘરેલું કામદારોના રક્ષણ માટે રચાયેલ છે. જોકે, ચોક્કસ H-1B કર્મચારીઓને આ જવાબદારીઓમાંથી બાકાત રાખવામાં આવે છે જો તેઓ ઈ૬૦,૦૦૦ નું લઘુત્તમ વાર્ષિક વળતર મેળવે અથવા માસ્ટર ડિગ્રી અથવા એડવાન્સ્ડ લાયકાત ધરાવતા હોય.

પ્રસ્તાવિત કાયદામાં બધા H-1B કામદારોને વાર્ષિક $140,000 મેળવવાનો આદેશ આપવામાં આવશે નહીં. તેના બદલે, તે મુક્તિ માટે લાયક બનવા માટે કામદારો માટે જરૂરી વળતર સ્તરમાં વધારો કરશે.

લાલકૃષ્ણ અડવાણીની તબિયતમાં સુધારો થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી

વડાપ્રધાન મોદીએ તાજેતરમાં અડવાણી સાથે મુલાકાત કરી

નવી દિલ્હી,

ભૂતપૂર્વ નાયબ વડાપ્રધાન અને ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના વરિષ્ઠ નેતા લાલ કૃષ્ણ અડવાણીને સોમવારે દિલ્હીની એક હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. છાતીમાં ચેપ (ચેસ્ટ ઈન્ફેક્શન)ને કારણે તેમને થોડા દિવસો પહેલા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

૯૮ વર્ષીય અડવાણીને ૧૬ ઓક્ટોબરે ઈન્દ્રપ્રસ્થ એપોલો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેઓ ન્યુરોલોજી (ચેતાતંત્ર વિજ્ઞાન) વિભાગના વરિષ્ઠ સલાહકાર ડૉ. વિનીત સૂરીની દેખરેખ હેઠળ સારવાર લઈ રહ્યા હતા. ભાજપના દિગ્ગજ નેતા અને પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ રહી ચૂકેલા અડવાણીની તબિયતમાં સુધારો થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

હોસ્પિટલે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "૧૬ ઓક્ટોબરે છાતીમાં ચેપને કારણે એપોલો હોસ્પિટલમાં દાખલ થયેલા શ્રી એલ. કે. અડવાણીને આજે રજા આપવામાં આવી રહી છે. તેઓ ન્યુરોલોજી વિભાગના વરિષ્ઠ સલાહકાર ડૉ. વિનીત સૂરીની દેખરેખ હેઠળ હતા અને તેમની તબિયતમાં સુધારો જોવા મળ્યો છે."

આ મહિનાની શરૂઆતમાં, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અડવાણી સાથે મુલાકાત કરી હતી, જે એવા સમયે થઈ જ્યારે મોદીએ સરકારના વડા તરીકે ૨૫ વર્ષ પૂર્ણ કર્યા હતા. તેઓ બુધવારે નવી દિલ્હીમાં ભાજપના આ વરિષ્ઠ નેતાના નિવાસસ્થાને પહોંચ્યા હતા અને તેમના આશીર્વાદ લીધા હતા.

ઈઝરાયલે ભારત સહિત નવા દેશો સાથે જોડાણ મજબૂત બનાવવું જોઈએ : બેન્જામિન નેતન્યાહૂ

ભાવિ યુએસ રાષ્ટ્રપતિ ઈઝરાયલ પ્રત્યે પ્રતિકૂળ વલણ અપનાવી શકે તેવો મત વ્યક્ત કર્યો

તહેરાન,

ઈઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ ચિંતા વ્યક્ત કરી છે કે ભાવિ યુએસ રાષ્ટ્રપતિ ઈઝરાયલ પ્રત્યે પ્રતિકૂળ વલણ અપનાવી શકે છે. આને ધ્યાનમાં રાખીને, તેમણે તેમના દેશની સ્થિતિ મજબૂત કરવા માટે ભારત અને લેટિન અમેરિકન દેશો સહિત અન્ય દેશો સાથે નવા જોડાણો બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. ઈઝરાયલની ૨૭ ઓક્ટોબરની ચૂંટણીના નવ દિવસ પહેલા એક કાર્યક્રમમાં તેમની સુરક્ષા નીતિ રજૂ કરતી વખતે નેતન્યાહૂએ આ ટિપ્પણી કરી હતી. તેમની ટિપ્પણીઓ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ખુલ્લેઆમ તેમનું સમર્થન કરવાના થોડા કલાકો પહેલા આવી હતી.

ટ્રમ્પે ઈઝરાયલના મતદાનના થોડા દિવસો પહેલા નેતન્યાહૂના ફરીથી વડા પ્રધાન બનવાના દાવને જાહેરમાં ટેકો આપ્યો હતો. નેતન્યાહૂએ કહ્યું, "બે વર્ષમાં, (યુએસમાં) એક રાષ્ટ્રપતિ, પછી ભલે તે પુરુષ હોય કે સ્ત્રી, ઈઝરાયલ પ્રત્યે અત્યંત પ્રતિકૂળ હોય, સત્તામાં આવી શકે છે." તેમણે પૂછ્યું, "તમે આવી પરિસ્થિતિને કેવી રીતે હેન્ડલ કરશો? તમે યુએસ સાથે તમારા સંબંધોને કેવી રીતે મેનેજ કરશો? અને તે ઉપરાંત, કયા ઉકેલોની જરૂર પડશે?" ઈઝરાયલી વડા પ્રધાને ભાર મૂક્યો કે ઈઝરાયલે યુએસ પ્રમુખ તરીકે ટ્રમ્પના કાર્યકાળના બાકીના વર્ષોનો ઉપયોગ તેની સ્થિતિ મજબૂત કરવા માટે કરવો જોઈએ. તેમણે ઉમેર્યું કે ઈઝરાયલે યુએસ નીતિમાં સંભવિત મોટા પરિવર્તન માટે પણ તૈયાર રહેવું જોઈએ. "સૌ પ્રથમ, આપણે આગામી બે વર્ષ અને તે પછીના બે વર્ષ દરમિયાન યુએસ સાથે કામ કરવા માટે શક્ય તેટલું બધું કરવું જોઈએ," તેમણે કહ્યું. નેતન્યાહૂએ કહ્યું, "બીજું, આપણે અન્ય જોડાણો બનાવવા જ જોઈએ. હું હાલમાં આપણા પ્રદેશ અને તેનાથી આગળના ઘણા દેશો સાથે આ દિશામાં કામ કરી રહ્યો છું. ભારત કોઈ નાનો દેશ નથી.

કેનેડામાં બે ભારતીય મૂળના નેતાઓ મેયર બન્યા

હર્ષન પહેલી વાર જીત્યા, સુરિન્દરપાલ ફરી જીત્યા

ટોરેન્ટો,

ભારતીય મૂળના બે નેતાઓએ કેનેડિયન પ્રાંત બ્રિટિશ કોલંબિયામાં મેયર પદ જીત્યા છે. ભારતીય મૂળના હર્ષણ રામદાસ ફર્નીના નવા મેયર તરીકે ચૂંટાયા છે, જ્યારે સુરિન્દરપાલ રાઠોડ વિલિયમ્સ લેકના મેયર પદ માટે ફરીથી ચૂંટાયા છે. બંને નેતાઓની જીતથી સ્થાનિક ચૂંટણીઓમાં ભારતીય મૂળના લોકોની રાજકીય ભાગીદારી ચર્ચામાં આવી છે.

બ્રિટિશ કોલંબિયામાં ૨૦૨૬ની સ્થાનિક ચૂંટણીઓ યોજાઈ હતી. મેયર અને સિટી કાઉન્સિલરો, તેમજ પ્રાદેશિક જિલ્લા નિર્દેશકો, સ્કૂલ બોર્ડ ટ્રસ્ટીઓ અને કેટલીક અન્ય સ્થાનિક સંસ્થાઓના પ્રતિનિધિઓ માટે મતદાન થયું હતું. ચૂંટણી પરિણામો જાહેર થયા પછી હર્ષણ રામદાસ અને સુરિન્દરપાલ રાઠોડની જીતની પુષ્ટિ થઈ હતી. રામદાસે ફર્નીમાં તેમના પ્રતિસ્પર્ધી કાયલ હેમિલ્ટનને હરાવ્યા હતા, જ્યારે રાઠોડ વિલિયમ્સ લેકમાં બીજા કાર્યકાળ માટે મેયર તરીકે ચૂંટાયા હતા.

ફર્નીની મેયરની ચૂંટણીમાં ભારતીય મૂળના હર્ષણ રામદાસે ૧,૫૨૪ મત જીત્યા. તેમને કુલ મતના ૫૪.૫ ટકા મત મળ્યા, જ્યારે તેમના પ્રતિસ્પર્ધી કાયલ હેમિલ્ટનને ૧,૧૯૪ મત મળ્યા. તેમની જીત બાદ, રામદાસે કહ્યું કે ફર્નીના લોકોએ આગળ વધવાનો સ્પષ્ટ સંદેશ આપ્યો છે. તેમણે સહકાર, જવાબદારી અને શહેરના હિતોને પ્રાથમિકતા આપવાની વાત કરી. રામદાસે મતદારોના વિશ્વાસ બદલ કૃતજ્ઞતા પણ વ્યક્ત કરી.

કરોડોના ભ્રષ્ટાચાર મામલે બાંગ્લાદેશના ભૂતપૂર્વ વાયુસેના વડા શેખ અબ્દુલ હન્નાનની કતારમાં ધરપકડ

નિવૃત્ત એર ચીફ માર્શલે કથિત રીતે તેમની આવકના જાણીતા સ્ત્રોતો કરતાં ૩૨.૮ મિલિયન બાંગ્લાદેશી ટાકાની સંપત્તિ એકઠી કરી હતી

ઢાકા,

બાંગ્લાદેશના ભૂતપૂર્વ વાયુસેના વડા શેખ અબ્દુલ હન્નાનની કતારમાં ધરપકડ કરવામાં આવી છે. તેમના વતનમાં ભ્રષ્ટાચારના આરોપોનો સામનો કરવો પડી રહ્યો છે. બાંગ્લાદેશ ભ્રષ્ટાચાર વિરોધી કમિશન અનુસાર, નિવૃત્ત એર ચીફ માર્શલે કથિત રીતે તેમની આવકના જાણીતા સ્ત્રોતો કરતાં ૩૨.૮ મિલિયન બાંગ્લાદેશી ટાકાની સંપત્તિ એકઠી કરી હતી. વધુમાં, તેમણે તેમના છ બેંક ખાતાઓ દ્વારા ૨૭૬.૩ મિલિયન બાંગ્લાદેશી ટાકાના શંકાસ્પદ વ્યવહારો કર્યા. એસીસીના ડેપ્યુટી ડિરેક્ટર મોહમ્મદ અમ્નરુલ ઈસ્લામે જણાવ્યું હતું કે હન્નાનની ૧૫ ઓક્ટોબરના રોજ કતારના અધિકારીઓ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે ભ્રષ્ટાચાર વિરોધી વોચડોગને ઈન્ટરપોલના ઈમેઈલ દ્વારા તેમની ધરપકડ વિશે સત્તાવાર માહિતી મળી હતી. તેમણે કહ્યું, "અમને ઈન્ટરપોલ તરફથી માહિતી મળી હતી કે કતારની કાયદા અમલીકરણ એજન્સીએ ૧૫ ઓક્ટોબરના રોજ તેમને ત્યાં અટકાયતમાં લીધા હતા." તપાસના તારણોના આધારે, કમિશને ગયા વર્ષે જુલાઈમાં ભ્રષ્ટાચાર વિરોધી કમિશન અધિનિયમ, મની લોન્ડરિંગ નિવારણ અધિનિયમ અને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ આરોપો દાખલ કરવાની મંજૂરી આપી હતી.

હન્નાનની પત્ની પણ આ કેસમાં આરોપી છે. તેણી પર આરોપ છે કે તેણીએ તેના પતિની મદદથી ૧૯.૧ મિલિયન બાંગ્લાદેશી ટાકાની સંપત્તિ એકઠી કરી છે, જે તેણીના જાણીતા આવકના સ્ત્રોતોથી વધુ છે.એસીસીએ તેના નામે ૩૨ બેંક ખાતાઓ દ્વારા ૧૧.૮ મિલિયન બાંગ્લાદેશી ટાકાના શંકાસ્પદ વ્યવહારો પણ શોધી કાઢ્યા.

દિલ્હી એરપોર્ટ પર દુબઈથી આવતા મુસાફર પાસેથી ૪.૦૩ કરોડનું સોનું ઝડપાયું

કસ્ટમ વિભાગે સોનાની દાણચોરીના કેસનો પર્દાફાશ કર્યો

નવીદિલ્હી,

કસ્ટમ વિભાગે દિલ્હીના ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર સોનાની દાણચોરીના કેસનો પર્દાફાશ કર્યો છે. અધિકારીઓએ દુબઈથી આવતા એક ભારતીય મુસાફર પાસેથી આશરે ૪.૦૩ કરોડના સોનાના બાર જપ્ત કર્યા છે. જપ્ત કરાયેલા સોનાનું કુલ વજન ૩.૨ કિલોગ્રામ છે.

એક સત્તાવાર નિવેદન મુજબ, આ કાર્યવાહી સોમવારે (૧૯ ઓક્ટોબર) હાથ ધરવામાં આવી હતી. દુબઈથી ફ્લાઈટ પછી દિલ્હી પહોંચેલા મુસાફરને કસ્ટમ અધિકારીઓએ સ્પોટ પ્રોફાઈલિંગના આધારે અટકાવ્યો હતો. ત્યારબાદ તેના સામાનની સંપૂર્ણ તપાસ કરવામાં આવી હતી. શોધ દરમિયાન, અધિકારીઓએ ફ્લોર સ્પ્રિંગમાં છુપાયેલા સોનાના લગડા મળી આવ્યા હતા.

ફ્લોર સ્પ્રિંગ એ એક યાંત્રિક ઉપકરણ છે જે સામાન્ય રીતે દરવાજાની નજીક ભૂગર્ભમાં સ્થાપિત કરવામાં આવે છે જેથી દરવાજો આપમેળે બંધ થઈ જાય. આ ભારે ઉપકરણનો ઉપયોગ સોનાને છુપાવવા અને નિરીક્ષણથી બચવા માટે કરવામાં આવતો હતો. કસ્ટમ અધિકારીઓએ કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ હેઠળ કેસ નોંધ્યો છે. સોનાનો માલ જપ્ત કરવામાં આવ્યો છે, અને આ દાણચોરી રેકેટમાં સામેલ અન્ય વ્યક્તિઓને ઓળખવા માટે વધુ તપાસ ચાલી રહી છે.

પક્ષ હિંસાને સમર્થન આપતો નથી, પરંતુ મુક્ત અને ન્યાયી ચૂંટણીની માંગ કરે છે: શશિ થરૂર

સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવ્યૂ સામેના વિરોધ અંગે કેન્દ્રીય મંત્રી કિરેન રિજીજુના નિવેદન પર કોંગ્રેસ સાંસદ શશી થરૂરે પ્રતિક્રિયા આપી

તિરુવનંતપુરમ,

કોંગ્રેસ સાંસદ શશી થરૂરે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવ્યૂ (એસઆઈઆર) સામેના વિરોધ અંગે કેન્દ્રીય મંત્રી કિરેન રિજીજુના નિવેદન પર પ્રતિક્રિયા આપી છે. થરૂરે કહ્યું કે ભારત ન તો બાંગ્લાદેશ છે કે ન તો ફ્રાન્સ. તેમણે કહ્યું કે વિપક્ષ હિંસાને સમર્થન આપતો નથી, પરંતુ મુક્ત અને ન્યાયી ચૂંટણીની માંગ કરે છે.

કેરળની રાજધાની તિરુવનંતપુરમમાં કોંગ્રેસના સાંસદ થરૂરે કહ્યું કે વિપક્ષ ક્યારેય ફ્રાન્સમાં બસો અને પોલીસ સ્ટેશન સળગાવવા જેવી હિંસક ઘટનાઓને સમર્થન આપશે નહીં. તેમણે કહ્યું કે વિપક્ષ શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શનમાં માને છે અને તેમણે પોતે પણ આવા જ પ્રદર્શનોમાં ભાગ લીધો છે.

કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ રવિવારે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં આરોપ લગાવ્યો હતો કે કેટલાક રાજકારણીઓ અને ભારત વિરોધી જૂથો દેશમાં યુવાનોને ઉશ્કેરવાનું અને શેરીઓમાં હિંસા ફેલાવવાનું કાવતરું ઘડી રહ્યા છે. બાંગ્લાદેશમાં થયેલી હિંસક ઘટનાઓ અને ફ્રાન્સમાં થયેલા રમખાણો, આગચંપી અને લૂંટફાટનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે ભારત ન તો બાંગ્લાદેશ છે કે ન તો ફ્રાન્સ. રિજિજુએ એમ પણ કહ્યું કે ભારતમાં સત્તા પરિવર્તન થઈ શકે છે, પરંતુ આ ફક્ત ચૂંટણી દ્વારા જ શક્ય બનશે.

રશિયા પાસેથી ઉર્જા ખરીદવા માટે ભારત અને ચીન પર સેકન્ડરી ટેરિફ લાદવા માટે અમેરિકાએ યુરોપિયન દેશો પાસેથી સમર્થન માંગ્યું હતુ

બેસન્ટે મોસ્કો સાથે વેપાર કરતા દેશો પર નવા પ્રતિબંધો લાદવાના વોશિંગ્ટનના નિર્ણયનો બચાવ કર્યો

નવીદિલ્હી,

યુએસ ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસન્ટે ભારત પર ટેરિફ અંગે મોટો ખુલાસો કર્યો છે. બેસન્ટે જણાવ્યું હતું કે રશિયા પાસેથી ઉર્જા ખરીદવા માટે અમેરિકાએ ભારત અને ચીન પર સેકન્ડરી ટેરિફ લાદવા માટે યુરોપિયન દેશો પાસેથી સમર્થન માંગ્યું હતું, પરંતુ તેઓએ ઇનકાર કર્યો હતો. જોકે, બેસન્ટે મોસ્કો સાથે વેપાર કરતા દેશો પર નવા પ્રતિબંધો લાદવાના વોશિંગ્ટનના નિર્ણયનો બચાવ કર્યો. દરમિયાન, યુએસ ઉર્જા સચિવ ક્રિસ રાઈટે જણાવ્યું હતું કે ભારત અને ચીન બે મુખ્ય દેશો છે જેમને નવા પ્રતિબંધ કાયદા હેઠળ દંડ ફટકારી શકાય છે. તેમણે એમ પણ કહ્યું કે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પછીથી આ પ્રતિબંધો લાદવાનો અધિકાર અનામત રાખે છે.

એનબીસીના "મીટ ધ પ્રેસ" પર, બેસન્ટે સમજાવ્યું કે યુરોપિયન દેશો રશિયા પાસેથી મોટા પ્રમાણમાં ઉર્જા ખરીદી રહ્યા છે અને ભારત અને ચીન સામે વોશિંગ્ટનના પ્રસ્તાવિત પગલાંમાં જોડાવાનો ઇનકાર કર્યો હતો. "અમે થોડા મહિના પહેલા અમારા યુરોપિયન સાથીઓને ચીન અને ભારત પર ગૌણ ટેરિફ લાદવામાં અમારી સાથે જોડાવા કહ્યું હતું. તેઓએ ના પાડી," બેસન્ટે કહ્યું. તેમણે પૂછ્યું, "તો અમેરિકાએ આ બોજ કેમ ઉઠાવવો જોઈએ?"

બેસન્ટે યુરોપિયન સરકારો પર ઉર્જા ખરીદી દ્વારા રશિયાને સતત ભંડોળ પૂરું પાડવાનો આરોપ મૂક્યો હતો. તેમણે યમલ સુવિધામાંથી શિપમેન્ટનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે વર્ષના પ્રથમ છ મહિનામાં ત્યાંથી ૧૪૦ કાર્ગો મોકલવામાં આવ્યા હતા, જેમાંથી ૧૩૬ યુરોપિયન દેશોમાં ગયા હતા. તેમણે જણાવ્યું હતું કે ૮ અબજ ડોલરથી વધુ મૂલ્યના આ શિપમેન્ટ બેલ્જિયમ, સ્પેન, ફ્રાન્સ અને નેધરલેન્ડ જેવા દેશોમાં મોકલવામાં આવ્યા હતા. ટ્રેઝરી સેક્રેટરીએ દલીલ કરી હતી કે જો સાથી દેશો કોઈ નક્કર પગલાં નહીં લે, તો વહીવટીતંત્રને તેની પ્રતિબંધ વ્યૂહરચના પર પુનર્વિચાર કરવાનો અધિકાર છે. તેમણે જણાવ્યું હતું કે કાયદો પરિસ્થિતિની સમીક્ષા કરવા માટે ૬૦ દિવસનો સમય આપે છે. તેમણે ભાર મૂક્યો હતો કે મુખ્ય રશિયન ઊર્જા કંપનીઓ પર હાલના પ્રતિબંધો યથાવત છે. બેસન્ટે સ્પષ્ટતા કરી હતી કે કોઈ પ્રતિબંધો હટાવવામાં આવ્યા નથી. તેમણે નવા દંડને રોકવાના નિર્ણયને રશિયન ડીઝલ નિકાસ પરના નિયંત્રણો હળવા કરવાના નિર્ણયથી અલગ ગણાવ્યો હતો.

સીએનએનના "સ્ટેટ ઓફ ધ યુનિયન" પર બોલતા, રાઈટે રશિયાને સીધા લક્ષ્ય બનાવતા પ્રતિબંધો અને મોસ્કો સાથે વેપાર ચાલુ રાખતા દેશો પર લાદવામાં આવેલા પ્રતિબંધો વચ્ચેનો તફાવત સ્પષ્ટ કર્યો. રાઈટે કહ્યું કે લિન્ડસે ગ્રેહામ એક્ટ રશિયા પર આર્થિક પ્રતિબંધો લાદવા વિશે નથી. તે રશિયા સાથે વેપાર કરતા દેશો પર આર્થિક પ્રતિબંધો લાદવા વિશે છે.

કેન્દ્ર સરકારે મેટાને ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ પરની સામગ્રીમાં ફેરફાર કરવા કહ્યું

મેટાને કાયદા અમલીકરણ અને અન્ય સરકારી સંસ્થાઓ સાથે સમયસર સહયોગ સુનિશ્ચિત કરવા જણાવ્યું



નવી દિલ્હી,

કેન્દ્ર સરકારે ફેસબુક અને ઈન્સ્ટાગ્રામના માલિક મેટાને સામગ્રીમાં સંપૂર્ણ ફેરફાર કરવા જણાવ્યું છે. મેટાને ખાતરી કરવા કહેવામાં આવ્યું છે કે તેની ભલામણ પ્રણાલી "એક અથવા મર્યાદિત વાર્તાઓના વપરાશકર્તાઓના અપ્રમાણસર સંપર્કમાં ન આવે."

વધુમાં, તેને એવી સામગ્રી પર વિવિધ તપાસો વધારવા પણ કહેવામાં આવ્યું છે જે હિંસા ઉશ્કેરે છે અને વપરાશકર્તાઓમાં તકલીફ પેદા કરી શકે છે. ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલય દ્વારા આ સલાહકાર જારી કરવામાં આવ્યો હતો.

સૈરૂ દ્વારા ૧૦ ઓક્ટોબરના રોજ આદેશ જારી કરવામાં આવ્યો હતો, અને તેણે મેટાને યોગ્ય પગલાં લેવા અને જાહેર ઘટનાઓ વિશેના ફોટોગ્રાફ્સ, વિડિઓઝ, ગ્રાફિક્સ અથવા કોઈપણ અન્ય સામગ્રીને યોગ્ય માત્રામાં સંદર્ભ પૂરો પાડવામાં મદદ કરવા જણાવ્યું હતું.

તેણે વપરાશકર્તા જે સામગ્રીનો ઉપયોગ કરી રહ્યો છે તેની પ્રામાણિકતા, તારીખ, સ્થાન અથવા સંજોગો પ્રદાન કરવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો જેથી યોગ્ય માહિતી પસાર થઈ શકે.

મેટાને તે પ્રદાન કરે છે તે ભલામણો અને વિવિધ સામગ્રી રેકિંગ પદ્ધતિઓની સમીક્ષા કરવા પણ કહેવામાં આવ્યું હતું જે ખાતરી કરવામાં મદદ કરશે કે તેમની એપ્લિકેશનો પર કોઈ ભ્રામક, ચાલાકીવાળી અથવા સંદર્ભની બહારની સામગ્રી પ્રસારિત ન થાય.

અહેવાલોમાં જણાવાયું છે કે બધી વાર્તાઓનો સમાન રીતે પ્રચાર કરવામાં આવ્યો ન હતો

એ નોંધવું રસપ્રદ છે કે એવા અહેવાલો આવ્યા હતા કે મેટા બધી વાર્તાઓનો સમાન રીતે પ્રચાર કરી રહ્યું નથી, કારણ કે અલ્ગોરિધમ એક વાર્તાને બીજા કરતા વધુ પસંદ કરે છે. જારી કરાયેલી સલાહકારમાં, MeitY એ મેટાને કાયદા અમલીકરણ અને અન્ય સરકારી સંસ્થાઓ સાથે સમયસર સહયોગ સુનિશ્ચિત કરવા જણાવ્યું હતું.

એવું કહેવામાં આવ્યું હતું કે મંત્રાલયે નોંધ્યું હતું કે ચાલુ જાહેર ઘટના વિશેની કેટલીક સામગ્રી મેટા એપ્સ પર વધુ પ્રસારિત થઈ રહી છે, જેમાં જાહેર વ્યવસ્થા અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિઓમાં વિડિઓઝ, છબીઓ, નિવેદનો અને સ્ટેટિક ગ્રાફિક્સનો સમાવેશ થાય છે. સલાહકારે માહિતી ટેકનોલોજી અધિનિયમ ૨૦૦૦ નો પણ ઉલ્લેખ કર્યો હતો અને જણાવ્યું હતું કે મેટાએ IT નિયમો ૨૦૨૧ હેઠળ યોગ્ય ખંતનું પાલન કરવું જોઈએ.

અમરેલી જિલ્લામાં સિંહોના ભય વચ્ચે હવે દીપડાની પણ વધતી દહેશત !

વડીયા તાલુકાના હનુમાન ખીજડીયા ગામની શેરીમાં ઘૂસી દીપડાએ શ્વાનનો શિકાર

અમરેલી તા.૨૦

અમરેલી જિલ્લામાં સિંહ અને દીપડાની માનવ વસાહતોમાં અવરજવર અને હુમલાની ઘટનાઓ વચ્ચે હવે વડીયા પંથકમાં પણ દીપડાની હાજરીએ લોકોની ચિંતા વધારી દીધી છે. વડીયા તાલુકાના હનુમાન ખીજડીયા ગામે મોડી રાત્રે ગામની શેરીમાં ઘૂસી આવેલા એક દીપડાએ સૂતેલા શ્વાનનો શિકાર કર્યો હતો. દીપડાએ શ્વાનનો શિકાર કર્યો હોવાની આ ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઇ છે. અને ગામમાં દીપડાની હાજરી જોવા મળતા ગામમાં ફફડાટ ફેલાયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, હનુમાન ખીજડીયા ગામમાં ગઈકાલે મોડી રાત્રિના સમયે એક દીપડો આવી ચઢ્યો હતો. અને ગામની શેરીમાં સૂતેલા એક શ્વાનને નિશાન બનાવી દીપડાએ તેનો શિકાર કર્યો હતો. દીપડાની શિકાર કરવાની આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હોવાનું સામે આવ્યું છે. માનવ વસાહતની અંદર દીપડો આવીને શિકાર કરતો હોવાની ઘટનાએ સ્થાનિકોમાં ભયની લાગણી જન્માવી છે.

એક તરફ અમરેલી જિલ્લાના વિવિધ વિસ્તારોમાં સિંહોની અવરજવર અને હુમલાની ઘટનાઓને પગલે લોકોમાં ચિંતા જોવા મળી રહી છે, ત્યારે બીજી તરફ વડીયા પંથકમાં દીપડાની હાજરીએ મુશ્કેલીમાં વધારો કર્યો છે. ત્યારે ખાસ કરીને ખેતીની સીઝન દરમિયાન ખેડૂતો અને ખેતમજૂરોની અવરજવર વધતી હોય છે. ઉપરાંત નવરાત્રિ અને દિવાળી જેવા તહેવારોના દિવસોમાં મોડી રાત સુધી લોકોની અવરજવર રહેતી હોવાથી વન્યપ્રાણીઓની માનવ વસાહતમાં હાજરી ચિંતાનો વિષય બની છે.

હનુમાન ખીજડીયા ગામની શેરીમાં દીપડાએ શ્વાનનો શિકાર કરતાં હવે ગામના લોકોમાં રાત્રિના સમયે બહાર નીકળવા અંગે પણ ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. દીપડો ક્યાંથી આવ્યો ? આસપાસના વિસ્તારમાં હજુ પણ સક્રિય છે કે કેમ? અને માનવ વસાહત તરફ તેની અવર જવર અટકાવવા માટે કેવા પગલાં લેવામાં આવશે? તેવા સવાલો સ્થાનિકોમાં ઊઠી રહ્યા છે.

આ સંજોગોમાં વનવિભાગ દ્વારા ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ આ વિસ્તારની ઝીણવટ ભરી તપાસ કરવામાં આવે, અને દીપડાની અવર જવર અંગે માહિતી મેળવવા જરૂરી મોનિટરિંગ હાથ ધરવામાં આવે અને ગ્રામજનોને સાવચેતી અંગે માર્ગદર્શન આપવામાં આવે તેવી લોકમાગ ઊઠી છે. માનવ વસાહતમાં વન્યપ્રાણીઓની અવર જવરથી કોઈ જાનહાનિ કે અનિચ્છનીય બનાવ બને તે પહેલાં વનવિભાગ દ્વારા યોગ્ય તકેદારીનાં પગલાં લેવામાં આવે તેવી ગ્રામજનોની અપેક્ષા છે.

અમરેલીના અવધ રેસીડેન્સીમાં મકાનમાં આગ લાગવાથી દોડધામ

ચિતલ રોડ પર રહેણાંક મકાનમાં આગ લાગતાં ફાયર બ્રિગેડ દોડી ગયું : ૧૫ મિનિટ પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો

મિલાપ રૂપારેલ અમરેલી

અમરેલી શહેરના ચિતલ રોડ પર આવેલી અવધ રેસીડેન્સીના એક રહેણાંક મકાનમાં આગ લાગવાની ઘટના બનતાં દોડધામ મચી હતી. ઘટનાની જાણ અમરેલી ફાયર કંટ્રોલરૂમને કરવામાં આવતાં ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો.

અમરેલી ફાયર ઈમરજન્સી સર્વિસના ઈન્ચાર્જ ફાયર ઓફિસર એચ.પી. સરતેજાની આગેવાની હેઠળ એક વોટર બ્રાઉઝર સાથે ફાયર ટીમ અવધ રેસીડેન્સી ખાતે પહોંચી હતી. ફાયર જવાનોએ આશરે ૧૫ મિનિટ સુધી પાણીનો મારો ચલાવી આગને સંપૂર્ણપણે કાબૂમાં લીધી હતી.

પ્રાથમિક તપાસ મુજબ, મકાનમાં એ.સી.ઓવરહિટ થવાના કારણે આગ લાગી હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે, આગ લાગવાનું ચોક્કસ કારણ તપાસ બાદ સ્પષ્ટ થશે. આ કામગીરીમાં ફાયર સ્ટાફના ઋત્વિકભાઈ ભીમાણી, સાગરભાઈ પુરોહિત અને કૃષ્ણભાઈ ઓળકિયા સહિતના કર્મચારીઓ જોડાયા હતા.

ધારીના ગીગાસણ ગામે ૧૫ ફૂટનો મહાકાય અજગર કૂવામાં ખાબક્યો !

બે કલાકના રેસ્ક્યૂ બાદ હેમખેમ બહાર કઢાયો : ક્રેઇનની મદદથી કૂવામાંથી જીવના જોખમે હાથ ધર્યું રેસ્ક્યૂ ઓપરેશન : અજગરને સુરક્ષિત રીતે કુદરતના ખોળે મુક્ત કરાયો

મિલાપ રૂપારેલ અમરેલી

અમરેલી જિલ્લાના ગીરકાંઠાના ધારી પંથકમાં વન્યજીવોની અવરજવર વચ્ચે ગીગાસણ ગામે ફરી એક વખત મહાકાય અજગર દેખા દેતાં ગ્રામજનોમાં કુતૂહલ સાથે ચિંતા ફેલાઈ હતી. ગામમાં એક કૂવામાં અંદાજે ૧૫ ફૂટ લાંબો મહાકાય અજગર ખાબકતાં ખેડૂતે તાત્કાલિક સેવાભાવી લોકોને જાણ કરી હતી. ત્યારબાદ ક્રેઇનની મદદથી હાથ ધરાયેલા રેસ્ક્યૂ ઓપરેશનમાં આશરે બે કલાકની ભારે જહેમત બાદ અજગરને સુરક્ષિત રીતે કૂવામાંથી બહાર કાઢવામાં આવ્યો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર, ધારી તાલુકાના ગીગાસણ ગામે એક ખેડૂતની નજર કૂવામાં પડેલા મહાકાય અજગર પર પડી હતી. કૂવામાં અજગર ખાબક્યો હોવાનું જણાતાં તેને બહાર કાઢવા માટે સેવાભાવી લોકોને જાણ કરવામાં આવી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને અજગરને સુરક્ષિત રીતે બહાર કાઢવા માટે રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. કૂવાની ઊંડાઈ અને અજગરના વિશાળ કદને ધ્યાનમાં રાખીને ક્રેઇનની મદદ લેવામાં આવી હતી. અને સેવાભાવી રમેશ કાતરીયા ક્રેઇનની મદદથી કૂવામાં ઊતર્યા હતા અને સાવચેતીપૂર્વક અજગરને બહાર કાઢવાની કામગીરી શરૂ કરી હતી. લગભગ બે કલાક સુધી ચાલેલી જહેમત બાદ ૧૫ ફૂટના મહાકાય અજગરને હેમખેમ બહાર કાઢવામાં સફળતા મળી હતી. અજગરને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવતાં ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો હતો. ત્યારબાદ અજગરને તેના કુદરતી રહેઠાણમાં મુક્ત કરી કુદરતના ખોળે રમતો મૂકવામાં આવ્યો હતો. આ સમગ્ર રેસ્ક્યૂ ઓપરેશનમાં સેવાભાવી રમેશ કાતરીયાની કામગીરી નોંધપાત્ર રહી હતી.

ધારી પંથકમાં અજગરની અવરજવરથી કુતૂહલ

ધારી અને આસપાસના ગીરકાંઠાના વિસ્તારોમાં અગાઉ પણ અનેક વખત અજગર જોવા મળ્યાની ઘટનાઓ સામે આવી છે. ગીર વિસ્તારની કુદરતી જૈવવિવિધતાને કારણે આ વિસ્તારમાં વિવિધ વન્યજીવોની અવરજવર જોવા મળે છે. જોકે, અજગર જેવા વન્યજીવો માનવ વસાહત નજીક કે કૂવામાં દેખાય ત્યારે સાવચેતી રાખવી અત્યંત જરૂરી બને છે. આવા સમયે વન્યજીવને નુકસાન પહોંચાડવાને બદલે તાલીમબદ્ધ રેસ્ક્યૂ ટીમ અથવા વનવિભાગની મદદથી તેને સુરક્ષિત રીતે કુદરતી રહેઠાણમાં પહોંચાડવો એ જ યોગ્ય અભિગમ છે.

કોડીનારના ખાંડ ફેક્ટરી રોડ પર સ્કૂલ બસ અને ઈકો વચ્ચે અકસ્માત, મહિલા સહિત બેને ઈજા

સોમનાથ સોસાયટી પાસે બનેલી ઘટનામાં ઈજાગ્રસ્તોને સારવાર માટે ખસેડાયા; બાયપાસ રોડ પર ટ્રાફિક સમસ્યા વચ્ચે બેફામ વાહનચાલન સામે કાર્યવાહીની માગ

કૈલેશ ભટ્ટ ઉના

કોડીનારના ખાંડ ફેક્ટરી રોડ પર સોમનાથ સોસાયટી પાસે આજે સવારે આશરે આઠ વાગ્યે સ્કૂલ બસ અને ઈકો કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. બસની પાછળથી પૂરઝડપે આવેલી ઈકો અથડાતાં તેમાં સવાર મહિલા સહિત બે વ્યક્તિઓને ઈજા પહોંચી હતી. પ્રાપ્ત વિગતો અનુસાર, સ્કૂલ બસ આગળ ધીમી ગતિએ જઈ રહી હતી ત્યારે પાછળથી આવતી ઈકોના ચાલકે બસને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં માળીયા ગામના રહેવાસી અને કોડીનાર તાલુકાના કોટડા ગામે કરિયાણાની દુકાન ધરાવતા ગોવિંદભાઈ આહુજા સહિત એક મહિલાને ઈજા થઈ હતી. ગોવિંદભાઈને વધુ ઈજા થતાં ત્યાંથી પસાર થતા પત્રકાર દિનેશભાઈ જોષીએ તાત્કાલિક તેમને મોટરસાઈકલ પર બેસાડી સરકારી દવાખાને સારવાર માટે પહોંચાડ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે કોડીનાર ફરતે બાયપાસ રોડ પર સિમેન્ટ રોડનું કામ ચાલી રહ્યું છે. બીજી તરફ, માર્કેટિંગ યાર્ડમાં ખેડૂતો પોતાની જણસી વેચવા આવતા હોવાથી માર્ગ પર વાહનોની અવરજવર વધી છે અને ટ્રાફિકની સમસ્યા પણ સર્જાઈ રહી છે. આવી સ્થિતિમાં વાહનચાલકોની બેદરકારી અકસ્માતનું જોખમ વધારી શકે છે. સ્થાનિક સ્તરે કોડીનાર-વેરાવળ-ઊના માર્ગ પર ખાનગી વાહનો દ્વારા મુસાફરોની હેરફેર અને બેફામ વાહનચાલન અંગે પણ સવાલો ઊઠી રહ્યા છે. મુસાફરોની સલામતી જળવાઈ રહે તે માટે સંબંધિત તંત્ર દ્વારા વાહનોની તપાસ, નિયમોનું પાલન અને ગેરકાયદેસર મુસાફર હેરફેર સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માગ ઊઠી છે.

કોડીનારમાં વિજયાદશમીએ ૪૫થી ૫૦ ફૂટના ભવ્ય રાવણનું દહન

ભગવાન શ્રીરામની ભવ્ય શોભાયાત્રા, વિવિધ ફ્લોટ્સ અને આકર્ષક આતશબાજી મુખ્ય આકર્ષણ બનશે



કૈલેશ ભટ્ટ ઉના

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર શહેરમાં આવતીકાલે વિજયાદશમી એટલે કે દશેરાના પાવન પર્વ નિમિત્તે રાવણ દહનનો ભવ્ય કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમને લઈને વિજયાદશમી મહોત્સવ સમિતિ ટ્રસ્ટ કોડીનાર, તાલુકા સમસ્ત હિન્દુ સમાજ અને ભવાની યુવક મંડળ દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી છે.

કોડીનારમાં દર વર્ષે દશેરાના પર્વે રાવણ દહનનો ભવ્ય કાર્યક્રમ યોજાય છે. આ વર્ષે પણ સૌરાષ્ટ્રના કલાત્મક અને નમૂનેદાર રાવણ તરીકે ઓળખાય તેવી ૪૫થી ૫૦ ફૂટ ઊંચી પ્રતિમા બનાવવામાં આવી છે. રાવણની પ્રતિમા બનાવવાની કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે અને કાર્યક્રમને યાદગાર બનાવવા આયોજકો દ્વારા અંતિમ તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.વિજયાદશમી એ અધર્મ પર ધર્મના વિજયનું પ્રતીક છે. પૌરાણિક માન્યતા અનુસાર, ભગવાન શ્રીરામે આ દિવસે રાવણનો વધ કરીને ધર્મ અને સત્યની સ્થાપના કરી હતી. આ પાવન પ્રસંગની ઉજવણીના ભાગરૂપે કોડીનાર શહેરમાં ભગવાન શ્રીરામની ભવ્ય શોભાયાત્રા યોજાશે. વિવિધ આકર્ષક ફ્લોટ્સ અને જીવંત પાત્રો સાથે નીકળનારી આ શોભાયાત્રા શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થશે.ત્યારબાદ સાંજે શિંગોડા નદીના પટાંગણમાં ભવ્ય આતશબાજી સાથે રાવણ દહનનો કાર્યક્રમ યોજાશે. આ પ્રસંગે મોટી સંખ્યામાં નગરજનો અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોના લોકો ઉપસ્થિત રહે તેવી શક્યતા છે.

વિજયાદશમી મહોત્સવ સમિતિ ટ્રસ્ટ કોડીનાર, તાલુકા સમસ્ત હિન્દુ સમાજ અને ભવાની યુવક મંડળ દ્વારા તાલુકાની સર્વે જનતાને ભગવાન શ્રીરામની શોભાયાત્રામાં જોડાવા તથા રાવણ દહનના ભવ્ય કાર્યક્રમમાં સહભાગી બની ધર્મના વિજયના પર્વની ઉજવણી કરવા ભાવભર્યો અનુરોધ કરવામાં આવ્યો છે.

ધારીના મીઠાપુરમાં કાર કેમ માથે આવવા દીધી કહેતા યુવાન પર ૨ શખ્સ તલવારથી તૂટી પડ્યા

અમરેલી

ધારી તાલુકાના મીઠાપુર(ડું) ગામે હરીધામ સોસયટી, ધારી રોડ ઉપર રહેતા દિલીપભાઇ બાધુભાઇ વાળા નામના ૩૫ વર્ષીય ખેડૂત ગત તા.૧૮ ના બપોરના ૪ વાગ્યે પોતાના ઘરે આવતા હતા તે વખતે જાહેર રસ્તામાં તે જ ગામે રહેતા આરોપી કરણસિંહ નારસીંગભાઇ રેવર એક સફેદ કલરની ફોર વહીલ જેના પર જય ભવાની લખેલ તેના નંબર ખેડૂતને ખબર ના હોય, તે ખેડૂતની સામે આવતા જેથી ખેડૂતે તેના ચાલક કરણસિંહને કહેલ કે, કેમ બોલેરો માથે આવા દીધેલ? જેથી આરોપીએ ઉશ્કેરાઇ જઇને, ખેડૂતને કહેવા લાગેલ કે, તને તો મારી જ નાખવો છે. તેમ જાનથી મારી નાખવાની ધમકી આપેલ હતી.

બાદમાં ખેડૂત ઘરે જતા રહેલ તે વખતે આરોપી હાથમાં તલવાર લઇને આવીને તથા બીજા આરોપી અજીતભાઇ રેવર લોખંડના પાઇપ લઇને ખેડૂતના ઘરના દરવાજે તથા બાજુ પડેલ મોટર સાયકલમા ધા મારેલ, જેથી ખેડૂત ઘરની બહાર નીકળતા, આરોપીએ તલવારનો ધા માથાના પાછળના ભાગે, ડાબા હાથના ખંભાના નીચે, હાથની કોણીના ભાગે ટચલી તથા પહેલી આંગળી તથા જમણા હાથના અંગુઠા પર ધા મારી ઇજા કરેલ. જેની વચ્ચે કેતનભાઇ પડતા આરોપીએ તલવારનો ધા તેને પણ ડાબા હાથની હથેળીના ચોથી આંગળીમા ઇજા કરેલ હતી. તેમજ ખેડૂતના પિતા બાધુભાઇ વચ્ચે પડતા તેને તલવારના ધા મારી છોલાણ કરીને ગાળો આપીને, હથીયાર વડે ધા મારમારીને મહાવ્યથા કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

અમરેલી જિલ્લામાંથી પોલીસે વિવિધ સ્થળોએથી ૧૦ ઈસમોને કેફી પીણું પીધેલી હાલતમાં ફરતાં ઝડપી લીધા હતા.પોલીસ તપાસ દરમિયાન સાવરકુંડલામાંથી ત્રણ, જયારે જાફરાબાદ, ક્થીવદરપરા, ચક્કવાપરા, અમરેલી, કલોરાણા, રાજુલા અને વાવેરામાંથી એક-એક મળી કુલ ૧૦ ઈસમો નશાની હાલતમાં રખડતા-ભટકતા મળી આવ્યા હતા.

રાજુલા તાલુકાના જુની બારપટોળી ગામે પિતાને ઢીકાપાટુનો મુઢમાર મારતો પુત્ર

અમરેલી

રાજુલા તાલુકાના જુની બારપટોળી ગામે આશ્રમની સામે રહેતા લાખાભાઇ ખોડાભાઇ જીતીયા નામના ૫૫ વર્ષીય ખેડૂત ગત તા.૧૭ ના રોજ જુની બારપટોળી ગામે સાંજના આશરે સાડા સાતેક વાગ્યાના અરસામા તેમના ઘરે હાજર હતા તે દરમ્યાન તેમનો પુત્ર આરોપી નરેશ લાખાભાઇ જીતીયા દારૂ પીધેલ હાલતમાં ઘરે આવેલ હતો. અને તેમના પિતાને કહેલ કે, કાલે સવારમાં મારૂ ટ્રેક્ટર ખેતર ખેડવા માટે આવે છે. અને જમીનમાં મને વાવવાની કોણ ના પાડે છે? તેમ કહી પોતાના પિતા સાથે બોલાચાલી કરેલ અને તેમના પિતાને મોઢાના ભાગે હોઠના ડાબા ભાગે તથા ડાબા પગના સાથળના ભાગે બે ઘા તથા જમણા પગના ગોઠણના ભાગે ઘા મારેલ તથા શરીરે ઢીકાપાટુનો મુઢમાર મારેલ હતો. અને આરોપીએ પોતાના પિતાને કહેલ કે, તું મને જમીનમાં વાવવાની ના પાડીશ તો હુ તને જીવતો નહી રહેવા દઉ. તુ ભલે મારો બાપ હોય પણ હુ તને મારી નાખીશ તેમ જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પિતાએ આરોપી પુત્ર સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

લાઠીના મુળીયાપાટ ગામે શેઢા બાબતે મહિલાને ધમકી આપી

અમરેલી,લાઠીના મુળીયાપાટ ગામે એક મહિલાને ગાળો બોલીને ટાંટીયા ભાગી નાખવાની ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે સંતોકબેન મોહનભાઈ મારુ (ઉં.વ. ૬૫)એ હરજીભાઈ પ્રેમજીભાઈ મારુ તથા પાલુબેન હરજીભાઈ મારુ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ પોતાની વાડીમાં બેઠા હતા તે દરમિયાન બંને આરોપીઓએ આવીને કહ્યું કે, 'તમે બંને જણા શેઢાના ખૂંટા ફેરવી નાખો છો.' જેથી તેમણે આરોપીઓને કહ્યું કે, 'અમે ખૂંટા ફેરવતા નથી.' જેથી બંને આરોપીઓને સારું નહીં લાગતાં જેમ આવે તેમ ભૂંડી ગાળો આપી હતી. ઉપરાંત ઢીકાપાટુનો માર માર્યો હતો તેમજ ટાંટીયા ભાંગી નાખી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સામા પક્ષે હરજીભાઈ પ્રેમજીભાઈ મારુ (ઉં.વ. ૬૦)એ મોહનભાઈ પ્રેમજીભાઈ મારુ તથા સંતોકબેન મોહનભાઈ મારુ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ તથા તેમની પત્ની પોતાની વાડીએ હાજર હતા તે દરમિયાન બંને આરોપીઓએ તેમને 'રસ્તામાં બોરડી કેમ નાખી છે?' તેમ કહી બોલાચાલી કરી હતી. જેથી તેમણે ગાળો આપવાની ના પાડતાં ટાંટીયા ભાગી નાખવાની ધમકી આપી હતી.

સા.કુંડલામાં મહિલાને કોની સાથે ગઈ હતી? કહી મૂંઢમાર માર્યો

અમરેલી,સાવરકુંડલામાં મહિલાને 'કોની સાથે ગઈ હતી?' તેમ કહી મૂંઢમાર મારવામાં આવ્યો હતો. બનાવ અંગે કમળાબેન વાલજીભાઈ હેલૈયા (ઉ.વ.૫૫)એ જીતુભાઈ નાનજીભાઈ બગડા સામે ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદમાં જણાવ્યા મુજબ, ફરિયાદી અને આરોપી અગાઉ સાથે રહેતા હતા અને ચાર દિવસથી જુદા રહેવા ગયા હતા. કમળાબેન તેમના કૂતરા માટે મરેલા મરઘા લેવા ગયા હતા, ત્યારે આરોપીએ આવીને પૂછ્યું હતું કે, 'તું કોની સાથે ગઈ હતી?' જેથી તેમણે 'હું કોઈની સાથે ગઈ નથી' તેમ કહેતાં આરોપીએ ઉશ્કેરાઈને જેમ ફાવે તેમ ગાળો આપી શરીરે ઢીકાપાટુનો મૂંઢમાર મારી ઈજા પહોંચાડી હતી. બનાવ અંગે સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. જે.જે. રાઠોડ વધુ તપાસ ચલાવી રહ્યા છે.